Ahmedabad	Pocket Book Centre	098240 77668	079-25508732
	Vinod Agency	098982 18921	079-25510104
	Mohsin Mansuri	098250 35928	079 - 25350794
Anand	Mistry News Agency	098251 73432	02692 - 251032
	Iliyas Book Stall	091733 95801	
Akola	Vishnu Book Seller	072424 39444	
Baroda	Shreenath News paper	098982 40228	9106956769
Bhuj	Modern Book Centre	9427434752	--
Baroda	A.G. Vora & Co.	098240 95716	--
Bhavnagar	Prem News Agency	094289 90615	
Bharuch	Falgun News Agency	098792 37236	
Gandhidham	A.H. Pandya	098252 37212	02836-220212
Jodhpur	Sarvoday Book Stall	8107589141	0291-26533734
Jamnagar	Paras News Agency	9426453636	2679597
Mehsana	Mahalaxmi Pustak Bhandar	098256 36988	9428458678
	Prakash Book Stall	8849416545	
Mumbai	Ashokbhai	9833831803	
Mumbai -Matunga	Alengo Book Stall	9870277195	--
Navsari	Jaydeep News Agency	098983 59235	
Nadiad	Nadiad Rly. Book Stall	087349 55156	
Rajkot	Thakkar News Aghency	099241 33518	0281-2233518
Surat	Surat Book Centre	0 98790 44220	0261-2431158
Udaipur	Kailash Book Center	098291 36695	0294-2561145
VAPI	Om News Agency	099242 84109	
Valsad	Paresh News Agency	091733 59444	


More detail about Subscription

http://www.smartinvestment.in/subscribe.php?typ=subscribe



SMART
BUY OF THE WEEK

Dark Horse



Dark Horse-1

TALBROS AUTOMOTIVE COMPONENTS LTD

(505160 & NSE) (125.65) (Face Value Rs.10)

Month of Latest High	January 2018
High price	354
CMP	125.65
Discount from high	64.50%



૧ જુન ૨૦૨૦ના રોજ આ સ્ટોક અમે ડાર્ક હોર્સમાં રૂ.૯૨.૫૦માં જણાવ્યો હતો. સ્ટોક અત્યાર સુધીમાં ૪૨ ટકાનું વળતર આપી ચુક્યો છે. સ્ટોકમાં ચાર્ટ ઉપર મજબુત બ્રેકઆઉટ જોવા મળ્યું છે અને સરકાર ઓટો એન્સીલરી સેક્ટર માટે કોઈ ઈન્સેન્ટીવ સ્કીમ જાહેર કરી શકે છે એવી ચર્ચા જોતા એન્સીલરી સ્ટોક્સ ફોકસમાં છે ત્યારે આ સ્ટોક વર્તમાન ભાવથી પણ સારું રીટર્ન આપવા સક્ષમ લાગી રહ્યો છે.

તાલબ્રોસ ઓટોની શરૂઆત ૧૯૫૬માં થઇ હતી. કંપનીએ ઓટોમોટીવ અને ઈન્ડસ્ટ્રીયલ ગેસકેટના ઉત્પાદનની શરૂઆત યુકેની કુપર પાયેન નામની કંપની સાથે જોઈન્ટ વેન્ચરથી કરી હતી. ગેસકેટ સિવાય કંપની ફોર્જીંગ, સસ્પેન્શન સીસ્ટમ અને મોડ્યુલ્સ, એન્ટી વાઈબ્રેશન કોમ્પોનન્ટ અને હોસીસનું ઉત્પાદન કરે છે. કુપર પાયેન સિવાય કંપની જાપાનની નિપોન લીક્નેસ કોર્પોરેશન, ઈટલીની Magneti Marelli, જાપાનની મારુગો રબર જેવી કંપનીઓ સાથે જોઈન્ટ વેન્ચર ધરાવે છે અને જાપાનની સાનવા પેકેજીંગ અને અમેરિકાની ઈન્ટરફેસ સોલ્યુશન સાથે ટેકનોલોજી કરાર ધરાવે છે. *ગેસકેટના માર્કેટમાં કંપની પાસે ૪૦ ટકા માર્કેટ હિસ્સો છે જે આ સેગ્મેન્ટમાં બીજા નંબરના પ્લેયર કરતા ૩ ઘણો વધારે છે.* કંપની ટુ વ્હીલર, પેસેન્જર વેહિકલ, કોમર્શીયલ વેહિકલ, એગ્રી અને ઓફ લોડર સેગ્મેન્ટમાં લગભગ તમામ ઓટો કંપનીઓને પ્રોડક્ટ્સ સપ્લાય કરે છે. કંપની ફરીદાબાદ, બવાલ, સીતારગંજ, હરિદ્વાર, પુણે, માનેસર ખાતે પ્લાન્ટ ધરાવે છે.

કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૨.૩૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૮૬ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૮.૧૬ ટકા અને પબ્લિક ૪૧.૮૪ ટકા હિસ્સો ધરાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીએ રૂ.૩૮૫.૨૯ કરોડના વેચાણ ઉપર રૂ.૧૨.૨૦ કરોડનો નફો અને રૂ.૯.૮૫ની ઈપીએસ હાંસલ કરી છે. છેલ્લા ૫૦ વર્ષોમાં (લીસ્ટીગ પહેલા પણ અને લીસ્ટીગ પછી) કંપનીએ દર વર્ષે ડીવીડન્ડ ચુકવ્યું છે અને નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે કંપનીએ ૧૮ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૨૦ કંપની માટે નબળું રહ્યું હોવા છતાં ૫ ટકા ડીવીડન્ડ જાહેર કર્યું છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૨.૭ના નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઇ રહ્યો છે. જાન્યુઆરી ૨૦૧૮માં શેરનો ભાવ ઉપરમાં રૂ.૩૪૮ થયો હતો જેની સામે હાલમાં ૬૪ ટકા નીચે ક્વોટ થઇ રહ્યો છે.

થોડા સમય પહેલા કંપનીને રૂ.૨૩૪ કરોડનો એક એક્સપોર્ટ ઓર્ડર પણ મળ્યો છે અને કંપની હવે એક્સપોર્ટ માર્કેટ ઉપર પણ મોટપાયે ફોકસ કરી રહી છે જેના લીધે આવનાર સમયમાં કંપનીની નિકાસમાંથી આવક વધતી જોવાઈ શકે છે.

ટેકનીકલી સ્ટોકમાં ડેઈલી અને વીકલી ચાર્ટ ઉપર બ્રેક આઉટ જોવાયું છે. વર્તમાન ભાવથી આ સ્ટોક ડાઉનસાઈડ ખુબજ લીમીટેડ છે. રૂ.૧૧૦ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય. મધ્યમથી લાંબાગાળામાં સારું રીટર્ન મળી શકે છે.

Cont....

Dark Horse-2

FLEX FOODS LTD

(523672) (65.65) (Face Value Rs.10)

High price	169.15
CMP	65.65
Discount from high	61%

૧૯૯૦માં સ્થાપયેલ આ કંપની જાણીતી પેકેજીંગ કંપની યુફ્લેક્સ લીમીટેડની જ ગ્રુપ કંપની છે.

ફ્લેક્સ ફૂડ ફૂડ પ્રોસેસિંગ સેક્ટર સાથે સંકળાયેલી છે અને મોટા પાયે મશરૂમ્સની ખેતી કરીને એની પ્રોડક્ટો બનાવીને નિકાસ કરે છે. કંપની વિવિધ ટેસ્ટમાં અને ફ્લેવર્સમાં મશરૂમ્સની પ્રોડક્ટો બનાવે છે હાલમાં કંપનીએ મશરૂમનું અથાણું પણ બનાવ્યું છે. મશરૂમ સિવાય કંપની કેટલાક ફ્રૂટ્સ અને શાકભાજીની પણ વિવિધ પ્રોડક્ટો બનાવીને તેની નિકાસ કરે છે. કંપની અમેરિકા, યુરોપ, એશિયાના દેશોમાં પ્રોડક્ટો નિકાસ કરે છે. કંપની ઉત્તરાખંડના દહેરાદુન ખાતે પ્લાન્ટ ધરાવે છે તેમજ કંપની ૫૦૦ ખેડૂતો થકી ૨૫૦૦ એકર જમીનમાં ખેતી કરાવે છે જેના માટે કંપની ખેડૂતોને બીજથી લઈને તમામ જરૂરી વસ્તુઓ પૂરી પાડે છે.

કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૨.૪૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૮૨.૨૨ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૫૯.૬૮ ટકા અને પબ્લિક ૪૦.૩૨ ટકા સ્ટેક ધરાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૧ના પહેલા ક્વાર્ટરમાં કંપનીનો ટેક્સ પહેલાનો નફો ૨૬.૬૨ ટકા વધીને રૂ.૩.૯૦ કરોડ થયો છે જયારે કંપનીએ રૂ.૧૭.૩૩ કરોડની આવક ઉપર રૂ.૨.૯૦ કરોડનો નેટ પ્રોફિટ હાંસલ કરીને રૂ.૨.૩૩ની ઈપીએસ દર્શાવી છે. લોકડાઉન છતાં કંપનીના પરિણામો જોતા નાણાકીય વર્ષ ૨૦૨૧ના બાકીના ક્વાર્ટર્સમાં કંપની સુંદર દેખાવ કરી શકે છે.

સ્ટોક તેના જાન્યુઆરી ૨૦૧૮ના હાઈ ભાવ સામે ૬૧ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે અને હાલમાં માત્ર ૧૨ના નીચા પીઈ રેશિયોથી ક્વોટ થઈ રહ્યો છે.

વર્તમાન ભાવે આ સ્ટોક રોકાણ માટે ખુબજ આકર્ષક લાગી રહ્યો છે. રોકાણકારોએ રૂ.૫૫ના સ્ટોપ લોસ સાથે મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Top 15 super hit recommendations of SMART BUY OF THE WEEK (SMART DARK HORSE) since 11th May 20

Recommended Dt.	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
11th May 20	RAMA PHOS	31.7	67.7	114%
8th June 20	KRITI IND	17	35.85	111%
4th May 20	APOLLO MICRO	71	142.9	101%
18th May 20	SREE RAYALASEEMA	98.4	195.7	99%
27th July 20	SHIVA GLOBAL	28.6	47.4	66%
18th May 20	ADVANCED ENZYME	157	244.4	56%
3rd August 20	AGAR IND	81	123.95	53%
6th July 20	TERA SOFTWARE	25	36.5	46%
1st June 20	TALBROS AUTO	92.5	131	42%
1st June 20	WPIL LTD	348.3	479.9	38%
11th May 20	NAVKAR CORP	23.9	32.8	37%
20th July 20	GANESH BENZO	38.45	52.75	37%
20th July 20	REVATHI EQ	405.25	554	37%
10th August 20	TARMAT	34.55	47.5	37%
15th June 20	INDIAN SUCROSE	23.45	31.4	34%

Stock Buzz

Subramanian Mahadevan
dolphincapital@gmail.com



Shipping Corporation of India Limited (Rs. 62.00)

Sailing Safely!

મુંબઇ સ્થિત શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડ (એસસીઆઇ)ની સ્થાપના વર્ષ ૧૯૫૦માં થઇ હતી, જેમાં સરકારની હિસ્સેદારી ૬૩.૭૫ ટકા છે. કંપની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે વેસલ્સનું સંચાલન અને વ્યવસ્થાપન કરે છે. એસસીઆઇ ભારતના કુલ ટનેજમાં આશરે એક તૃતયાંશનું સંચાલન કરે છે તથા શિપિંગ બિઝનેસના તમામ ક્ષેત્રોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટ્રેડમાં કામગીરી અને સેવાઓ પ્રદાન કરે છે. એસસીઆઇ મુખ્યત્વે ત્રણ સેગમેન્ટ્સમાં કામ કરે છે – ઇનર અને પેસેન્જર સર્વિસિસ, બલ્ક કેરિયર્સ અને ટેન્કર્સ અને ટેકનીકલ અને ઓફશોર સર્વિસિસ. લાઇનર સેગમેન્ટમાં બ્રેક બલ્ક અને કન્ટેનર ટ્રાન્સપોર્ટ તથા બલ્ક સેગમેન્ટમાં ટેન્કર્સ (ક્રૂડ અને પ્રોડક્ટ), ડ્રાય બલ્ક કેરિયર્સ, ગેર કેરિયર્સ અને ફોસ્ફરિક એસિડ કેરિયર્સ સામેલ છે. અન્યોમાં ઓફશોર વેસલ્સ, પેસેન્જર વેસલ્સ અને સર્વિસિસ તેમજ અન્ય સંસ્થાઓ વતી શિપ મેનેજમેન્ટની કામગીરી સામેલ છે. એસસીઆઇ ફ્લીટમાં ડ્રાય બલ્ક કેરિયર્સ, વેરી લાર્જ ક્રૂડ કેરિયર્સ (વીએલસીસી) ટેન્કર્સ, ક્રૂડ ઓઇલ ટેન્કર્સ, પ્રોડક્ટ ટેન્કર્સ, કન્ટેનર વેસલ્સ, પેસેન્જર-કમ કાર્ગો વેસલ્સ, ફોસ્ફરિક એસિડ અને કેમિકલ કેરિયર્સ, એલપીજી અને એમોનિયા કેરિયર્સ અને ઓફશોર સપ્લાય વેસલ વગેરે સામેલ છે. એસસીઆઇનું ટેન્કર ડિવિઝન સૌથી મોટું ડિવિઝન છે. કુલ ફ્લીટમાં ટેન્કર ફ્લીટનો હિસ્સો ૫૦ ટકાથી પણ વધુ છે, પરંતુ ટનેજ (ક્ષમતા)ની દ્રષ્ટિએ તે કુલ ડેડ વેઇટ ટનેજ (ડીડબલ્યુટી)માં લગભગ ૮૦ ટકા યોગદાન આપે છે. ખાનગીકરણ માટે સજ્જ શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાએ ઉત્તમ પ્રદર્શન નોંધાવ્યું છે અને તેણે નાણાકીય વર્ષ ૨૦૨૦માં રૂ. ૩૦૨.૩૫ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે, જે પાંચ વર્ષોમાં સૌથી વધુ છે. કોરોના મહામારી વચ્ચે પણ વૈશ્વિક શિપિંગ ઉદ્યોગે સ્થિર માગ અનુભવી છે. સ્થાનિક સ્તરે સૌથી મોટા શિપ લાઇનર શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એસસીઆઇ)એ જૂન ૨૦૨૦માં સમાપ્ત થયેલાં ત્રિમાસિકગાળા માટે સ્વતંત્ર ધોરણે રૂ. ૩૧૭.૪૮ કરોડ (૫૪ ત્રિમાસિકગાળામાં કંપનીનો સૌથી વધુ વધુ ચોખ્ખો નફો)નો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે જૂન ૨૦૧૯માં સમાપ્ત થયેલાં ત્રિમાસિકગાળા માટે રૂ. ૩૯.૩૬ કરોડ હતો. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પ્રથમ ત્રિમાસિકગાળામાં મુંબઇ સ્થિત આ કંપનીની કામકાજમાંથી આવકો ઉછળીને રૂ. ૧,૧૪૩.૪૬ કરોડ થઇ છે, જે અગાઉના વર્ષે સમાન સમયગાળામાં રૂ. ૯૧૮.૯૫ કરોડ હતી. નજીકના સમયગાળામાં ડ્રાય બલ્ક, કન્ટેનર્સ અને ઓફશોર જેવાં મોટા શિપિંગ સેગમેન્ટ્સનો દેખાવ નકારાત્મક રહેવાની સંભાવના વચ્ચે પણ એસસીઆઇ થોડી પીએસયુ પૈકીની એક રહેશે, જે નાણાકીય વર્ષ ૨૦૨૧માં રૂ. ૧૦૦૦ કરોડથી વધુનો ચોખ્ખો નફો નોંધવવાની ક્ષમતા ધરાવે છે. સારી કેશ રિઝર્વ અને મજબૂત બેલેન્સ શીટ સાથે કંપનીનો સ્ટોક આકર્ષક કિંમતે છે, જે બે વર્ષના સમયગાળામાં ઓછામાં ઓછું ૫૦ ટકા વળતર આપવાની સંભાવનાઓ ધરાવે છે.

Technical Trading Trends

- Parag Salot
(SEBI Registered Research Analyst)
M. : 91-9930011789



Nifty Overview :- In Last Trading Session, Nifty closed at 11382. Nifty is on Support / Resistance levels and is kind of stuck at the levels between 11200/11400. Nifty has significantly bounced back from the lower levels and thus feeling pressure. We personally feel that it may move up further to 11600 levels and there may also be some abnormally up move but from there, Nifty will see high selling pressure.

Bank Nifty Overview :- In Last Trading Session, Bank Nifty closed at 22300. If Market has to move up then Bank Nifty has to participate. We expect Bank Nifty to move up till 22800 levels while immediate support is at 21875/21670 levels.

Trading Results

Scrip Name	BSE Code	Buy / Sell	Enter at	Did High/ Low	Remarks
Varroc Eng	541578	Buy	200	352	Target Achieved
Britannia	500825	Buy	3880	3995	Target Achieved
Century Tex	500040	Buy	310	347	Target Achieved
CESC VENT (CVL)	542333	Buy	205	249	Target Achieved
Cummins	500480	Buy	412	469	Target Achieved
Exide	500086	Buy	162	173	Target Achieved
FRetail	540064	Buy	99	136	Target Achieved
ITC	500875	Buy	197	208	Target Achieved
PNB Housing	540173	Buy	215	288	Target Achieved
SH Kelkar	539450	Buy	76	88	Target Achieved
Tata Motors	500570	Buy	120	132	Target Achieved

Trading Buy

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Bank of Baroda	532134	48.6	47/48	50	54	44
Coal India	533278	140	135/140	148	158	127
GIC Hsg Fin	511676	99.8	95/98	105	115	92
Indian Bank	532814	64	62/64	70	75	59
ONGC	500312	81.15	78/81	85	90	76
RBL Bank	540065	185	175/185	195	215	165
Repco Home	535322	146	142/146	155	165	135
Sun Pharma	524715	535	525/535	545	560	515

Trading Sell

Scrip Name	BSE Code	Last Close	Enter at Between	1st Tgt.	2nd Tgt.	Stop Loss
Balkrishna Ind.	502355	1369	1470/1480	1450	1430	149
Divis Labs	532488	3262	3380/3400	3350	3320	3420
Tata Consumer	500800	546	560/565	550	530	577
Wipro	507685	274	285/295	275	255	305

Note: All calls are momentum calls based on technical analysis and all levels as per future prices (If scrip not available in futures then BSE Cash price). All these calls are given based on daily charts but intra-day signals are equally important to enter the trade in a timely manner. Timing is very important and we at shareinfoline.com give you timely calls based on intra-day charts. Read Disclaimer at ShareInfoline.com

TECHNICAL TALK

Dhananjay Kadam
TECHNICAL ANALYST, M. 7588622374



Corrections Are Temporary, Growth Is Permanent

ગત સપ્તાહે ભારતીય શેરબજારમાં સારી કામગીરી જોવા મળી અને નિફ્ટીએ ૧૩ માર્ચ, ૨૦૨૦ બાદ સૌથી ઉંચો સાપ્તાહિક બંધ નોંધાવ્યો છે.

- બજારની સતત આગેકૂચ સાથે મીડ અને સ્મોલ કેપમાં નોંધપાત્ર ગતિવિધિ જોવા મળી છે. શુક્રવારે સેન્સેક્સ ૨૪૧ પોઈન્ટ્સ વધીને ૩૮,૪૩૪.૭૨ તથા નિફ્ટી ૫૯ પોઈન્ટ્સ વધીને ૧૧,૩૭૧.૬૦ના સ્તરે બંધ આવી હતી. બીએસઈ મીડકેપ ૦.૫૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૪૧ ટકા વધ્યો હતો. ઈન્ડિયા વીઆઈએક્સ ૧૯.૯૩ના સ્તરે બંધ રહ્યો હતો.

- રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર શક્તિકાંત દાસે ૨૧ ઓગસ્ટે જણાવ્યું હતું કે, મધ્યસ્થ બેન્ક પાસે વ્યાજદરોમાં ઘટાડો કરવાની હજી પણ સંભાવનાઓ ઉપસ્થિત છે અને વ્યાજદરમાં ઘટાડો થશે નહીં તે નકારાઈ શકાય નહીં. આરબીઆઈ પાસે ઘણાં ટુલ્સ છે, જે દ્વારા અસરકારક કામગીરી સુનિશ્ચિત કરી શકાશે. એક ઈન્ટરવ્યુમાં તેમણે જણાવ્યું હતું કે, હાલના સમયમાં અનિશ્ચિતતા સૌથી મોટો પડકાર છે અને કોવિડ-૧૯ની રસી ઉપર ઘણાં પરિબળો આધારિત છે. આરબીઆઈ માર્કેટ ઉપર નજર રાખી રહી છે અને સ્થિરતા સુનિશ્ચિત કરી રહી છે. કોવિડ-૧૯ની સ્થિતિ હળવી બન્યાં બાદ આર્થિક મોરચે સુધારો જોવા મળી શકે છે.

- આરબીઆઈની મોનેટરી પોલીસી કમીટી (એનપીસી) અંગે જાણકારી આપતાં તેમણે જણાવ્યું હતું કે, અમે નીતિ ઘડવામાં ઘણાં પરિબળોને ધ્યાનમાં લીધા છે. કમીટીએ સીપીઆઈ, કોર સીપીઆઈ, ડબલ્યુપીઆઈ સહિતના ઘણાં પરિબળોને ધ્યાનમાં લઈને નીતિ નક્કી કરી છે. આરબીઆઈ પેનલ નીતિમાં બદલાવની સમીક્ષા કરશે.

- સુપ્રિમ કોર્ટે ૨૧ ઓગસ્ટના રોજ એજીઆર કેસની સુનાવણી કરી હતી. ટેલીકોમ કંપનીઓ એરટેલ, વોડાફોન આઈડિયા અને અન્યોએ કોર્ટને વિનંતી કરી હતી કે તેમને તબક્કાવાર ધોરણે નાણાની ચૂકવણી કરવાની મંજૂરી અપાય. જસ્ટિસ અરૂણ મિશ્રાની અધ્યક્ષતા હેઠળની બેન્ચે સુનાવણી કરી હતી. સુપ્રિમ કોર્ટ ૨૪ ઓગસ્ટથી કાર્યવાહી આગળ ધપાવશે. આ દરમિયાન સર્વોચ્ચ કોર્ટે જણાવ્યું છે કે ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (આઈબીસી) પ્રક્રિયામાં એજીઆરના નાણાની વસૂલાત ન થઈ શકવાની ચિંતા છે.

21/8/2020

BSE:+214(38434) ; NSE:+59(11371)
MID:+84(14953) ; SML:+203(14625)
FII|FPI:+410Cr ; DII: -250Cr
Brent Crude: 44 $; Gold$:1919=INR:51444 ; Silver: 66736 ; $/Rs: 74.84

Cont...

Sarda Energy & Minerals Limited (SEML)

(Last close Rs. 252.35)

આ હોલ્ડિંગ કંપની છે અને ફેરો એલોઈઝના ઉત્પાદન અને નિકાસ કામગીરી સાથે સંકળાયેલી છે. વધુમાં કંપની પેલેટ્સ, સ્પોન્જ આયર્ન, સ્ટીલ બિલેટ્સ, વાયર રો, વાયર અને ફેરો એલોઈઝનું છત્તિસગઢના રાયપુરમાં આવેલા પ્લાન્ટમાં ઉત્પાદન કરીને તેનું વેચાણ કરે છે.

Market Cap: 836.34 Cr. ; Face Value: 10.00 ; 52 weeks High / Low ; 268.50 / 97.50

Book Value: 518.01 ; Stock P/E: 6.97 ; Industry P/E : 27.30 ; Dividend Yield: 2.16 %

ROCE: 7.83 % ; ROE: 6.93 % ; Sales Growth (3Yrs): 11.72 %

* Stock is trading at 0.45 times its book value (undervalued).

Technicals : દૈનિક ચાર્ટ્સ ઉપર બુલિશ ફ્લેગ બ્રેકઆઉટ જોવા મળી રહ્યું છે. રોકાણકારો રૂ. ૩૦૪ના ટાર્ગેટ, રૂ. ૨૩૭ના સ્ટોપલોસ અને ૧૪ દિવસના સમયગાળાને ધ્યાનમાં રાખીને વ્યૂહ અપનાવી શકે છે.

Gujarat Fluorochemicals (Last close Rs. 517.5)

આ કંપની કેમિકલ અને સંલગ્ન પ્રોડક્ટ્સના બિઝનેસમાં કાર્યરત છે. તે પ્લાસ્ટિક્સ અને સ્પેશિયાલિટી કેમિકલ્સ ઓફર કરે છે.

Market Cap: 5,684.74 Cr. ; Face Value : 1 ; 52 weeks High / Low : 750 / 217.35

Stock P/E : 27.28 ; Industry P/E : 21.83 ; Book Value : 336.13 ; ROCE: 9.61 % ; ROE: 5.84 %

Technicals : દૈનિક ચાર્ટ ઉપર બુલિશ ફ્લેગ બ્રેકઆઉટ જોવા મળી રહ્યું છે. આ શેરમાં રૂ. ૫૦૫થી૫૧૭ની રેન્જમાં ખરીદી કરી શકાય. પ્રાઈઝ ટાર્ગેટ રૂ. ૬૦૫ અને સ્ટોપ લોસ રૂ. ૪૯૦ તથા ૧૨ દિવસના સમયગાળા પ્રમાણે વ્યૂહ અપનાવી શકાય.

Deepak Fertilisers and Petrochemicals Corporation

(Last close 162.55)

દિપક ફર્ટિલાઈઝર્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ (પાછલો બંધ રૂ. ૧૬૨.૫૫) – આ કંપની ખાતરનું ઉત્પાદન કરે છે. તેની મુખ્ય પ્રોડક્ટ્સ અને સર્વિસિસમાં નાઈટ્રોફોસ્ફેટ (ખાતર), કોમ્પલેક્સિસ (ખાતર) અને ટીએએનમાં કાર્યરત છે. આ વર્ષે દેશના મોટાભાગના હિસ્સાઓમાં ચોમાસું સારું અને સરેરાશથી વધુ રહ્યું છે. કૃષિ પ્રવૃત્તિઓમાં પણ સારી કામગીરી થઈ છે અને કૃષિ નિકાસ પણ વધવાની અપેક્ષા છે.

કૃષિ મંત્રાલયે ૧૮ ઓગસ્ટે જણાવ્યું હતું કે ભારતની કૃષિ નિકાસો કોવિડ-૧૯ મહામારી વચ્ચે માર્ચથી જૂન ત્રિમાસિકગાળામાં મૂલ્યની દ્રષ્ટિએ ૨૩.૨૪ ટકા વધીને રૂ. ૨૫,૫૫૨.૭ કરોડ થઈ છે. મૂશ્કેલ સમય, લોકડાઉન વચ્ચે પણ ભારતે ફુડ સપ્લાય ચેઈનને જાળવી રાખીને નિકાસ કરી છે. એગ્રોકમિકલ્સ, બિયારણ અને ખાતર ક્ષેત્રની કંપનીઓને લાભ થવાની શક્યતા છે.

Technicals રોકાણકારો રૂ. ૧૫૯-૧૬૯ની રેન્જમાં શેર્સની ખરીદી કરી શકે છે. પ્રાઈઝ ટાર્ગેટ રૂ. ૧૯૨-૨૦૦, સ્ટોપ લોસ રૂ. ૧૫૧ અને ૧૫ દિવસના સમયગાળા પ્રમાણે વ્યૂહ અપનાવી શકાય.

TRADNICAL STRATEGY

Email: nimesh@nimeshthaker.com, M. 9228237373
NIMESH THAKER, BARODA
Sebi Registered NO. : INH000005874



સાવચેતી વ્યૂ સાથે બજારમાં તેજી જોવા મળી શકે..!!!

બધા વાચકોને ગણેશ ચતુર્થીની શુભકામના ...

ગયા અઠવાડિયે, હું પ્રોફિટ બુકિંગની અપેક્ષા કરતો હતો, કારણ કે ઇન્ડિકેટર તે બતાવતા હતા, પરંતુ વૈશ્વિક સંકેતો પર નિફ્ટી માં વધારો જોવા મળ્યો હતો. જો કે, નિફ્ટી ૧૧૪૮૦ ની પ્રતિકારને પાર કરવા માટે સંઘર્ષ કરી રહ્યી છે. છેલ્લા બે અઠવાડિયાથી, નીચા વોલ્યુમ સાથે ભાવમાં વધારો થઈ રહ્યો છે, તે ભાવ વધારાના નબળું સ્વરૂપ છે.

ચાઈનાએ વુહાન કોરોના મુક્ત હોવાનું જાહેર કર્યા બાદ વૈશ્વિક ભાવનાઓ સકારાત્મક છે, કેમ કે ૯ મહિનામાં ચાઈનાએ કોરોના પર નિયંત્રણ મેળવ્યું છે. હું આશા રાખું છું કે અન્ય દેશ પણ ૯-૧૨ મહિના માં આ જ રીતે આગળ વધશે તેથી ડિસેમ્બર પછી જીવન સામાન્ય માર્ગે ચાલશે તેવું માની શકાય.

ટેક્નિકલ ચાર્ટના દૃષ્ટિકોણ પર, મેં ઉપર સૂચવ્યા મુજબ, ટૂંકા ગાળાનું સ્ટકચર નબળું લાગે છે પરંતુ સેન્ટિમેન્ટ્સ સકારાત્મક છે ટૂંકા ગાળાના ટ્રેડર્સ ૧૧૧૪૦ ની નીચે સખત સ્ટોપલોસ સાથે વેપાર કરી શકે છે. જો આ સેન્ટિમેન્ટ્સચાલુ રહેશે તો આપણે ૧૧૫૩૦-૧૧૬૯૦ સુધીના ઉછાળાની અપેક્ષા રાખી શકીએ છીએ. નીચેની તરફ પર ૧૧૨૨૦-૧૧૧૫૦ આગામી સપ્તાહમાં મોટો ટેકો હશે. બેંક નિફ્ટી દૈનિક ચાર્ટ પર તેજીનું સિગ્નલ આપે છે અને આગામી દિવસો માં આપણે અપેક્ષા રાખી શકીએ છીએ કે બેંકનીફ્ટી, નિફ્ટીને પાછળ છોડી દેશે. તેથી, બંધ ધોરણે ૨૧૭૫૦ ની નીચે સ્ટોપલોસ સાથે બેંક નિફ્ટી ખરીદવાની ભલામણ કરો.

ઓપ્શન પોઈન્ટ વ્યૂ, નિફ્ટી ૧૧૨૦૦-૧૧૩૦૦ કોલ ઓપ્શન જેમાં પ્રોફિટ બુકિંગનો સંકેત છે અને ૧૧૫૦૦-૧૧૭૦૦ કોલ ઓપ્શન, ફ્રેશ લોંગ બિલ્ડ અપ બતાવે છે, નિફ્ટી ૧૧૨૦૦-૧૧૪૦૦ પુટ ઓપ્શન ફ્રેશ શોર્ટ બિલ્ડ અપ બતાવે છે, આ ઓપ્શન પોઝિશન સૂચવે છે ટૂંકા ગાળાના ટ્રેડર બજાર માં તેજી ની પોઝિશન લઈ રહ્યા છે.

ઉપરના તમામ ડેટાને ધ્યાનમાં રાખીને, મને લાગે છે કે બજારમાં સેન્ટિમેન્ટ્સ- ટૂંકા ગાળાના ટ્રેડ માં મુખ્ય ભૂમિકા ભજવે છે. મારું દૃષ્ટિકોણ સાવધાની સાથે તેજીનું છે અને ટ્રેડર્સ ને જોખમ સંચાલન પર વધુ ધ્યાન આપવું જોઈએ. હું ૨૨૭૫૦ ની નીચે સ્ટોપલોસ સાથે ૨૩૧૦૦-૨૩૯૦૦ ના લક્ષ્યાંક માટે બેંક નિફ્ટી ખરીદવાની ભલામણ કરું છું.

તમારા ટ્રેડ કે રોકાણ સંબંધિત પ્રશ્નોના રોકાણ માટે, તમે ૯૨૨૮૨૩૭૩૭૩ પર સંપર્ક કરી શકો છો.

MFSL : Buy
Buy Range: 557-545
Target: 600-635 Stop loss : 528
Allocation: 10% of trading capital

વિશાળ વોલ્યુમ સાથે ૫૫૦ ના લેવલ ના રેઝિસ્ટન્સ નું બ્રેક આઉટ જોવા મળ્યુ છે જે મજબૂતી દર્શાવે છે . હું અપેક્ષા રાખું છું કે ટૂંકા ગાળામાં સ્ટોક ૬૦૦-૬૩૫ સુધી પહોંચી શકે છે તેથી બંધ આધારે ૫૨૮ નીચે સ્ટોપ-લોસ સાથે ખરીદવાની ભલામણ છે.

શ્યોર શોટ્સ

- Dilip K. Shah

Prestige Estate (રૂ. ૨૫૦.૦૦) (કોડ : ૫૩૩૨૭૪)

એક સમયે ૨૦૦૭ની તેજીમાં રીયલ એસ્ટેટ સાથે સંકળાયેલી તમામ કંપનીઓમાં માત્ર લેન્ડબેંકના કાગળી વેલ્યુએશને ગાંડી અને ખોટી તેજી થઈ હતી અને આખરે રોકાણકારોને મોટા પાયે નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો ત્યારે હવેની તેજીમાં રોકાણકારો અનેસાથે સાથે ફંડો પણ બેલેન્સશીટ જોઈને જ આ સેગમેન્ટમાં ગણીગાંઠી કંપનીઓમાં રોકાણ કરી રહ્યા છે. પ્રેસ્ટીજ એસ્ટેટ આ ગણીગાંઠી કંપનીઓમાંની એક છે. માર્કેટકેપની દ્રષ્ટીએ આ કંપની ડીએલએફ, ઓબેરોય રીયાલ્ટી, ગોદરેજ પ્રોપર્ટીઝ બાદ ચોથા નંબરની સૌથી મોટી કંપની ગણાય છે. દક્ષિણ ભારતમાં હાજરી ધરાવતી આ કંપનીએ આત્યાર સુધીમાં ૨૧૦ પ્રોજેક્ટો પુરા કરીને ૮૦ મિલિયનસ્કેવર ફૂટ જગ્યા ડેવલોપ કરી છે. કંપની હાલમાં ૫૩ પ્રોજેક્ટોમાં ૫૪ મિલિયન સ્ક્વેર ફૂટ જગ્યા ડેવલોપ કરી રહી છે અને ભવિષ્યમાં ૩૫ પ્રોજેક્ટો શરુ કરીને ૪૮ મિલિયન સ્ક્વેર ફૂટ જગ્યા ડેવલોપ કરવાનું પ્લાનીગ ધરાવે છે. કંપનીમાં પ્રમોટરો ૭૦ ટકાઅને પબ્લિક ૩૦ ટકા સ્ટેક ધરાવે છે. બીએસઈ ખાતે એ ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૪૨૬.૧૫ અને ઘટીને રૂ.૧૩૩.૮૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૦૦૫૭ કરોડ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પહેલા ૩ મહિનામાં કંપનીની આવક રૂ.૧૫૩૮.૭૦ કરોડથી ઘટીને રૂ.૧૨૭૩.૭ કરોડ થઈ છે જયારે કંપનીનો નફો રૂ.૧૧૫.૩ કરોડથી ઘટીને રૂ.૧.૬૦ કરોડ થયો છે. લોકડાઉનની સૌથી ખરાબ અસર રીયલ એસ્ટેટ સેક્ટરમાં જોવા મળી છે પણ મજબુત ફન્ડામેન્ટલ વાળી કંપનીઓને લાંબાગાળે આનો ફાયદો થશે કેમકે નાના પ્લેયર ઓછા થઈ રહ્યા છે. સ્ટોક લાંબાગાળાના એન્ગલથી રોકાણ માટે આર્કષક લાગી રહ્યો છે.

Mahanagar Gas (રૂ. ૧૦૪૩.૦૦) (કોડ : ૫૩૯૯૫૭)

એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને રૂ. ૧૨૪૬ અને ઘટીને રૂ. ૬૬૬ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૨.૫૦ ટકા અને પબ્લિક ૬૭.૫૦ ટકા છે. ૧૯૯૫માં સ્થપાયેલી મહાનગર ગેસ લી. મુંબઈ અને આસપાસના વિસ્તારમાં સીએનજી અને પીએનજીનું વિસ્તરણ કરતી કંપની છે. કંપની ૨૦૦ થી વધારે સીએનજી પંપ ધરાવે છે અને તેમાં સતત વધારો કરી રહી છે. કંપની ૪૪૬૪ કી.મી. પાઈપલાઈનનું નેટવર્ક ધરાવે છે. ૨૦૧૮માં કંપની રૂ. ૪૨૧ ના ભાવે આઈપીઓ લાવી હતી અને લિસ્ટીંગ બાદ ભવિષ્યમાં જોરદાર સુધારો જોવાયો હતો. સીએનજી અને પીએનજીના વપરાશ સતત વધી રહ્યો છે. આગળ જતા પ્રદુષણને કારણે સીએનજીનો વપરાશ વધવાનો જ છે. કંપની જે મુંબઈ જેવા મોટા શહેરોના માર્કેટમાં હાજરી ધરાવે છે તેનો ફાયદો કંપનીને મળશે. રૂ. ૯૫૭૬.૫૧ કરોડનું માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ ગત વર્ષે ૩૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૩.૬૧ ટકા જેટલુ આકર્ષક થવા જાય છે. બુકવેલ્યુ રૂ. ૨૯૮.૯૨ છે. ૩૦ જુન ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ ૬૩.૩૭ ટકા ઘટાડા સાથે રૂ. ૨૭૭.૪૭ કરોડની આવક અને નેટ નફામાં ૭૩.૪૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૫.૨૫ કરોડ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૭૫૭.૪૯ કરોડની આવક ઉપર રૂ. ૧૭૦.૨૪ કરોડનો નેટ પ્રોફિટ હતો. ઈબીઆઈટીડીએ રૂ. ૧૦૪.૫૧ કરોડ અને ઈપીએસ ૪.૫૮ જોવાયોછે. ૩૧ માર્ચ ૨૦૧૯-૨૦ ના વર્ષાંતે કંપનીએ રૂ. ૩૨૬૪.૪૯ કરોડની આવક ઉપર રૂ. ૭૯૩.૫૦ કરોડનો નેટ પ્રોફિટ અને ૮૦.૩૩ ની ઈપીએસ દર્શાવી છે. ઈક્વિટી રૂ. ૯૮.૭૮ કરોડ ચે અને રીઝર્વ રૂ. ૨૮૫૩.૮૯ કરોડ જેટલુ જંગી છે. જે ઈક્વિટી કરતાં ૨૫ ગણું વધુ થવા જાય છે. સતત વિસ્તરણ કરતી, ફંડામેન્ટલી સ્ટ્રોંગ અને ડેબ્ટ ફ્રી આ કંપનીમાં મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરાય.

ION Exchanges (રૂ. ૭૯૩.૦૦) (કોડ : ૫૦૦૨૧૪)

ઈન્ડસ્ટ્રીયલ મશીનરી ક્ષેત્રે કાર્યરત બી ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનોભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૧૦૭૧ અને ઘટીને રૂ. ૫૦૨ જોવાયો છે. આયોન એક્સચેન્જ લીમીટેડ તે ભારતમાં વોટર ટ્રીટમેન્ટમાં પાંચ દાયકાથી અસ્તિત્વ ધરાવતી અને વોટર તેમજ એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટમાં પ્રમુખ કંપની છે. કંપની વોટર અને વેસ્ટ વોટરમાં સ્પેશ્યાલીટી તમામ ક્ષેત્રો ઈન્ફ્રાસ્ટરકચર, ઈન્ડસ્ટ્રીઝ, ઈન્સ્ટીટ્યુશન્સ, મ્યુનિસપલ, હોમ્સ અને કોમ્યુનિટીઝ, શહેરો અને ગામો માટે સંપૂર્ણ વોટર અને પર્યાવરણ - એન્વાર્યમેન્ટ મેનેજમેન્ટ ઓફર કરે છે. કંપની અંકલેશ્વર - ગુજરાત, હોસુર - તામીલનાડુ, પાતાનચેરૂ - તેલગાણાં, રબાલે - મહારાષ્ટ્ર, વરણા - ગોવા, વાડા - થાણે - મહારાષ્ટ્ર, શારજહાં - યુએઈ, બહેરીન ઈન્વેસ્ટમેન્ટ, બહેરીન થકી મેન્યુફેકચરીંગ કરે છે. કંપની વર્ષ ૧૯૬૫થી પોતાની ઈન હાઉસ રિસર્ચ

Cont...

એન્ડ ડેવલપમેન્ટ સવલત ધરાવે ચે. કંપનીના મુખ્ય ગ્રાહકોમાં NTPC, NPC, Reliance, IOCL, JSW, CPCL, L&T, Essar Group, IRCTC, BHEL, Tata Group, Taj Hotels, Holiday In, Hayat, Oberoi Realty, Mitsubishi વિગેરેનો સમાવેશ થાય છે. બુકવેલ્યુ રૂ. ૩૮૨.૨૨ છે. ૩૧ માર્ચ ૨૦૧૯-૨૦ ના વર્ષાંતે કંપનીએ રૂ. ૧૪૦૭.૧૮ કરોડની આવક ઉપર ૪૮.૮૫ ટકા વૃધ્ધિ સાથે રૂ. ૯૯.૧૨ કરોડ અને ઈપીએસ ૮૧.૮૫ હાંસલ કરેલ છે. ૩૦ જુન ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૨૫૯.૭૨ કરોડની આવક ઉપર રૂ. ૨૧.૨૭ કરોડનો નેટ પ્રોફિટ અને રૂ. ૧૭.૩૦ નો ઈપીએસ હાંસલ કરેલ છે. પડકારરૂપ કોરોના મહામારીના લોકડાઉનના સમયગાળાને પગલે આ ક્વાર્ટરમાં આવક અને નફામાં ઘટાડો જોવાયો છે. ૩૧ માર્ચ ૨૦૨૦-૨૧ ના વર્ષાંતે કંપની રૂ. ૧૪૫૨ કરોડની આવક ઉપર રૂ. ૧૩૯.૧૩ કરોડનો નેટ પ્રોફિટ અને ૯૪.૯૦ નો ઈપીએસ નોંધાવે તેવી સંભાવના છે. આ સ્ટોકમાં રાકેશ ઝુનઝુનવાલા ૫ ટકા શેરહોલ્ડિંગ ધરાવે છે. પૂર્ણ વર્ષ ૨૦૨૧-૨૨ ની અપેક્ષિત ઈપીએસ રૂ. ૯૪.૯૦ સામે વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૭.૨૨ ના પીઈ મલ્ટીપલે ટ્રેડ થઈ રહ્યો છે.

S. H. Kelkar (રૂ. ૮૪.૦૦) (કોડ : ૫૩૯૪૫૦)

કંપની ફ્લેવર્સ એન્ડ ફ્રેગનેન્સ સેગમેન્ટમાં સક્રિય છે. બીએસઈ ખાતે બી ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૪૭.૯૫ અને ઘટીને રૂ.૪૭.૬૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૧૯૯ કરોડ છે. કંપનીમાં પ્રમોટરો ૫૯.૯૮ ટકા અને પબ્લિક ૩૭.૬૮ ટકા સ્ટેક ધરાવે છે કંપનીમાં FII ૯.૪૭ ટકા, મ્યુચ્યુઅલ ફંડો ૨.૨૧ ટકા હિસ્સો ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૪૧ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૬૮૩ કરોડનું રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પહેલા ૩ મહિનાની વાત કરીએ તો કંપનીની આવક રૂ.૨૭૪ કરોડથી ઘટીને રૂ.૧૯૩ કરોડ થઇ છે જ્યારે કંપનીનો નફો રૂ.૧૮ કરોડથી ઘટીને રૂ.૧૫ કરોડ થયો છે. કંપનીએ ૩ મહિનામાં રૂ.૧.૧૧ની ઈપીએસ હાંસલ કરી છે. જુન ક્વાર્ટરમાં લોકડાઉનની અસર આ કંપનીના પરિણામોમાં જોવાઈ છે પણ આવાર ક્વાર્ટરથી કંપન સારો દેખાવ કરતી જોવાઈ શકે છે. ખાસ કરીને કંપની આ સેગમેન્ટમાં સૌથી મોટી કંપની ગણાય છે અને કંપનીની બ્રાન્ડ પણ લોકપ્રિય છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૯.૫ ટકાનું ડિવિડન્ડ ચુકવ્યું છે. સ્ટોક તેના ઓલટાઈમ હાઈથી ખાસો નીચે આવી ગયો છે જોકે નીચા મથાળેથી સ્ટોકમાં સારી એવી રીકવરી પણ જોવાઈ છે. નીચા મથાળે કંપનીમાં પ્રમોટરોએ મોટા પાયે શેર્સ લીધા છે જેના લીધે સેન્ટિમેન્ટ ઉપર પોઝીટીવ અસર જોવાઈ છે. સ્ટોકમાં કોઈ પણ ઘટાડામાં રોકાણ કરવા વિચારી શકાય.

Balaji Amines (રૂ. ૮૬૫.૦૦) (કોડ : ૫૩૦૯૯૯)


બાલાજી એમાઈન્સ મીથીલામાઈન્સ, ઈથીલામાઈન્સ, સ્પેસીયાલીટી કેમિકલ્સ ડેરીવેટીઝ અને નેચરલ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે. કંપનીના પ્રોડક્ટો ફાર્મા અને પેસ્ટીસાઇડ સેક્ટરમાં વપરાય છે. કંપની મહારાસ્ટ્ર ખાતે ૨ અને હૈદરાબાદ ખાતે ૧ પ્લાન્ટ ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૬.૪૮ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૬૫૨ કરોડનું જંગી રીઝર્વ છે કંપનીમાં પ્રમોટરો ૫૩.૭ ટકા અને પબ્લીક ૪૬.૩ ટકા સ્ટેક ધરાવે છે. BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૮૮૧.૯ અને ઘટીને રૂ.૨૦૪.૧ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૨૮૦૩ કરોડ છે. ખાસ કરીને કોરોના સ્થિતિ બાદ વિશ્વમાં ચાઈનાની જગ્યાએ દેશો ભારત તરફ નજર દોડાવી રહ્યા છે. નિકાસ વધી રહી છે, ડોમેસ્ટિક સેલ્સ વધી રહ્યા છે તો સાથે પ્રોફિટ માર્જિનમાં પણ મોટો વધારો થઇ રહ્યો છે. આવનાર કેટલાય વર્ષોથી સુધી જાણકારો આ સેક્ટરને હાઈ ગ્રોથ સેક્ટર બતાવી રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના પહેલા ૩ મહિનામાં કંપનીની આવક રૂ.૨૨૩ કરોડથી સામે રૂ.૨૨૩ કરોડ રહી છે જ્યારે કંપનીનો નફો રૂ.૧૯ કરોડથી વધીને રૂ.૩૩ કરોડ થયો છે. કંપનીનું મેનેજમેન્ટ ઇન્વેસ્ટર ફ્રેન્ડલી છે. નાણાકીય વર્ષ ૨૦૧૬ માટે કંપનીએ ૧૦૦ ટકા ડિવિડન્ડ ચુકવ્યું હતું અને નાણાકીય વર્ષ ૨૦૧૭ માટે કંપનીએ ૧૧૦ ટકા ડિવિડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૧૮ માટે ૧૩૦ ટકા ડીવીડન્ડ ચુકવ્યું હતું જયારે નાણાકીય વર્ષ ૨૦૧૯ માટે ૧૪૦ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૧૩૦ ટકાનું વચગાળાનું ડીવીડન્ડ ચુકવ્યું છે અને ૩૦ ટકાનું ફાયનલ ડીવીડન્ડ ચુકવ્યું છે. સ્ટોક લાંબાગાળે ચાર આંકડામાં ટ્રેડ કરવા થનગની રહ્યો છે.

Stock Wave

Sarvesh Ashok Trivedi
(Mumbai) (Mob) 09820728124
www.chartsanketstock.com

ચૂનંદા શેરોમાં ઘટાડે સપોર્ટ મળતો જોવાશે

વાચકમિત્રો, સૌ પ્રથમ તો જૈન વાચક મિત્રોને
''મિચ્છામી દુક્કડ્મ''
જે માફ કરે છે તે જ મિત્રો છે, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું....



BSE Index (૩૮૪૩૪.૭૨) :- ૩૬૯૧૧.૨૩ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૩૮૭૮૮ ઉપર ૩૯૦૦૦, ૩૯૪૦૦ સુધીની શકયતા. નીચામાં ૩૮૩૦૦, ૩૮૨૦૦, ૩૭૯૦૦ સપોર્ટ ગણાય.

Bank Nifty Future (૨૨૩૦૭.૦૦) :- ૨૧૦૮૫.૩૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ તરફ, અઠવાડીક ધોરણે ઓવરસોલ્ડ તરફ તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૨૪૬૭ ઉપર ૨૨૬૮૫, ૨૨૯૨૦, ૨૩૧૪૮ સુધીની શકયતા. નીચામાં ૨૨૦૯૦, ૨૧૭૬૫, ૨૧૬૦૦ સપોર્ટ ગણાય.

Nifty Future (૧૧૩૮૨.૯૦) :- ૧૧૧૧૧ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ઓવરબોટ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૧૪૬૭ ઉપર ૧૧૫૫૦, ૧૧૬૨૦ સુધીની શકયતા. નીચામાં ૧૧૩૫૦, ૧૧૩૦૦, ૧૧૨૦૦ સપોર્ટ ગણાય.

Asian Paints (૧૯૫૮.૦૦) :- ૧૪૮૨.૯૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક ધોરણે ઓવરબોટ તેમજ માસીક ધોરણે ઓવરબોટ તરફની પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૯૭૪ ઉપર ૨૦૦૭, ૨૦૩૮ સુધીની શકયતા. નીચામાં ૧૯૧૮ નીચે ૧૮૮૦ સપોર્ટ ગણાય.

Coal India (૧૩૯.૫૦) :- ૧૨૪.૬૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ઓવરબોટ, અઠવાડીક ધોરણે ન્યુટ્રલ તેમજ માસીક ધોરણે ઓવરસોલ્ડ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૪૨ ઉપર ૧૪૫, ૧૫૧, ૧૫૮ સુધીની શકયતા. નીચામાં ૧૩૪ સપોર્ટ ગણાય.

IGL (૪૧૬.૧૦) :- ૩૮૧ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક ધોરણે ન્યુટ્રલ, અઠવાડીક ધોરણે ઓવરસોલ્ડ તેમજ માસીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૪૧૭ ઉપર ૪૨૨, ૪૨૮ મહત્વની સપાટી ગણાય. નીચામાં ૩૯૫ સપોર્ટ ગણાય.

LIC (૨૭૬.૭૫) :- ૨૫૫.૪૦ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક, અઠવાડીક તેમજ માસીક ધોરણે ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૨૮૭ ઉપર ૨૯૨ અને ૨૯૭ મહત્વની સપાટી ગણાય. નીચામાં ૨૭૦ સપોર્ટ ગણાય.

Pidilite (૧૪૫૬.૫૦) :- ૧૩૦૬.૯૫ ના બોટમથી સુધારા તરફી છે. દૈનિક અને અઠવાડીક ધોરણે ઓવરબોટ તરફ તેમજ માસીક ધોરણે ઓવરબોટથી ન્યુટ્રલ પોઝીશન દર્શાવે છે. ઉપરમાં ૧૪૭૩ ઉપર ૧૫૩૨ સુધીની શકયતા. નીચામાં ૧૪૩૫ નીચે ૧૪૧૧ સપોર્ટ ગણાય.

(ડિસ્ક્લેમર : ઉપરોક્ત અભિપ્રાય ટેકનીકલ એનાલીસીસ આધારીત છે. એમાં લેખકનું કોઈ જ અંગત હિત નથી)

ઈર્શાદ :- ''તે બાદ ખટક દિલમાં રહેશે ન ગુનાહોની
જ્યારે તુ સજા કરશે ત્યારે જ ક્ષમા મળશે'' -'મરીઝ'



Dilip Davda
e-mail
dilip_davda@rediffmail.com

Expert's Eye

તમામ અવરોધો વચ્ચે પણ.....

.....સ્ટોક માર્કેટે આગેકૂચ જાળવી રાખી

ગત સપ્તાહે ભારતીય શેરબજારની કામગીરી સકારાત્મક રહી અને પ્રથણ ત્રણ સેશનમાં આગેકૂચ બાદ ગુરુવારે સાધારણ પીછેહઠ થઈ હતી, જે પછી શુક્રવારે ફરીથી સુધારો હાંસલ કર્યો હતો. આમ ઓગસ્ટ ૨૦૨૦ના ત્રીજા સપ્તાહમાં તમામ અવરોધો વચ્ચે પણ બજારે સુધારો જાળવી રાખ્યો હતો. દેશમાં ચોમાસાની સ્થિતિ મિશ્રિત રહી છે, જ્યાં કેટલાંક હિસ્સાઓમાં વધુ પડતો વરસાદ તો કેટલાંક પ્રદેશોમાં વરસાદ નબળો નોંધાયો છે. લોકડાઉન હળવું કર્યાં બાદ અર્થતંત્રને બળ આપવા માટે સરકાર અને મધ્યસ્થ બેન્કે રાહતો અને નવી નીતિઓની જાહેરાત કરવાનું ચાલુ રાખ્યું છે. એફઆઈઆઈ તરફથી સતત લેવાલીને પરિણામે માર્કેટ ઉંચકાયું છે.

વિતેલા સપ્તાહમાં નિફ્ટી ૧૧૪૬૦.૩૫-૧૧૧૪૪.૫૦ તેમજ સેન્સેક્સ ૩૮૭૮૮.૫૧-૩૭૭૩૪.૧૪ની રેન્જમાં જળવાઈ રહ્યાં હતાં.

સપ્તાહના દરમિયાન નિફ્ટી ૧૯૩.૫૦ અને સેન્સેક્સ ૫૫૭.૩૮ પોઈન્ટ્સ વધ્યો હતો.

સોમવારે બજાર વધ્યાં સ્તરે ખુલ્યાં બાદ બે તરફી મૂવમેન્ટને અંતે પોઝિટિવ બંધ રહ્યું હતું. નિફ્ટી ૬૮.૭૦ પોઈન્ટ્સ વધીને

Cont....

During the week dividend announcement

Britannia Ind. (8300%), Kalyani Forge (10%), Polyplex Corp (320%), Blue Chip Tex (18%), IIFL Wealth (2000%), Beardsell (5%), Shri Jagdamba Poly (25%) etc.

Bonus

Britannia Ind announced bonus debenture valued at Rs. 41.5 against each share held,

Suven Pharma announced bonus shares in the ratio of 1 share for every 1 share held.

Bonus announcement details waited from Shangar Décor.

Surprised bonus announcements

Aarti Drugs announced bonus issue in the ratio of 3 shares for every 1 share held and Shree Ganesh Remedies announced bonus in the ratio of 3 shares for every 26 shares held.

Khemani Distributors has convened board meet on August 22, 2020 to consider bonus issue.

૧૧૨૪૭.૧૦ તથા સેન્સેક્સ ૧૭૩.૪૪ પોઇન્ટ્સ વધીને ૩૮૦૫૦.૭૮ના સ્તરે બંધ આવ્યો હતો. સત્રના પ્રથમ હિસ્સામાં સુસ્ત કામગીરી બાદ ફંડ હાઉસિસ તરફથી અચાનક ખરીદીને કારણે સેન્ટિમેન્ટને બળ મળ્યું હતું. મેટલ, આઇટી, ઓટો, પાવર, કેપિટલ ગુડ્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એફએમસીજી કાઉન્ટર્સના નેતૃત્વમાં આગેકૂચ થઇ હતી, જેને ફેન્સી મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સનો ટેકો મળ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં એજીઆરની સુનાવણી વચ્ચે ટેલીકોમ કાઉન્ટર્સમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. મીડકેપ ઇન્ડેક્સમાં સુસ્ત કામગીરી અને સ્મોક કેપ ઇન્ડેક્સમાં સારી કામગીરી થઇ હતી, જેનાથી માર્કેટ બ્રેથ પોઝિટિવ રહી. એફઆઇઆઇ મુખ્ય ખરીદદાર અને ડીઆઇઆઇ મુખ્ય વેચાણકર્તા હતાં.

મંગળવારે સાવચેતીના અભિગમ સાથે ફ્લેટ ઓપનિંગ બાગ માર્કેટ રેન્જ બાઉન્ડ રહ્યું અને નોંધપાત્ર વધારા સાથે બંધ આવ્યું. નિફ્ટી ૧૩૮.૨૫ પોઇન્ટ્સ વધીને ૧૧૩૮૫.૩૫ તથા સેન્સેક્સ ૪૭૭.૫૪ પોઇન્ટ્સ વધીને ૩૮૫૨૮.૩૨ના સ્તરે બંધ આવ્યો હતો. સિમેન્ટ, મેટલ, ઓટો, બેન્કિંગ કાઉન્ટર્સની આગેવાની સાથે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને કારણે બજારમાં નોંધપાત્ર વધારો થયો હતો. મીડ અને સ્મોલ કેપકાઉન્ટર્સમાં મિશ્ર ટ્રેન્ડ્સ રહ્યાં હતાં. માર્કેટ બ્રેથ પોઝિટિવ રહી અને ઘણાં સ્મોલ કેપ કાઉન્ટર્સમાં વેલ્યુ બાઇંગ નોંધાયું હતું. એફઆઇઆઇ મુખ્ય ખરીદદાર અને ડીઆઇઆઇ મુખ્ય વેચાણકર્તા હતાં.

બુધવારે ગેપ અપ ઓપનિંગ સાથે માર્કેટ ગ્રીન ઝોનમાં રહ્યું, પરંતુ સાધારણ વધારા સાથે ફ્લેટ બંધ રહ્યું. નિફ્ટી માત્ર ૨૩.૦૫ પોઇન્ટ્સ વધીને ૧૧૪૦૮.૪૦ તથા સેન્સેક્સ ૮૬.૪૭ પોઇન્ટ્સ સાધારણ વધીને ૩૮૬૪૧.૭૯ના સ્તરે બંધ આવ્યો હતો. કેપિટલ ગુડ્સ,કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, બેન્કિંગ, ઓટો ફેન્સી કાઉન્ટર્સ સાથે રિલાયન્સમાં મજબૂતાઇને કારણે સૂચકાંકો વધ્યાં હતાં. ફાર્મા, આઇટી અને એફએમસીજી કાઉન્ટર્સ ઉંચા સ્તરે પ્રોફિટ બુકિંગને કારણે ઘટ્યાં હતાં. મીડ અને સ્મોલ કેપ સૂચકાંકોએ બેન્ચમાર્ક્સની

Cont....

Nifty & Sensex Movement during the last week

Nifty	Open	High	Low	Close	Diff
17-Aug-20	11248.9	11267.1	11144.5	11247.1	68.7
18-Aug-20	11259.8	11401.7	11253.15	11385.35	138.25
19-Aug-20	11452.15	11460.35	11394.1	11408.4	23.05
20-Aug-20	11317.45	11361.45	11289.8	11312.2	-96.2
21-Aug-20	11409.65	11418.5	11362.2	11371.6	59.4
		Net	Weekly	Gains	193.2

Sensex	Open	High	Low	Close	Diff
17/08/2020	38,062.07	38,119.38	37,734.14	38,050.78	173.44
18/08/2020	38,084.70	38,571.23	38,062.01	38,528.32	477.54
19/08/2020	38,727.89	38,788.51	38,550.65	38,614.79	86.47
20/08/2020	38,283.90	38,402.45	38,155.78	38,220.39	-394.40
21/08/2020	38,471.93	38,579.83	38,411.37	38,434.72	214.33
		Net	Weekly	Gains	557.38

તુલનામાં સારી કામગીરી નોંધાવી હતી, જેથી માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહી હતી. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.


ગુરુવારે બજારમાં નેગેટિવ ઓપનિંગ થયું અને સમગ્ર સેશનમાં નબળાઈ સાથે ઘટ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી ૯૬.૨૦ પોઈન્ટ્સ ઘટીને ૧૧૩૧૨.૨૦ તથા સેન્સેક્સ ૩૯૪.૪૦ પોઈન્ટ્સ ઘટીને ૩૮૨૨૦.૩૯ના સ્તરે બંધ આવ્યો હતો. આમ અગાઉના ત્રણ સેશનની આગેકૂચ અટકી હતી. બેન્કિંગ, એફએમસીજી કાઉન્ટર્સમાં ઉંચા સ્તરે પ્રોફિટ બુકિંગ તેમજ વૈશ્વિક ટ્રેન્ડ્સની અસર ઘરેલુ બજાર ઉપર વર્તાઈ હતી. મેટલ અને માઈનિંગ, ઓટો કાઉન્ટર્સમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. ફાર્મા કાઉન્ટર્સમાં નવેસરથી સુધારો થયો હતો. ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઘટાડાને કારણે ઓઈલ અને ગેસ કાઉન્ટર્સમાં લેવાલીને બળ મળ્યું હતું. જોકે, મીડ અને સ્મોલ કેપ સૂચકાંકોએ સારી કામગીરી નોંધાવી હતી, જેનાથી માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહી. જોકે, એફઆઈઆઈ અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

શુક્રવારે ગેપ અપ ઓનિંગ બાદ રેન્જ બાઉન્ડ ટ્રેડ સાથે બજાર વધ્યાં સ્તરે બંધ આવ્યું હતું. નિફ્ટી ૫૯.૪૦ પોઈન્ટ્સ વધીને ૧૧૩૭૧.૬૦ તથા સેન્સેક્સ ૨૪૧.૩૩ પોઈન્ટ્સ વધીને ૩૮૪૩૪.૭૨ના સ્તરે બંધ આવ્યો હતો. આમ સૂચકાંકો અનુક્રમે ૧૧૩૦૦ અને ૩૮૪૦૦ના મહત્વપૂર્ણ સ્તરોની ઉપર બંધ રહ્યાં હતાં. વૈશ્વિક બજારોમાં મિશ્ર વલણ વચ્ચે સ્થાનિક બજારમાં સારી કામગીરી થઈ હતી. પાવર, ફાર્મા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, પ્રાઈવેટ બેન્ક કાઉન્ટર્સની આગેવાનીમાં બજાર આગળ વધ્યું હતું. જોકે, મેટલ, ઓઈલ અને ગેસ કાઉન્ટર્સ પ્રોફિટ બુકિંગને કારણે ઘટ્યાં હતાં. મીડ અને સ્મોલ કેપ કાઉન્ટર્સમાં પણ સારી હલચલ વચ્ચે માર્કેટ બ્રેથ્ડ પોઝિટિવ રહી હતી. એફઆઈઆઈ મુખ્ય ખરીદદાર અને ડીઆઈઆઈ મુખ્ય વેચાણકર્તા હતાં.

યુએસ ડોલરની સામે ભારતીય રૂપિયો ૭૪.૮૦ના સ્તરની આસપાસ રહ્યો હતો. બ્રેન્ટ ક્રૂડ બેરલદીઠ ૪૪.૪ યુએસ ડોલરની કિંમત સાથે રેન્જ બાઉન્ડ રહ્યું હતું. નવા સપ્તાહમાં ડેરિવેટિવ એક્સપાયરી, ૩૪૦થી વધુ કોર્પોરેટ પરિણામે સાથે બજારમાં વોલેટાલિટી જોવા મળી શકે છે.

વર્તમાન સ્થિતિને જોતાં નિફ્ટી ૧૧૭૦૦-૧૦૬૦૦ તથા સેન્સેક્સ ૩૯૪૦૦-૩૬૫૦૦ની રેન્જમાં જળવાઈ રહેવાની શક્યતા છે.

DISCLAIMER: No financial information whatsoever published anywhere here should be construed as an offer to buy or sell securities, or as advice to do so in any way whatsoever. All matter published here is purely for educational and information purposes only and under no circumstances should be used for making investment decisions. Readers must consult a qualified financial advisor prior to making any actual investment decisions, based on information published here. Any reader taking decisions based on any information published here does so entirely at own risk. Above information is based on the details available as on the date along with market perceptions. Investors should bear in mind that any investments in stock markets are subject to unpredictable market related risks. (THE AUTHOUR IS SEBI REGISTERED RESEARCH ANALYST)



A. K. Asnani
(M) 9893512098
Smart Verc (Bhopal)
Author of Book
Way to Billionaire

માર્કેટની ગતિવિધિનો અંદાજ લગાવવો મૂશ્કેલ,

લગભગ અશક્ય - ૧

ઘણીવાર માર્કેટ તુટવાની અપેક્ષાએ રોકાણકારો તરલતા પેદા કરતાં હોય છે. હકીકતમાં ગુણવત્તાયુક્ત સ્ટોક્સની અછત હોતી નથી, પરંતુ માર્કેટમાં ઘટાડો થવાની ચિંતાઓ પાછળ રોકાણકારો રોકાણ કરતાં અચકાય છે. રોકાણકારો ભુલી જાય છે કે કંપનીનું વ્યક્તિગત નાણાકીય પર્ફોર્મન્સ જ આખરે શેરની કિંમત નિર્ધારણ માટે મહત્વપૂર્ણ બની રહેશે. જાણકારોનું માનવું છે કે કરેક્શનના કારણે નુકશાન કરવા કરતાં રોકાણકારો સંભવિત કરેક્શનની તૈયારી કરવામાં વધુ નુકશાન કરે છે. રોકાણકારોની અપેક્ષાઓ મૂજબ માર્કેટમાં પીછેહઠ થાય ત્યારે રોકાણકાર મક્કમ રહીને રોકાણ જાળવી રાખે છે, લાલચ કરે છે અથવા થોભો અને રાહ જૂઓની નીતિ અપનાવે છે, તે જોવું મહત્વપૂર્ણ બની રહે છે. મોટાભાગે માર્કેટમાં ઉછાળો આવે ત્યારે રોકાણકાર પાસે તેને જોવા સિવાય કોઇ ઉપાય રહેતો નથી. હકીકતમાં માર્કેટની ગતિવિધિ અંગે સ્પષ્ટ અંદાજ લગાવવો શક્ય નથી અને તે ૫૦-૫૦ રહે છે. કોઇપણ વ્યક્તિ દર વખતે સાચી આગાહી કરી શકે નહીં તેમજ રોકાણકારના અંદાજ મૂજબ માર્કેટની ચાલ સંયોગ કહી શકાય, પરંતુ રોકાણકાર નિષ્ણાંત હોવાનું કહી શકાય નહીં. કોઇપણ વ્યક્તિ ૫૧ ટકા સંભાવના સાથે પણ બજાર અંગે અંદાજ લગાવવા સક્ષમ નથી અને જો આ હકીકત હોત તો તે વિશ્વનો સૌથી ધનાઢ્ય વ્યક્તિ હોત. કમનસીબે આવો કોઇપણ રોકાણકાર વિશ્વના ૧૦૦૦ ધનાઢ્ય વ્યક્તિઓની યાદીમાં નથી. નિષ્ણાંતોનું માનવું છે કે કોઇપણ વ્યક્તિ વ્યાજદરમાં કાપ, અર્થતંત્રની ભાવિ દિશા અથવા શેર માર્કેટ વિશે સચોટ અંદાજ લગાવી શકે નહીં. આ તમામ સંભાવનાઓ અને અંદાજોથી વિપરિત તમે જે કંપનીમાં રોકાણ કર્યું છે તેનું પ્રદર્શન વધુ મહત્વપૂર્ણ બની રહે છે. આથી માર્કેટની ચાલનો અંદાજ લગાવવો જોઇએ નહીં. હંમેશા તમે જે કંપનીમાં રોકાણ કર્યું હોય તેના પ્રદર્શન ઉપર નજર રાખો તથા સારા વળતર માટે ધીરજ રાખો. જો તમે યોગ્ય હોમવર્ક કર્યું હશે તો તમે વહેલા અથવા મોડા વળતર ચોક્કસપણે મળશે.

(Read in the next issue 'Advantaged of remaining fully invested)

Happy Investing!

A. K. Asnani

Author > Advisor > Coach > Mentor > Speaker : 09893512098

smartasn@gmail.com

(investors are advised to act as per their own conviction. Above are only the views of the Author)

Buy... Buy...

IDFC First	30.00
Karnataka Bank	47.00
PTC India	60.00
PFC	101.00
GMDC	50.00
Bliss GVS	140.00
ONGC	81.00
IDFC	28.00
Prism Cement	57.00
Ashok Leyland	69.00

Buy on Dips

Jindal Steel	223.00
KEC Intl.	318.00
Mahindra Log.	373.00
Coal India	139.00
MOIL	150.00
Jubialnt Life	1977.00
Tata Motors	121.00
Sobha	260.00
Delta Corp.	119.00
Mahindra CIE	148.00
Time Techno	45.00

Hold

Balkrishna Ind.	1367.00
BOSCH	14202.00
BASF India	1617.00
Shriram Citi.	982.00
Thermax	816.00
HDFC Bank	1085.00
Laurus Lab.	1141.00
Axis Bank	440.00
IIFL Wealth	1119.00
Zee Enter	192.00
HEG	816.00

Sell on High

Wipro	273.00
Petronet LNG	249.00
Lemon Tree	31.00
Subros	235.00
MCDowell	24.00
ACC	1421.00
Godrej Prop.	858.00
Pidilite	1456.00
Nestle	16556.00
Blue Dart	555.00

ધ્યાનમાં રાખવા જેવા શેરો...

- Siddharth Shah

Infosys (Rs. 948.00) (Code : 500209)

આઈટી ક્ષેત્રની અગ્રણી કંપની ઈન્ફોસીસ લિ.એ ગયા સપ્તાહે ઈન્ફોસીસ કોબાલ્ટ લોન્ચ કર્યું, જે ક્લાઉડ પાવર્ડ એન્ટરપ્રાઈસીસ ટ્રાન્સફોર્મેશન માટે ફોર્સ મલ્ટીપ્લાયર તરીકે કામ કરતા સર્વિસીસ, સોલ્યુશન્સ, અને પ્લેટફોર્મર્સનું સંયોજન છે. ઈન્ફોસીસ કોબાલ્ટ એન્ટરપ્રાઈઝીસને બિઝનેસીસ નવેસરથી ડિઝાઈન કરવામાં મદદરૂપ થશે. કંપનીએ પીએએએસ, એસએએએસ અને આઈએએએસ લેન્ડસ્કેપમાં જાહેર, ખાનગી અને હાઈબ્રિડ ક્લાઉડમાં સીમલેસ અનુભવ પૂરો પાડવા નવી ક્લાઉડ-ફર્સ્ટ કેપેબિલિટીસ પણ ઊભી કરે છે. ડિજિટલ પ્રવૃત્તિના વિસ્ફોટથી કોર, ક્લાઉડ અપનાવવા અને ડિજિટલ ક્ષમતાઓ ઊભી કરવાની પ્રવૃત્તિઓને વેગ મળ્યો હોવાથી ભારતીય આઈટી ઉદ્યોગ અપસાઈકલના તળીયે છે. ઈન્ફોસીસ આ ક્ષેત્રની સૌથી મોટી કંપનીઓમાંની એક છે અને તે આ તકોનો સારી રીતે લાભ ઊઠાવી રહી છે તથા ટોચની કંપનીઓમાંની એક રહી છે. ૩૦મી જૂન, ૨૦૨૦ના રોજ સુધી કંપનીમાં પ્રમોટર્સનો હિસ્સો ૧૩.૨ ટકા છે જ્યારે એફઆઈઆઈ ૩૦.૫ ટકા, ડીઆઈઆઈ ૨૫.૪ ટકા અને પબ્લિક તથા અન્યોનો હિસ્સો ૩૧ ટકા છે. ફંડ્સે જુલાઈમાં વ્યાપક સ્તરે આ સ્ટોક ખરીદ્યો છે. તેમની સાથે જોડાઓ.

Gillette India (Rs. 5346.00) (Code : 507815)

જિલેટ ઈન્ડિયા ૨૬મી ઑગસ્ટે પરિણામો જાહેર કરવાની હોવાથી આગામી સપ્તાહે કંપની લાઈમલાઈટમાં આવશે. જિલેટ ઈન્ડિયા લિ.ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક ૨૬ ઑગસ્ટ ૨૦૨૦ના રોજ યોજાવાની છે અને તેમાં તેઓ જૂન ૩૦, ૨૦૨૦ના નાણાકીય વર્ષના નાણાકીય પરિણામો અને સ્ટેટમેન્ટ્સને મંજૂરી આપશે તેમ મનાય છે તથા ડિવિડન્ડની પણ ભલામણ કરી શકે છે. માર્ચ ૨૦૧૯ના ત્રીજા ક્વાર્ટરની સરખામણીમાં માર્ચ ૨૦૨૦ના ત્રીજા ક્વાર્ટરમાં સ્ટેન્ડઅલોન ધોરણે જિલેટ ઈન્ડિયાનો નેટ પ્રોફિટ ૪૦.૩૧ ટકા ઘટીને રૂ. ૫૨.૩૮ કરોડ થયો છે અને નેટ વેચાણ ૧૨.૭ ટકા ઘટીને રૂ. ૪૦૬.૫૭ કરોડ થયું હતું. દરમિયાન ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી)એ જિલેટ ઈન્ડિયાનો ૦.૦૫૨ ટકા હિસ્સો અથવા ૧૭,૦૦૦ ઈક્વિટી શૅર્સ ખરીદ્યા છે. આ ટ્રાન્ઝેક્શન પછી જિલેટ ઈન્ડિયામાં એલઆઈસીનો હિસ્સો અગાઉના ૪.૯૭૩ ટકા કરતાં વધીને ૫.૦૨૫ ટકા થઈ જશે. આ સોદો ૧૮મી ઑગસ્ટ ૨૦૨૦ના રોજ ઓપન માર્કેટ મારફત થયો હતો. જિલેટ ખૂબ જ મજબૂત અને અપીલિંગ બ્રાન્ડ છે. ખરીદો.

Abbott India (Rs. 16845.00) (Code : 500488)

અબોટ ઈન્ડિયાએ નવા ઉત્પાદનો અને અફોર્ડેબલ દવાઓ લોન્ચ કરતાં તેમજ કંપનીના ડાયરેક્ટ ટચ પ્રોગ્રામ્સના પગલે કંપનીનો બ્રાન્ડેડ બિઝનેસ ૧.૫૮ - ૧.૮૮ વિકસ્યો છે. તેના થેરપી લીડિંગ પ્રોડક્ટ્સ (બ્રાન્ડેડ) અને ઈન્સ્યુલિન ઉત્પાદનો એકંદર આવકમાં અનુક્રમે ૬૨ ટકા અને ૩૮ ટકા હિસ્સો ધરાવે છે. ઉપરાંત અબોટે સ્થાનિક બજારમાં ઈન્સ્યુલિન ઉત્પાદનો માટે નોવો-નોર્ડિસ્ક સાથે કરાર કર્યા છે. તેનો બ્રાન્ડેડ બિઝનેસીસની ટોપલાઈન અને ઈબીઆઈટીડીએ આગામી ત્રણ વર્ષના સમયમાં અનુક્રમે ૧૨.૬ ટકા અને ૧૩ ટકા સીએજીઆર નોંધાવે તેવી અપેક્ષા છે. એઆઈએલ સ્થિર ફ્રી કેશ ફ્લો જનરેટ કરે છે, જે મજબૂત નફાકારક્તા અને લઘુત્તમ કેપેક્સ પર એકંદર ઈબીઆઈટીડીએના આધારે ૬૫ ટકા છે. પેરેન્ટ કંપની તમામ આરએન્ડડી ખર્ચ કરે છે, તેથી ઉપરોક્ત પરિબળોના આધારે એઆઈએલ ઊંચું એસેટ ટર્નઓવર ધરાવે છે. રોકાણ કરો.

LUX Industries (Rs. 1375.00) (Code : 539542)

લક્સ ઈન્ડસ્ટ્રીઝ હોઝિયરી બિઝનેસીસમાં સૌથી મોટી કંપનીઓમાંની એક છે અને સંગઠિત ઉદ્યોગમાં તેનો બજાર હિસ્સો અંદાજે ૨૦ ટકા જેટલો છે. તેના ઉત્પાદનોમાં વિવિધ રંગો તથા ડિઝાઈન્સમાં પુરુષો, મહિલાઓ અને બાળકોના ઈનરવેર, વિન્ટરવેર, મોજાં

Cont...

અને મહિલાઓ માટે સ્લેક્સનો સમાવેશ થાય છે . લક્સ ઈન્ડસ્ટ્રીઝે નાણાકીય વર્ષ ૨૧ના પહેલા ક્વર્ટરમાં ૬૪ ટકાના ઊછાળા સાથે રૂ. ૩૦.૮ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો જયારે તેની આવક ૬ ટકા ઘટીને રૂ. ૨૪૭.૨ કરોડ થઈ હતી. જૂન ૨૦૨૦ના પહેલા ક્વાર્ટરમાં ઈબીઆઈટીડીએ ૩૪ ટકા વધીને રૂ. ૪૭ કરોડ થયો હતો, જે જૂન ૨૦૧૯ના પહેલા ક્વાર્ટરમાં રૂ. ૩૫.૨ કરોડ હતો. સમાન સમયમાં ઈબીઆઈટીડીએ માર્જિન ૧૯ ટકા વધ્યું હતું. વર્ષ દરમિયાન કંપનીએ તેના બ્રાન્ડિંગ અને જાહેરાતોનો ખર્ચ તેની આવકમાંથી ૪-૬ ટકા જાળવી રાખવાની યોજના બનાવી છે. સ્થાનિક બજારમાં કંપનીને સારું વોલ્યુમ મળી રહ્યું છે અને પહેલા ક્વાર્ટરમાં વોલ્યુમમાં પણ આંશિક ઘટાડો જોવા મળ્યો હતો. ખરીદો.

Divis Laboratories (Rs. 3247.00) (Code : 532488)

ડીવીસ લેબોરેટરીઝના સ્ટોકમાં તાજેતરના મહિનાઓમાં વ્યાપક રેલી જોવા મળી છે. સ્ટોક ગયા શુક્રવારે ૨૧મી ઑગસ્ટે રૂ. ૩૩૩૩ની તેની બાવન સપ્તાહની ટોચે પહોંચ્યો હતો. ડીવીસ લેબ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ બેન્ચમાર્ક નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં પ્રવેશ કરશે તે બાબત જાહેર થઈ જ ગઈ છે. તેથી સ્ટોક થોડોક સમય માટે લાઈમલાઈટમાં રહેશે. ડીવીસ લેબોરેટરીઝ એપીઆઈ (એક્ટિવ ફાર્માસ્યુટિકલ્સ ઈન્ગ્રેડિયન્ટ્સ), ઈન્ટરમીડિયેટ્સનું ઉત્પાદન કરે છે અને ૯૫ ટકાથી વધુ દેશોમાં ઉચ્ચ ગુણવત્તાના ઉત્પાદનો ઓફર કરે છે. નાણાકીય વર્ષ ૨૧ના પહેલા ક્વાર્ટરમાં ડિવિસ લેબોરેટરીઝનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ ૮૧ ટકા ઊછળીને રૂ. ૪૯૨ કરોડ થયો હતો. કંપનીની કુલ આવક ૪૭ ટકા વધીને રૂ. ૧૭૪૮ કરોડ રહી હતી. ડિવિસ લેબ ક્વાર્ટર દરમિયાન સામાન્ય કામગીરીની નજીક પહોંચી જવા સક્ષમ બની છે અને કોવિડ-૧૯ મહામારીની તેના પર બહુ ઓછી અસર જોવા મળે છે. કંપનીએ કોન્ટ્રાક્ટર્સના ટેક્નીશિયનોના ફરજ પર હાજર થવા અને સ્થળ પર મટિરિયલ્સની આવકના સંદર્ભમાં નોંધપાત્ર સુધારો દર્શાવ્યો છે. કંપની નાણાકીય વર્ષના બીજા છ માસમાં કેપેક્સ પ્રોગ્રામ પૂરો કરશે તેવી અપેક્ષા છે. ખરીદો.

Sterlite Techno (Rs. 148.00) (Code : 532374)

સ્ટરલાઈટ ટેક્નોલોજીસ : સીએલએસએએ બાય રેટિંગ સાથે સ્ટોક પર કવરેજ શરૂ કરતાં અને વડાપ્રધાન મોદીએ આગામી ૧,૦૦૦ દિવસમાં ભારતમાં પ્રત્યેક ગામડામાં ઓપ્ટિકલ ફાઈબર ઈન્ટરનેટ પહોંચાડવાનું વચન આપ્યા પછી સ્ટરલાઈટ ટેક્નોલોજીસનો સ્ટોક ગયા સપ્તાહે ૧૫ ટકાથી વધુ ઊછળ્યો હતો. સીએલએસએએ જણાવ્યું હતું કે સ્ટરલાઈટ ટેક્નોલોજીસે ઝડપથી ઉત્પાદનમાંથી ડિજિટલ નેટવર્ક સર્વિસીસમાં પરિવર્તન કર્યું છે. ફોરેન બ્રોકરેજીસનું કહેવું છે કે સ્ટરલાઈટની આવક નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ અને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની સરખામણીમાં બમણી થઈને ૫,૧૫૦ કરોડ થઈ છે અને તેણે અંદાજે ૨૦ ટકાનું રિટર્ન આપ્યું છે. કંપની રૂ. ૧૦,૩૦૦ કરોડની મજબૂત ઓર્ડર બૂક ધરાવે છે એન તેણે રૂ. ૧૦,૧૦૦ કરોડના બીડ્સમાં ભાગ લીધો છે તેમ સીએલએસએએ જણાવ્યું હતું. બ્રોકરેજે રૂ. ૧૮૫ની ટાર્ગેટ પ્રાઈસ સાથે સ્ટોક પર કવરેજ શરૂ કરવા પાછળ આકર્ષક વૃદ્ધિ અને વેલ્યુએશન્સ જેવા પરિબળોને ટાંક્યા છે. કંપની કોવિડ-૧૯ની લાભાર્થી છે અને નાણાકીય વર્ષ ૨૩ સુધીમાં આવક નાણાકીય વર્ષ ૨૦ કરતાં બમણી કરવાનો મેનેજમેન્ટનો ટાર્ગેટ છે. ખરીદો.

માર્કેટ ટીપ્સમાં ફરતાં શેરો....

- Het Zaveri

IIFL Wealth (Rs. 1119.00) (Code : 542772)

આઈઆઈએફએલ વેલ્થ મેનેજમેન્ટ : આઈઆઈએફએલ વેલ્થ મેનેજમેન્ટના બોર્ડે તેમની બુધવાર (૧૯મી ઑગસ્ટ)ની બેઠકમાં પ્રત્યેક રૂ.૨ની ફેસવેલ્યુના પ્રત્યેક ઈક્વિટી શૅર પર રૂ. ૪૦ના વન-ટાઈમ સ્પેશિયલ ડિવિડન્ડની જાહેરાત કર્યા પછી ગયા સપ્તાહે કંપનીનો શૅર ઊછળ્યો હતો. આ હેતુ માટેની રેકોર્ડ તારીખ ૨૭મી ઑગસ્ટ ૨૦૨૦ છે. શૅરધારકોને ૨૮મી ઑગસ્ટ ૨૦૨૦ના રોજ અથવા ત્યાર પછી ડિવિડન્ડ ચૂકવાઈ શકે છે. બજાર ભાવના આધારે ડિવિડન્ડ યીલ્ડ ૩.૪૯ ટકા થયું છે. આઈઆઈએફએલ વેલ્થ ભારતમાં એક ખાનગી વેલ્થ મેનેજમેન્ટ કંપની છે. તે ગ્રાહકોની જરૂરિયાત મુજબ વેલ્થ મેનેજમેન્ટના ઉકેલની વ્યાપક રેન્જ મારફત હાઈ નેટવર્થ અને અલ્ટ્રા-હાઈ નેટ વર્થ ધરાવતા લોકો, સમૃદ્ધ પરિવારો, પારિવારિક ઓફિસો અને સંસ્થાગત ક્લાયન્ટ્સની જરૂરિયાતો પૂરી કરે છે. સમગ્ર વિશ્વમાં મૂડી બજાર જંગી લિક્વિડિટી પર રાઈડ કરી રહ્યું છે ત્યારે કંપનીને તેનો મહત્તમ લાભ થશે. ખરીદો.

SUN TV (Rs. 474.00) (Code : 532733)

સન ટીવી વર્તમાન સ્તરે ખરીદી માટે એક સારો સ્ટોક છે. આઈઆઈએફએલના શ્રી સંજિવ ભસીનના જણાવ્યા મુજબ આ સ્ટોકમાં અસાધારણ લાભ થવાની સંભાવના છે. સન ટીવીનો ઈબીઆઈટીડીએ ૬૮ ટકા છે અને તમિલ બજારમાં તેનો બજાર હિસ્સો વધ્યો છે. ઓટીટી સેગ્મેન્ટમાં હાલ ઘણું આકર્ષણ જોવા મળી રહ્યું છે અને હવે ઓટો, ડિસ્ક્રિશનરી અને ફાર્મામાંથી જાહેરાતની આવકો ફરી શરૂ થઈ છે. સન ટીવી હજી પણ ૧૦ ગણા ઓછા અને રિલાયન્સ અથવા ઝીની સરખામણીમાં નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. તે હજી ઘણો જ તર્કસંગત સ્ટોક છે. સન ટીવી રૂ. ૩૦૦ કરોડની રોકડ સાથે ઘણી સારી લિક્વિડિટી સ્થિતિ ધરાવે છે. તેનાથી લૉકડાઉનની વર્તમાન કટોકટીમાં તેને મજબૂત સ્થિતિ જાળવી રાખવામાં મદદ મળશે અને તે સન એનએક્સટી પ્લેટફોર્મમાં વ્યાપક રોકાણ કરશે. ૩૦મી જૂન, ૨૦૨૦ સુધીમાં કંપનીમાં પ્રમોટર્સનો હિસ્સો ૭૫ ટકા છે જ્યારે એફઆઈઆઈ ૧૦.૩ ટકા, ડીઆઈઆઈ ૫.૬ ટકા અને પબ્લિક તથા અન્યોનો હિસ્સો ૯.૧ ટકા છે. ખરીદો.

National Peroxide (Rs. 1969.00) (Code : 500298)

નેશનલ પેરોક્સાઈડ (એનપીએલ) પેરોક્સીજેન રસાયણો માટે ભારતની અગ્રણી કંપની છે અને ભારતમાં હાઈડ્રોજન પેરોક્સાઈડની સૌથી મોટી ઉત્પાદક છે. કંપનીએ નાણાકીય વર્ષ ૧૮માં રૂ. ૨૦૦ કરોડની રેન્જમાં કેપેક્સનું આયોજન કર્યું હતું. આ વિસ્તરણનો આશય ૯૫,૦૦૦ ટીપીએની વર્તમાન ક્ષમતાને વધારીને ૧,૫૦,૦૦૦ ટીપીએ કરવાનો હતો. હાઈડ્રોજન પેરોક્સાઈડ બ્લિચિંગ, કેમિકલ સિન્થેસિસ, એન્વાયરમેન્ટલ કંટ્રોલ, એફલુઅન્ટ ટ્રીટમેન્ટ, સ્ટરીલાઈઝેશન વગેરે માટે વિવિધ ઉદ્યોગોમાં ઉપયોગમાં લેવાતું ઉચ્ચ સ્તરનું વર્સેટાઈલ કેમિકલ છે. હાઈડ્રોજન પેરોક્સાઈડનું સૌથી મહત્વનું એક ઘટક તત્વ 'એક્ટિવ ઓક્સીજન' છે, જે ઉપર મુજબના અંતિમ વપરાશની સુવિધા પૂરી પાડે છે. ઓક્સીજનની માગ ખૂબ જ વધી છે. કંપનીને તેનો લાભ મળશે. ભારતમાં ઓટો ઓક્સિડેશન પ્રક્રિયાના ઉપયોગથી નેશનલ પેરોક્સાઈડ લિમિટેડ દ્વારા નિર્દિષ્ટ આંતરરાષ્ટ્રીય માપદંડોના આધારે હાઈડ્રોજન પેરોક્સાઈડનું ઉત્પાદન થાય છે. કંપની 'કોમ્પ્રેસ્ડ હાઈડ્રોજન ગેસ' અને 'પર એસેટિક એસીડ'નું પણ ઉત્પાદન કરે છે. સ્ટોકમાં ૮મી જૂન ૨૦૨૦ના રોજ રૂ. ૨૩૭૦ની બાવન સપ્તાહની ટોચે પહોંચ્યા પછી કરેક્શન આવ્યું છે. આ તક ઝડપી લો અને ગયા શુક્રવારે રૂ. ૧૯૭૦ના વર્તમાન બજાર ભાવે ખરીદો.

સ્માર્ટ ટીપ્સ

Smita N. Zaveri

Lincoln Pharma (રૂ. ૨૪૫.૦૦) (કોડ : ૫૩૧૬૩૩)

ફાર્માસ્યુટીકલ્સ ક્ષેત્રે કાર્યરત બી ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. કંપનીએ છેલ્લા થોડા વર્ષોમાં અનેક પ્રોડક્ટો લોન્ચ કરી છે જેમાંથી કેટલીક પ્રોડક્ટો આજે માર્કેટમાં સારી ડીમાંડ ધરાવે છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૨૫૪ અને ઘટીને રૂ.૮૫ જોવાયો છે. કંપનીમાં પ્રમોટરો ૩૨.૩૬ ટકા અને પબ્લિક ૬૭.૬૪ ટકા સ્ટેક ધરાવે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૦ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૨૯૩ કરોડનું રીઝર્વ છે. કંપનીએ કોન્સોલીડેટ બેઝ ઉપર નાણાંકીય વર્ષ ૨૦૨૧ ના પ્રથમ ક્વાર્ટરમાં કુલ આવકમાં લગભગ ૮ ટકા ઉછાળો દર્શાવી ૧૦૫.૫૯ કરોડ દર્શાવ્યો છે જે ગત સમાનગાળામાં રૂ. ૯૮.૧૦ કરોડ હતી. કંપનીનો નેટ નફો જુન ક્વાર્ટરમાં પાછલા સમાનગાળામાં ૧૨.૬૭ કરોડ હતો તે ૨૧ ટકા વધી ૧૫.૨૬ કરોડ થયો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં કંપનીના નેટ નફાનો ગ્રોથ ૨૬ ટકાના સીએજીઆરથી જોવાયો છે. ૩૧ માર્ચ ૨૦૧૯-૨૦ ના વર્ષાંતે સ્ટેન્ડએલોન બેઝ ઉપર કંપનીએ રૂ. ૩૭૬.૦૯ કરોડની આવક ઉપર રૂ. ૪૯.૫૬ કરોડનો નેટ પ્રોફિટ અને ૨૪.૭૮ નો ઈપીએસ નોંધાવ્યો છે. માર્કેટકેપ રૂ. ૫૦૧ કરોડ, બુકવેલ્યુ રૂ. ૧૫૨.૨૫ છે. ગત વર્ષે કંપનીએ ૧૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ઈક્વિટી રૂ. ૨૦ કરોડ અને રીઝર્વ રૂ. ૨૮૪.૫૦ કરોડ જેટલુ જંગી છે. કંપનીએ કેટલીક નવી પ્રોડકટ લોંચ કરી છે એટલુ જ નહીં યુરોપમાં નિકાસ માટે પણ મંજુરી મળી છે. કંપનીની કામગીરી સારી રીતે સુધરી રહી છે. ફાર્મા સેક્ટર ફ્લેવરમાં છે અને આવનાર સમયમાં ફાર્મા સેક્ટર હજુ સારો દેખાવ કરી શકે છે ત્યારે આ સ્ટોકમાં તબક્કાવાર રોકાણ માટે વિચારી શકાય. ટુંકાથી મધ્યમગાળે રૂ. ૩૦૦ ની સપાટી કુદાવવા સજ્જ બન્યો છે.

Bajaj Consumer (રૂ. ૧૮૪.૦૦) (કોડ : ૫૩૩૨૨૯)

પર્સનલ પ્રોડકટ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૨૭૦ અને ઘટીને રૂ. ૧૧૭ જોવાયો છે. અગાઉ બજાજ કોર્પ. લી. ના નામે ઓળખાતી બજાજ ગ્રુપની આ કંપની હાલમાં સુગર કન્ઝ્યુમર ગુડઝ, પાવર જનરેશન અને ઈન્ફ્રા ડેવલપમેન્ટ ક્ષેત્રે કાર્યરત છે. ૨૦૦૬માં સ્થપાયેલ આ કંપની ૨૦૧૦માં આઈપીઓ સાથે મુડીબજારમાં પ્રવેશી હતી. શિશીર બજાજ ગ્રુપની આ બીજા ક્રમની સૌથી મોટી કંપની છે. મુખ્ય બ્રાન્ડ પ્રોડકટસમાં બજાજ બ્રાહ્મી આમલા, બજાજ આમલા, બજાજ શીકાકાઈ, બજાજ જાસ્મીન હેર ઓઈલનો સમાવેશ થાય છે. ઉપરાંત ઓરલ કેર પ્રોડકટસ બજાજ રેડ કાલા દંતમંજનનું ઉત્પાદન વેચાણ કરે છે. કંપનીએ ૩૧ માર્ચ ૨૦૨૦ વર્ષાંતે ૮૫૨.૨૧ કરોડની આવક, ૨૯.૯૧ કરોડની અન્ય આવક ઉપર રૂ. ૧૮૪.૭૭ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. કંપનીએ ૧૪.૭૫ કરોડની ઈક્વિટી ઉપર રૂ. ૧૨.૫૨ નો ઈપીએસ હાંસલ કર્યો છે. ઓપરેટીંગ પ્રોફીટ માર્જીન ૨૭.૫૮ ટકા અને નેટ પ્રોફિટ માર્જીન ૨૧.૬૮ ટકા રહ્યા છે. આ સાથે કંપનીએ ૨૦૦ ટકા ડિવિડંડ જાહેર કર્યું હતું. જુન ૨૦૨૦ ના ક્વાર્ટરમાં કંપનીએ ૧૯૬.૦૬ કરોડની આવક ઉપર રૂ. ૧૦.૫૬ કરોડની અન્ય આવક સાથે રૂ. ૫૪.૧૯ કરોડનો નેટ પ્રોફિટ અને ૩.૬૭ નો ઈપીએસ હાંસલ કર્યો હતો. ઓપરેટીંગ પ્રોફીટ માર્જીન ૨૪.૪૨ ટકા અને નેટ પ્રોફિટ માર્જીન ૨૭.૬૪ ટકાના જોવાયા હતા. કંપની હાલમાં કુલ ૬ ઉત્પાદન કેન્દ્રો ધરાવે છે. તેમાં ત્રણ પ્લાન્ટ થર્ડ પાર્ટી થ્રુ કાર્યરત છે. કંપની ફલીપકાર્ટ અને ગ્રોફર્સ ચેનલ્સ દ્વારા (ઈકોમર્સ) પ્રોડકટસનું વેચાણ કરે છે. કંપની હસ્તક ૫૦૦ કરોડનું કેશ રીઝર્વ છે. બુકવેલ્યુ ૪૫.૯૦ છે. પ્રમોટર્સ સ્ટેક ૩૮.૦૪ ટકા છે. ઈન્વેસ્ટર ફ્રેન્ડલી આ કંપની ચાલુ વર્ષની રૂ. ૨૦ ની અંદાજીત ઈપીએસના ૧૫ ના પીઈ મલ્ટીપલમાં ટ્રેડ થઈ રહી છે જે ટુંકાગાળે ૨૦૦ ની સપાટી કુદાવી મધ્યમથી લાંબાગાળે ૨૫૦ ના લેવલને સ્પર્શતો જોવાય.

Motherson Sumi (રૂ. ૧૧૭.૦૦) (કોડ : ૫૧૭૩૩૪)

ઓટોપાર્ટસ ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૧૫૧ અને ઘટીને રૂ. ૪૮ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૬૧.૭૩ ટકા અને પબ્લિક ૩૮.૨૭ ટકા છે. મધરસન સુમી દેશની સૌથી મોટી ઓટો એન્સીલરી કંપની છે. નવી દિલ્હી ખાતે હેડક્વાર્ટર ધરાવતી આ કંપની ઓટોમોટીવ સેક્ટનરે કોમ્પોનન્ટ, મોડ્યુલ્સ અને સિસ્ટમ્સ સપ્લાય કરતી અગ્રણી કંપની છે. કંપનીના બિઝનેસ પોર્ટફોલિયોમાં ઈનકોમ્પેસીસ ઈલે. ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ્સ (ઈડીએસ), પોલીમર પ્રોડકટસ અને કમ્પીટ મોડ્યુલ સીસ્ટમ્સનો સમાવેશ થાય છે. કંપની ઈન્ડિયન ઓટોમોટીવ સેક્ટરને (ઈડીએસ) સપ્લાય કરતી સૌથી મોટી કંપની ગણાય છે. હાલમાં કંપની ૨૫૦ મેન્યુ. ફેસીલીટી સાથે આ દેશોમાં મજબુત હાજરી ધરાવે છે. કંપનીના મુખ્ય ક્લાયન્ટસમાં વોક્સવેગન, હ્યુન્ડાઈ, મારૂતિ સુઝુકી, બીએમડબલ્યુ, રેનોલ્ટ, નિસ્સાન, ફોર્ડ, મર્સિડીઝ બેન્ઝ, જનરલ મોટર્સ, ટાટા મોટર્સ, વોલ્વો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને

Cont...

ટોયોટોનો સમાવેશ થાય છે. કંપની ઈન્વેસ્ટર ફ્રેન્ડલી સ્ટેટસ ધરાવે છે અને રેગ્યુલર ડિવિડંડ ચુકવે છે. કંપનીએ ૧૯૯૭થી અત્યાર સુધીમાં ૧૦ વાર બોનસ શેર્સ પણ આપ્યા છે. માર્કેટકેપ રૂ. ૩૮૧૧૬.૨૭ કરોડ, બુકવેલ્યુ રૂ. ૧૯.૭૭ અને ગત વર્ષે કંપનીએ ૧૫૦ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ૩૦ જુન ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કોન્સોલીડેટ બેઝ ઉપર કંપનીએ આવકમાં ૪૯.૩૬ ટકા ઘટાડા સાથે રૂ. ૮૫૦૩.૮૯ કરોડ અને નેટ નફામાં ૩૪૪.૪૪ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૧૦.૪૫ કરોડની ખોટ નોંધાવી છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૬૭૯૨.૫૩ કરોડની આવક ઉપર રૂ. ૩૩૧.૫૫ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. કોવિડ-૧૯ ની મહામારીને પગલે કંપનીના જુન ક્વાર્ટરના રીઝલ્ટ નબળા જોવાયા હતા પરંતુ હવે લોકડાઉન ખુલી જતા ભારત અને વિદેશમાં કંપનીના બધાજ પ્લાન્ટસમાં સંપૂર્ણ ક્ષમતાએ કાર્યરત થઈ ગયા છે. ઉપરાંત ઓટો સેક્ટર પણ વેગ પકડી રહ્યું છે. તેનો લાભ આ કંપનીને મળતો જોવાશે. તાજેતરમાં મોતીલાલ ઓસ્વાલે આ સ્ટોકને "બાય" રેટીંગ સાથે રૂ. ૧૩૫ નો ટાર્ગેટભાવ આપ્યો છે.

NOCIL (રૂ. ૧૨૦.૦૦) (કોડ : ૫૦૦૭૩૦)

સ્પેશ્યાલીટી કેમીકલ્સ ક્ષેત્રે કાર્યરત A ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૧૦ છે. શેરનો ભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૧૨૭ અને ઘટીને રૂ. ૪૪ જોવાયો છે. અરવિંદ મફતલાલ ગ્રુપની આ કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૩૪.૦૩ ટકા અને પબ્લિક ૬૯.૯૭ ટકા છે. કંપની માટે યુ.એસ. અને રશિયાના માર્કેટમાં તકો વધી રહી છે. ચીન અને ભારતમાં મંદી ચિંતાજનક છે. ટાયર મેજર્સ અને ડોમેસ્ટીક કેપેક્સ રૂ. ૧૫૦-૧૮૦ બીલીયન માટે ગ્લોબલ કેપેક્સ યુએસડી ૧૦ બિલિયનનો કંપનીને લાંબાગાળાની તકો રહેલી છે. વૈશ્વિક રબ્બર કેમિકલ્સમાં માર્કેટમાં માંગ પુરવઠાની ચુસ્ત પરિસ્થિતિ આગામી સમયમાં ક્ષમતા બમણી થવાની મજબુત સંભાવના છે. કોરોના વાયરસને કારણે આ કંપનીને ચીનની સ્પેશ્યાલીટી કેમિકલ્સ કંપનીઓની પડી રહેલી મુશ્કેલીનો મોટો લાભ મળી રહ્યો છે. આ તદ્દન ઋણમુક્ત કંપનીનો શેર હાલમાં રૂ. ૭૦.૯૯ બુકવેલ્યુ અને માત્ર ૧૪ ના PE મલ્ટીપલમાં ટ્રેડ થઈ રહ્યો છે. માર્કેટકેપ રૂ. ૨૦૭૫.૦૯ કરોડ અને ગત વર્ષે કંપનીએ ૨૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. ડિવિડંડ યીલ્ડ ૨ ટકા થવા જાય છે. ઈક્વિટી રૂ. ૧૬૫.૬૧ કરોડ અને રીઝર્વ રૂ. ૧૦૧૯.૬૩ કરોડ જેટલી જંગી છે. ૩૧ માર્ચ ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં કંપનીએ આવકમાં ૧૧.૯૭ ટકા ઘટાડા સાથે રૂ. ૨૧૨.૬૬ કરોડ અને નેટ નફામાં ૩૯.૫૪ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૧.૮૭ કરોડ દર્શાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૨૪.૫૮ કરોડની આવક ઉપર રૂ. ૩૬.૧૭ કરોડનો નેટ નફો દર્શાવ્યો હતો. ઈબીઆઈટીડીએમાં ૩૬.૨૨ ટકા ઘટાડા સાથે રૂ. ૩૯.૭૨ કરોડ અને ઈપીએસ ઘટીને રૂ. ૧.૩૨ નો નોંધાયો છે. હાલમાં બાવન સપ્તાહની ટોચ નજીક ક્વોટ થતો આ સ્ટોક ટુંકાથી મધ્યમગાળે નવી ટોચ બનાવી ૧૫૦ ની સપાટીને સ્પર્શતો જોવાય.

Kalpataru Power (રૂ. ૨૭૩.૦૦) (કોડ : ૫૨૨૨૮૭)

હેવી ઈલે. ઈક્વિપમેન્ટ ક્ષેત્રે કાર્યરત એ ગ્રુપની આ કંપનીના શેરની ફેઈસવેલ્યુ રૂ. ૨ છે. શેરનોભાવ બાવન સપ્તાહ દરમ્યાન વધીને ૫૧૫ અને ઘટીને રૂ. ૧૭૦ જોવાયો છે. કંપનીમાં પ્રમોટર્સ હોલ્ડિંગ ૫૪.૩૮ ટકા અને પબ્લિક ૪૫.૬૨ ટકા છે. દેશની અગ્રમી પાવર ટ્રાન્સમીશન કંપની છે. કંપની ટર્નકી પ્રોજેક્ટ કન્સ્ટ્રક્શન સહિત અનેક સેગ્મેન્ટમાં સક્રિય છે. કંપનીએ ગત વર્ષે ૩૨૭૫ કરોડના એન્ટરપ્રાઈઝ વેલ્યુના ત્રણ વીજ ટ્રાન્સમિશન Kalpataru Satpura Transco (KSTL), Alipurduar Transmission (ATL), Kohima Mariani Transmission (KMTL) માં તેના હિસ્સાને વેચવા માટે CLP India સાથે કરાર કર્યા છે. કંપની પાસે રૂ. ૯૭૫ કરોડના ઓર્ડરો છે. રૂ. ૩૯૪૪.૨૨ કરોડની માર્કેટકેપ ધરાવતી આ કંપનીએ ગત વર્ષે ૧૭૫ ટકા ડિવિડંડ ચુકવ્યું છે. બુકવેલ્યુ રૂ. ૨૨૮.૬૦ છે. કંપની ૩૦ જુન ૨૦૨૦ ના પુરા થતા ક્વાર્ટરમાં આવકમાં ૧૧.૮૪ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૪૫૯ કરોડ અને નેટ નફામાં ૨૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૬૯ કરોડ નોંધાવ્યો છે જે ગત વર્ષના સમાનગાળામાં રૂ. ૧૬૫૫ કરોડની આવક ઉપર રૂ. ૯૨ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. ઈબીઆઈટીડીએ ૧૮.૩૨ ટકા ઘટીને રૂ. ૧૬૫ કરોડ અને ઈપીએસ રૂ. ૪.૪૯ નો નોંધાવ્યો છે. ઈક્વિટી રૂ. ૩૧ કરોડ અને રીઝર્વ રૂ. ૩૩૨૭ કરોડ જેટલુ ઉંચુ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષાંતે કંપનીએ રૂ. ૭૯૦૪ કરોડની આવક ઉપર રૂ. ૪૬૩ કરોડનો નેટ પ્રોફિટ અને ઈપીએસ ૩૦.૦૨ નો નોંધાવ્યો છે. ખાસ કરીને પાવર ટ્રાન્સમીશન સેક્ટરનું ભાવિ સુંદર છે અને કંપની ઓર્ડર મેળવી રહી છે ત્યારે આ સ્ટોક વર્તમાન ભાવે લોંગટર્મ એન્ગલથી ખરીદાય.

(SEBI Registered Research Analyst)

Disclosure :- The author has not brought / sold any stock advised in this news paper during last one month • All stocks rates / indices on 21st August 2020 unless specified o Stoploos is useful for Short-Medium term investors only

Disclaimer :- • Smart Investment will not be responsible / for any loss arising out of investment based on its recommendation. • Though, every care has been taken, we will not responsible for any errors / omissions • All disputes are subject to Ahmedabad jurisdiction

સ્માર્ટ સુપર ડુપર

- Het Zaveri

Petronet LNG (રૂ. ૨૪૯.૦૦) (કોડ : ૫૩૨૫૨૨)

ખાસ કરીને ગેસ અને LNG ડીસ્ટ્રીબ્યુશન સાથે સંકળાયેલી સરકાર દ્વારા Gail, ONGC, IOC અને BPCL સાથે મળીને પ્રમોટ કરાયેલી આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧૦ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૩૦૨ અને ઘટીને રૂ.૧૭૦.૭૫ જોવા મળ્યો છે. કંપની મુખ્યત્વે લીક્વીડ નેચરલ ગેસને આયાત કરીને રી-ગેસીફીકેશન કરીને ભારતીય બજારોમાં વેચે છે. કંપની ગુજરાત ખાતે ૧૦ એમએમટીપીએની ક્ષમતાનો પ્લાંન્ટ ધરાવે છે. સાથે કોચી ખાતે કંપની ટર્મિનલ ધરાવે છે. કંપની ઓસ્ટ્રેલિયા, સિંગાપુરની કંપનીઓ સાથે LNG સપ્લાયનાં કરાર ધરાવે છે જુન ક્વાર્ટર કંપનીનો નફો રૂ.૫૬૨ કરોડથી ઘટીને રૂ.૫૦૦ કરોડ થયો છે જયારે કંપનીની આવક રૂ.૮૬૧૩ કરોડથી ઘટીને રૂ.૪૮૮૪ કરોડ રહી છે. દેશમાં ગેસનો વપરાશ સતત વધી રહ્યો છે ત્યારે મોનોપોલી ધરાવતી આ કંપની આગળ પણ સુંદર દેખાવ કરતી જોવા મળી શકે છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૫૦૦ કરોડ છે જેમાં પ્રમોટરો ૫૦ ટકા અને પબ્લિક ૫૦ ટકા સ્ટેક ધરાવે છે. એફઆઈઆઈનો સ્ટેક કંપનીમાં ઘણો ઉંચો છે અને કંપની પાસે રીઝર્વ રૂ.૯૬૨૧ કરોડ છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૩૭૩૮૭ કરોડ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ ૭૦ ટકા ડિવિડન્ડ ચુકવ્યું છે. કંપનીની કામગીરી, ગેસ સેક્ટરનું ભવિષ્ય જોતા આ સ્ટોક લોંગ ટર્મ એન્ગલના રોકાણમાં સુંદર રીટર્ન આપી શકે છે. કંપનીમાં FII પાસે ૨૯.૧૫ ટકા અને મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે ૭.૮૩ ટકા સ્ટેક છે. ગત વર્ષે કંપનીએ અમેરિકામાં મોટું રોકાણ કરવાની જાહેરાત કરી હતી જે લાંબાગાળે કંપની માટે ફાયદારૂપ રહેશે.

Rallis India (રૂ. ૨૯૫.૦૦) (કોડ : ૫૦૦૩૫૫)

Rallis India ખાસ કરીને ટાટા ગ્રુપની કંપની હોવાથી અને જાણીતા ઈન્વેસ્ટર રાકેશ ઝુનઝુનવાલાની પસંદગીની સ્ક્રીપ્ટ હોવાથી રોકાણકારોમાં ખાસી લોકપ્રિય છે. કંપની એગ્રી બિઝનેસ, ઈન્સ્ટીટ્યુશનલ બિઝનેસ, ઈન્ટરનેશનલ બિઝનેસ અને કોન્ટ્રાક્ટ સર્વિસીસ જેવા સેગમેન્ટ ધરાવે છે. કંપની એગ્રીકલ્ચર બિઝનેસમાં પેસ્ટીસાઈડ, સીડ્સ, ફર્ટિલાઈઝર, હાઉસ હોલ્ડ પ્રોડક્ટ અને સીડ્સ ટ્રીટમેન્ટ કેમિકલ્સ પુરા પાડે છે. ઈન્સ્ટીટયુશનલ બિઝનેસમાં કંપની જાણીતી કંપનીઓ જેવી કે બાયર, સીન્જેનટા, એક્સેલ, યુનાઈટેડ ફોસ્ફરસ, ધાનુંકા અને નાગાર્જુના વગેરેને ટેકનીકલ અને વિવિધ મોલેકુલસનાં બલ્ક પુરા પાડે છે. જયારે કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ સેગમેન્ટમાં કંપની વિશ્વની અગ્રણી કંપનીઓ માટે કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગનું કાર્ય કરી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ના જુન ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૬૨૩ કરોડથી વધીને રૂ.૬૬૩ કરોડ થયુ છે જયારે કંપનીનો નફો રૂ.૬૮ કરોડથી વધીને રૂ.૯૨ કરોડ થયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૫૭૪૭ કરોડ છે. શેરનો બાવન સપ્તાહનો હાઈ ભાવ રૂ.૩૨૪.૬૦ અને લો ભાવ રૂ.૧૨૭.૧૦ છે. કંપનીમાં પ્રમોટરો ૫૦.૦૯ ટકા અને પબ્લિક ૪૯.૯૧ ટકા સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે કંપનીએ રૂ.૨.૫નું ડિવિડન્ડ ચુકવ્યું છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૯.૪૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૩૯૦ કરોડનું જંગી રીઝર્વ છે. લોકડાઉનમાં પણ સરકારનું ફોકસ ખેડૂતો ઉપર રહ્યું હતું અને હવે ચોમાસું સીઝન પણ સારી જઈ રહી છે અને સરકાર લોકડાઉન બાદ પણ ખેડૂતો માટે વધારે રાહતો આપી રહી છે જેનો ફાયદો આ સેક્ટરની કંપનીઓને મળી શકે છે. સ્ટોક હાલમાં મજબુત ટ્રેડ કરી રહ્યો છે અને ઘટાડે રોકાણ માટે ધ્યાન રાખી શકાય.

Jai Corp. (રૂ. ૯૯.૦૦) (કોડ : ૫૧૨૨૩૭)

૨૦૦૭ની તેજીના ગાંડપણમાં આ સ્ટોકમાં મોટા પાયે સટ્ટાકીય તેજી જોવા મળી હતી અને રોકાણકારોની ગજબ ફેન્સી આ સ્ટોક માટે જોવાઈ હતી. એ સમયે ૨ વર્ષની અંદર સ્ટોક રૂ.૬-૭ રૂપિયાથી વધીને ઉપરમાં રૂ.૧૪૫૦ થયો હતો જોકે ઉપરના મથાળે મોટા પાયે રોકાણકારો આ સ્ટોકમાં ફસાયા હતા અને ત્યાર બાદ છેલ્લા દસકામાં આ સ્ટોક મોટા પાયે રૂ.૧૦૦ની નીચે જ રહ્યો છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૭.૮૫ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૨૯૪ કરોડનું જંગી રીઝર્વ છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ

Cont....

રૂ.૬૩૬ કરોડથી ઘટીને રૂ.૫૫૭ કરોડ થયું છે જયારે કંપનીનો નફો રૂ.૩૩ કરોડ રહ્યો છે જે ગત વર્ષે રૂ.૧૦૮ કરોડની નુકશાની હતી. કંપનીમાં પ્રમોટરો ૭૩.૦૧ ટકા જેટલો ઉંચો સ્ટેક ધરાવે છે, એફઆઈઆઈ પાસે ૪.૮૮ ટકા, અન્ય DII પાસે ૧.૯૦ ટકા અને પબ્લિક પાસે ૨૦.૦૬ ટકા હિસ્સો છે. સ્ટોકમાં નીચા મથાળેથી ફરીથી હલચલ જોવાઈ રહી છે ત્યારે આ સ્ટોકમાં આવનાર દિવસોમાં ચમકારો જોવાઈ શકે છે. જોકે કંપનીના સ્ટોકના ફન્ડામેન્ટલ ઠીકથાક હોવાના લીધે મોટા પાયે રોકાણ કરવાથી દુર રહેવું પણ સ્ટોકમાં નાનું રોકાણ કરવાનો પ્રયત્ન કરી શકાય. સ્ટોકમાં સ્પેક્યુલેશન જોવાય છે તો ઝડપથી સુધારો જોવાઈ શકે છે. BSE ખાતે A ગ્રુપમાં લીસ્ટેડ આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૧ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૧૨૧.૯૦ અને ઘટીને રૂ.૪૨.૬૫ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૧૭૮૨ કરોડ છે.

KEI Industries (રૂ. ૩૯૮.૦૦) (કોડ : ૫૧૭૫૬૯)

કંપની વાયર્સ અને કેબલ્સનું ઉત્પાદન કરે છે. કંપની ટર્નકી પ્રોજેક્ટ સેગમેન્ટમાં પણ કામ કરે છે. કંપનીની ઈક્વિટી રૂ.૧૮ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૪૮૯ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૪૦.૫૦ ટકા અને પબ્લિક ૫૯.૫૦ ટકા સ્ટેક ધરાવે છે. BSE ખાતે B ગ્રુપમાં લીસ્ટેડ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૬૧૪.૭૦ અને ઘટીને રૂ.૨૦૮.૪૦ જોવાયો છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૩૫૮૦ કરોડ છે. એક તબક્કે કંપની ઘણાજ કપરા સમયમાંથી પસાર થઈ રહી હતી પણ મેનેજમેન્ટે કંપનીને સફળતાપૂર્વક એ સમયમાંથી બહાર કાઢી લીધી છે અને છેલ્લા પાંચ વર્ષથી કંપની સારો દેખાવ કરવા લાગી છે. ખાસ કરીને કેબલ બિઝનેસ ઘણો જ સારો ગ્રોથ દર્શાવી રહ્યો છે અને આ સેગમેન્ટમાં હજુ પણ સારો દેખાવ જોવા મળી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨૧ પહેલા ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૧૦૮૧.૩૬ કરોડથી ઘટીને રૂ.૭૪૫.૩૫ કરોડ થયું છે જયારે કંપનીનો નફો રૂ.૪૫.૭૩ કરોડથી ઘટીને રૂ.૩૬.૨૩ કરોડ થયો છે. કંપનીએ પહેલા ક્વાર્ટરમાં રૂ.૪.૦૫ની ઈપીએસ હાંસલ કરી છે. લોકડાઉનના ક્વાર્ટરમાં પણ કંપનીના આ નંબર ખુબજ સારા કહી શકાય. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૭૫ ટકાનું ડીવીડન્ડ ચુકવ્યું છે. છેલ્લા ૬ વર્ષોમાં કંપનીનો નફો અનુક્રમે રૂ.૩૪.૨૫ કરોડ, રૂ.૬૨.૫૫ કરોડ, રૂ.૯૩.૬૫ કરોડ, રૂ.૧૪૪.૭૬ કરોડ, રૂ.૧૮૦.૮૬ કરોડ અને રૂ.૨૫૬ કરોડ રહ્યો છે.

KNR Construction (રૂ. ૨૬૦.૦૦) (કોડ : ૫૩૨૯૪૨)

દક્ષિણમાં હાજરી ધરાવતી આ કંપનીના શેરની ફેસ વેલ્યુ રૂ.૨ છે. વર્ષ દરમ્યાન શેરનો ભાવ વધીને રૂ.૩૧૧.૦૫ અને ઘટીને રૂ.૧૭૧.૬૫ જોવાયો છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૮.૧૨ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૧૫૩૩ કરોડનું જંગી રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટરો ૫૫.૦૩ ટકા અને પબ્લિક ૪૪.૯૭ ટકા સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીની આવક રૂ.૫૩૦.૭૨ કરોડથી ઘટીને રૂ.૫૨૨.૫૩ કરોડ થઈ છે જયારે કંપનીનો નફો રૂ.૪૨.૮૯ કરોડથી વધીને રૂ.૪૬.૬૮ કરોડ થયો છે. કંપનીએ જુન ક્વાર્ટરમાં રૂ.૩.૩૨ની ઈપીએસ હાંસલ કરી છે. લોકડાઉન હોવા છતાં જુન ક્વાર્ટરમાં કંપનીએ મજબુત પરિણામો દર્શાવ્યા છે જે સ્પષ્ટ દર્શાવે છે કે આવનાર ક્વાર્ટર્સ કંપની માટે બમ્પર રહી શકે છે. કંપનીના ડીઆઈઆઈનો મોટા પાયે સ્ટેક છે અને ખાસ કરીને મ્યુચ્યુઅલ ફંડ્સ પાસે ૩૨.૦૪ ટકા જેટલો મોટો સ્ટેક છે. બેલેન્સશીટ ખુબજ મજબુત છે. ઓર્ડર બુક તગડી છે. વર્તમાન ભાવે કંપનીની માર્કેટકેપ રૂ.૩૬૭૦ કરોડ છે. લીસ્ટેડ સ્પેસમાં ઘણી ઓછી કંપનીઓ છે કે જેની બેલેન્સશીટ મજબુત છે અને ઓર્ડરબુક તગડી છે જેમાં આ કંપનીનો સમાવેશ થાય છે. કંપની પૂર્વોત્તર રાજ્યોમાં પણ નોંધપાત્ર હાજરી ધરાવે છે અને મોદી સરકાર આખા દેશમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર રેકોર્ડ ખર્ચ કરી રહી છે જેનો ફાયદો આ પ્રકારની કંપનીઓને મળી શકે છે. મજબુત ફંડામેન્ટલ વાળી આ કંપનીના સ્ટોકમાં નીચા મથાળે જાણકારોની ખરીદી જોવાઈ રહી છે ત્યારે રૂ.૩૫૦થી કરેક્ટ થઈને નીચે આવેલ આ સ્ટોક ૯-૧૨ મહિનામાં સ્ટોક સુંદર રીટર્ન આપી શકે છે.

દિવાને-ખાસ

A.J. Diwan (Mumbai)
E-mail : divanconsultancy@rediffmail.com



TATA કંપનીઓની બોલબાલા

શેરબજાર ભારી અફડા-તફડીના માહોલમાંથી પસાર થઈ રહ્યો છે. ગયા બુધવારે ઈન્ડેક્સ ૪૫૦ પોઈન્ટ વધ્યો હતો. આ પછી ફેડના સંવાદથી પાછો મોટો ઘટાડો જોવાયો. શુક્રવારે આ લખાય છે ત્યારે ૩૫૦ પોઈન્ટ ઉપર સેન્સેક્સ છે. ગુરૂવારના બંધના આધારે આપણે સપોર્ટ અને પ્રતિકારક સપાટીઓ જોઈએ.

ઈન્ડેક્સ ૩૮૦૦૦ એક એક લક્ષ્મણ રેખા છે. આની નીચે ૩૭૮૯૦ અને ૩૭૭૬૦ આવી શકે છે. ઉપરની બાજુ ૩૮૪૧૫-૩૮૪૦૫-૩૮૪૫૦ પ્રતિકારક સપાટી છે.

નિફ્ટી ૧૧૨૨૫ લેણમાં સ્ટોપલોસ રાખવો. ઉપરની બાજુ ૧૧૩૮૦-૧૧૪૧૦ પ્રતિકારક સપાટી છે. આ ઉપર વધુ તેજી જોર પકડશે.

બેન્ક નિફ્ટી ને ૨૧૭૫૦-૨૧૬૮૦ સપોર્ટ છે. ઉપરમાં ૨૨૦૭૫-૨૨૦૯૦-૨૨૧૬૦ પ્રતિકારક સપાટી છે.

આગામી વર્ષે **ટાટા ગ્રુપ** કંપનીઓ માટે સારા દિવસો બતાવે છે. આમાં પ્રથમ ટાટા કન્ઝ્યુમરનું નામ આવે છે. આ કંપની ધીરે ધીરે પણ એફએમસીજી કંપની થઈ રહી છે. અહીંથી ઘટવાની શકયતા નહીવત છે. રૂ. ૧ ની ફેસવેલ્યુના શેરનોભાવ રૂ. ૫૪૫ ની આસપાસ છે. કંપનીની શેરદીઠ કમાણી રૂ. ૬ છે. શેરબજારમાં ઘટાડામાં આ શેર લાંબાગાળાના રોકાણ માટે ખરીદાય. સારી મેનેજમેન્ટ ઉપરાંત સારી આવક ધરાવતી કંપની છે. આવનારા એક વર્ષમાં ૫૦ ટકા જેટલુ વળતર આપી શકે છે.

લોકડાઉનનો સમય માર્ચથી મે કરતા આવનારા ત્રિમાસિક પરિણામોમાં કંપનીઓના સારા હશે. ચીનના કારણે ભારતની સ્ટીલ કંપનીએ બધુ સારૂં કરી શકશે. આમા ટાટા સ્ટીલ અને ટાટા મેટલ પણ લાંબાગાળાના રોકાણ માટે સારા છે.

વેદાંતા કંપનીએ જ્યારે ડીલીસ્ટીંગની જાહેરાત કરી ત્યારે ભાવ રૂ. ૧૧૦ હતો. ૯૭ ના ભાવની બાયબેકની વાત પર શેર ઘટીને ૯૫ થયો હતો. હવે મળતી માહિતી મુજબ બાયબેક ભાવ રૂ. ૧૩૦ થી ૧૪૩ ની વચ્ચે હોઈ શકે છે. શેરનોભાવ પણ ૧૨૦ થયો છે.

ઓટોમાં સુધારા સાથે **મધરસન સુમી** પણ વધી શકે છે. ૯૩ ની સ્ટોપલોસ રાખી વેપાર કરવો.

ભારતી એરટેલને **ટાટા કન્ઝયુમર**માં પરિવર્તન કરો.

સરકારે ત્રણ એરપોર્ટની જવાબદારી **અદાણી** ગ્રુપને સોંપી છે જેથી આગામી દિવસોમાં ભાવ વધી શકે છે.

મહિન્દ્રા ફાયનાન્સનો સપોર્ટ રૂ. ૧૨૫ છે.

શેરબજારની ભાવી ચાલ

નયન પટેલ : Mob. : 98795 26525

રોકડાના શેરોમાં ઊંચા મથાળે સાવચેતી રાખવી

માર્કેટમાં તેજીનો તબક્કો સતત આગળ વધી રહ્યો છે. આરબીઆરના ગવર્નર પણ કહી ચુક્યા છે કે ગ્લોબલ લેવલે લીક્વીડીટી જરૂર કરતા વધારે હોવાના કારણે ગ્લોબલ માર્કેટ્સ એક તરફી તેજી બતાવી રહ્યા છે પણ સાવચેતીની જરૂર છે. ગ્રોથ દર્શાવી રહેલ કંપનીઓના શેર્સ ઓલટાઈમ હાઈ પીઈ રેશિયો ઉપર ટ્રેડ થઈ રહ્યા છે. અમેરિકામાં એપલની માર્કેટકેપ ૨ ટ્રીલીયન ડોલરની સપાટીને સ્પર્શી ચુકી છે જયારે ભારત દેશની જીડીપી ૩ ટ્રીલીયન ડોલર છે. ખાસ કરીને સ્મોલકેપ શેરોમાં તેજીનું ગાંડપણ જોવાઈ રહ્યું છે અને આ ગાંડપણ જોતા હવે લાગી રહ્યું છે કે સ્મોલકેપ શેરોમાં જોખમ વધી રહ્યું છે. ત્યારે વાંચકમિત્રોને હવે ખાસ સલાહ કે સ્મોલકેપ શેરોમાં જેના વેલ્યુએશન ઓવરસ્ટ્રેચ થઈ ગયા છે એવા શેર્સમાં ઉપરના મથાળે રોકાણ કરવાથી બચવું. પોર્ટફોલિયોને ડીફેન્સીવ સ્ટોક્સ તરફ લઈ જવો સલાહ ભરેલ રહેશે.

નિફટીમાં ૧૧૨૭૫ અને ૧૧૪૬૦ મહત્વના લેવલ્સ રહેશે અને જે તરફ બ્રેકઆઉટ આવશે એ તરફ બીજા ૧૫૦ થી ૨૦૦ પોઈન્ટ્સની મુવમેન્ટ જોવાશે.

Cont...

Top 20 recommendations by NAYAN PATEL since 20th April 2020

Recommended Date	Stocks	Recomm. Price	High after Recomm.	Gain (%)
5th May 20	Tyche Industries	101	349.9	246%
27th April 20	SMS Pharma	36	101	181%
27th April 20	Anuh Pharma	144	402.85	180%
18th May 20	Laurus Labs	437.25	1175	169%
20th April 20	Apollo Micro	57.1	142.9	150%
11th May 20	Bajaj Steel	84	201.65	140%
18th May 20	Amines & Plast	27	64.65	139%
1st June 20	Alufluoride	98	226	131%
1st June 20	Kanchi Karpooram	211	447.4	112%
20th July 20	Indo Count Industries	40	77.75	94%
17th August 20	IND BANK MERCHANT	8.05	15.41	91%
18th May 20	GAEL	117	194.9	67%
25th May 20	Aries Agro	56	93.45	67%
20th July 20	Surya Roshni	116	189.9	64%
10th August 20	Mangalam Drugs Organics	82.4	133.95	63%
6th July 20	ASM TECHNO	67	107.55	61%
18th May 20	Umang Dairy	38	60.9	60%
4th May 20	Superhouse	74.7	114.75	54%
27th July 20	Alpa Lab	20.7	31.85	54%
10th August 20	Nikhil Adhesives	125	191	53%

91% returns in just one week...

Last week we recommended IND BANK MERCHANT @ Rs.8.05 within just 5 days it zoomed to Rs.15.41 levels and recorded 91% appreciations.

Hidden Gems from Government focused micro irrigation sector

CAPTAIN POLYPLAST LTD (536974) (33.05) (Face Value Rs.2) (SYMBOL : CPL)

કેપ્ટન પોલીપ્લાસ્ટ એક માઈક્રો ઈરીગેશન સિસ્ટમ્સ સોલ્યુશન પ્રોવાઈડર કંપની છે. આ સેક્ટરમાં સરકારનું મોટા પાયે ફોકસ છે. કંપની ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ્સ, સ્પ્રીંકલર ઈરીગેશન સિસ્ટમ્સ, ગ્રીનહાઉસ સ્ટ્રકચર, સોલાર પંપ જેવા પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે સાથે પીપી અને પીઈ ગ્રેન્યુઅલ્સમાં ટ્રેડીંગ કરે છે. કંપની ગુજરાતમાં રાજકોટ અને આંધ્ર પ્રદેશના કર્નુલ ખાતે પ્લાન્ટ્સ ધરાવે છે.

કંપનીની ઈક્વિટી માત્ર રૂ.૧૦.૧ કરો છે જેની સામે કંપની પાસે રૂ.૪૨.૯ કરોડનું રીઝર્વ છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૪.૯૩ ટકા જેટલો ઉંચો સ્ટેક ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦માં કંપનીનું વેચાણ ૨૪.૮૦ ટકા વધીને રૂ.૧૮૬.૨૩ કરોડ થયું હતું જ્યારે નફો ૭૫ ટકા વધીને રૂ.૧૨.૬૦ કરોડ થયો હતો. જુન ક્વાર્ટરમાં કંપનીનું વેચાણ રૂ.૩૭.૨૯ કરોડ રહ્યું છે જ્યારે નફો ૫૪.૧૨ ટકા ઉછળીને રૂ.૨.૯૯ કરોડ થયો છે. વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૧૨ના સાવજ નીચા પીઈથી ક્વોટ થઈ રહ્યો છે જેની સામે મહિન્દ્રા ઈપીસી ઈરીગેશન ૨૦ના પીઈ રેશિયોથી ક્વોટ થઈ રહ્યો છે. સ્ટોક રોકાણ માટે ખુબજ આર્કષક લાગી રહ્યો છે. ખેતી અને સિંચાઈ સેક્ટર ઉપર સરકાર મોટા પાયે રૂપિયા વાપરી રહી છે જેનો ફાયદો આ સેક્ટરની કંપનીઓને મળી શકે છે. જૈન ઈરીગેશન જેવી મોટી કંપની નાણાકીય રીતે નબળી પાડવાનો ફાયદો પણ આ સેક્ટરની અન્ય હરીફ કંપનીઓને મળી રહ્યો છે. સ્ટોક લાંબાગાળે રોકાણકારો માટે હિડન જેમ્સ સાબિત થઈ શકે છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૨૭ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

KIRAN VYAPAR LTD (537750) (78.9) (Face Value Rs.10)

કંપની એલએનબી ગ્રુપની હોલ્ડીંગ કંપની અને એનબીએફસી કંપની તરીકે કાર્યરત છે. એનબીએફસી તરીકે કંપની શેર્સ, મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરે છે. કંપનીની ઈક્વિટી રૂ.૨૬.૯૮ કરોડ છે જેની સામે કંપની પાસે રૂ.૯૩૧.૮૨ કરોડઉ જંગી રીઝર્વ છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૩૫૧.૪૧ જેટલી ઉંચી છે અને વર્તમાન ભાવે આ સ્ટોક માત્ર ૦.૨૨ના સાવજ નીચા પ્રાઈઝ ટુ બુક વેલ્યુથી ક્વોટ થઈ રહ્યો છે. કંપનીમાં પ્રમોટર્સ ૭૪.૯૬ ટકા જેટલો ઉંચો સ્ટેક ધરાવે છે. જુન ક્વાર્ટરમાં કંપનીનો નફો ૨૦૫૧ ટકા વધીને રૂ.૧૩.૯૮ કરોડ થયો છે. શેરનો ભાવ ડીસેમ્બર ૨૦૧૭માં રૂ.૨૨૪.૯ હતો જેની સામે હાલમાં ૬૫ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે અને રોકાણ માટે આકર્ષક લાગી રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૬૫ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

GPT INFRAPROJECTS LTD (533761 & NSE) (33.1) (Face Value Rs.10)

આ કંપની રેલ્વે સેક્ટરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલી છે. સાથે કંપની રેલ્વેના પાટામાં વચ્ચે વપરાતા કોક્રીટના સ્લીપર્સનું ઉત્પાદન કરે છે. કંપનીના હાથ ઉપર હાલમાં રૂ.૧૭૪૦ કરોડના જંગી ઓર્ડર્સ છે અને ચાલુ વર્ષે જ કંપનીને રૂ.૪૧૭ કરોડના ઓર્ડર્સ મળ્યા છે. કંપનીના શેરની બુક વેલ્યુ રૂ.૭૭.૨૫ જેટલી મોટી છે અને આઈડીએફસી મ્યુચ્યુઅલ ફંડ કંપનીમાં ૩.૭૭ ટકા સ્ટેક ધરાવે છે. રેગ્યુલર ડીવીડન્ડ ચુકવતી આ કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૦ માટે ૧૫ ટકા ડીવીડન્ડ ચુકવ્યું છે. જાન્યુઆરી ૨૦૧૮માં શેરનો ભાવ રૂ.૨૪૮ થયો હતો જેની સામે હાલમાં સ્ટોક ૮૭ ટકા નીચે ક્વોટ થઈ રહ્યો છે. જો તમારા નાણાકીય સલાહકાર પરમીશન આપે તો સ્ટોકમાં રૂ.૨૭ના સ્ટોપ લોસ સાથે રોકાણ કરી શકાય.

Cont...



Time to be Cautious in Overvalued Stocks

In the past few days, record participation is being witnessed by retail investors, this sounds alarming bell in my head as they say when everyone is greedy you should be fearful

New participants should completely avoid trading in F&O as they are very risky and they are instruments which should be used for hedging and not for trading

Investors should only invest or Trade in Fundamentally good companies available at good valuations

It has been also seen that many Bankrupt companies and the companies with very bad results have gone up significantly in short period of time, it can be a big concern for retail investors if they are struck in them at highs

The Economy is not in good shape, some sectors are very badly affected due to Covid-19 Pandemic, so companies with high DEBT will face huge difficulty in reviving their businesses

પ્રાયમરી માર્કેટ

- Dilip K. Shah

ભારતીય શેરબજારોના સૂચકાંકો માર્ચના તળિયાથી ૫૭ ટકા ઉંચકાયા અને રેકર્ડ હાઈથી માત્ર ૧૫ ટકા દૂર

સેકન્ડરી માર્કેટ સાથેની રફતારમાં તાલ મિલાવવામાં પ્રાયમરીમાર્કેટ નિષ્ફળ રહ્યું

LICના રૂ. ૯૦,૦૦૦ કરોડના IPOના આગમનના ચક્રો ગતિમાન બન્યા

IRCTC માં Offer for Sale થકી હિસ્સો વેચી સરકાર ભંડોળ ઉભુ કરશે

Sepncer Retailની વિદાયબાદ Satin Creditcare અને Mind Ind. ના રાઈટ્સ ઈસ્યુઓ માર્કેટમાં

Satin Creditcareનો રાઈટ ઈસ્યુ ૨૬ ઓગસ્ટે બંધ થશે : આકર્ષક ઈસ્યુમાં વધુ શેર Apply કરો

Minda નો રૂ. ૨૫૦ ની ઓફરનો રાઈટ્સ ઈસ્યુ ૨૫ ઓગસ્ટે ખુલી ૮ સપ્ટેમ્બરે બંધ થશે

સરકારે LICના ઈસ્યુ માટે પ્રિ-IPO TAs માટે બે મર્ચન્ટ બેન્કર્સની નિમણુંક કરી

IRCTCનો OFS સપ્ટેમ્બર મહિનાના મધ્યભાગમાં માર્કેટમાં પ્રવેશે તેવી વકી

Trekkingtoes.Comનો BSE SME IPO ૧.૫૫ ગણઓ ભરાયો : લિસ્ટીંગ ૨૮ ઓગસ્ટે

જુલાઈ મહિનામાં ભારતીય શેરબજારોમાં પ્રર્વતેલ તોફાની તેજીને ધ્યાનમાં લેતા એમ જણાતું હતું કે, ઓગસ્ટ મહિનો ભારતીય શેરબજારોમાં તેજીની ક્રાંતિ સર્જશે પરંતુ ઓગસ્ટ મહિનાનું પ્રથમ સપ્તાહ પોઝીટીવ રહ્યા બાદ બીજા સપ્તાહે તેજીને બ્રેક લાગી જવા પામી હતી. જો કે, ફરી એકવાર ત્રીજા સપ્તાહે માર્કેટ તેજી તરફી U-Turn લઈ ચુક્યું છે અને એક તબક્કે નિફ્ટી ૧૧૪૦૦ અને સેન્સેક્સ ૩૮૭૦૦ નું લેવલ કુદાવવામાં સફળ રહેલ છે.

મહત્વની બાબત એ છે કે, સેકન્ડરી માર્કેટ માર્ચ મહિનાના નીચલા સ્તરથી ૫૭ ટકા ઉછળી ચુકેલ છે અને સૂચકાંકો રેકર્ડ હાઈ લેવલથી માત્ર ૧૫ થી ૧૭ ટકા જ દૂર છે. આમ છતાંયે પ્રાયમરીમાર્કેટમાં ખાસ કરીને મેઈનબોર્ડ IPO લાવવા સજ્જ કંપનીઓ દ્વારા હજી ખાસ હલચલ જણાતી નથી. આ સંજોગોમાં સરકાર તેની ડિસઈન્વેસ્ટમેન્ટની યોજનાઓને વેગ આપે તો આશ્ચર્ય નહીં કહેવાય.

વિતેલા સપ્તાહે મેઈનબોર્ડ IPOની ગેરહાજરીમાં બે રાઈટ ઈસ્યુઓ Spencer Retail અને Satin Creditcare ના રાઈટ ઈસ્યુઓ અને BSE SME નો IPO - Trekkingtoes.Com માર્કેટમાં હયાતી ધરાવતા હતા. જેમાંથી Spencer Retail નો રાઈટ્સ ઈસ્યુ તેમજ Trekkingtoes.Com નો IPOO બંધ થઈ ચુક્યો છે આ સાથે Minda Industries ના રાઈટ ઈસ્યુનું તા. ૨૫ ઓગસ્ટના રોજ માર્કેટમાં આગમન થઈ રહ્યું છે.

Cont...

Subscription Figures of SME IPO (Dt. 20-8-2020)

IPO	Listing	Day	Subscribed
Trekkingtoes.Com	BSE SME	Issue Closed on 20-8-20	1.55x

Right Issues

Sr	Company	Issue Open Dt. Issue Close Dt.	Issue size (Rs. Cr.)	Offer price (Rs.)	Ratio & Record Dt.	Listing	Lead Manager	Recommedation
1.	Satin Creditcare	12-8-2020 to 26-8-2020	1,99,82,667 Eq. Shares (Rs. 119.29 Cr.)	60* Per Share	48 Shares for every 125 Shares helds as on 5-8-2020	BSE NSE	Corporate Professional Capital Registrar : Link Intime India	Attractive (Apply Mor than Alloted)
2	Minda Industries	25-8-2020 to 8-9-2020	97,00,000 Eq. Shares (Rs. 242.79 Cr.)	250 Per Shares (F. V. Rs. 2)	1 Shares for every 27 Shares helds as on 17-8-2020	BSE NSE	Axis Capital Limited, Equirus Capital Pvt. Ltd. Registrar : Link Intime India	Apply for Mid to Long Term

* Satin Creditcare : Rs. 15 is to be paid on application for the number of shares applied and remaining amount of Rs. 45 Per share will be paid on one or more subsequent calls as determined by the board

Right Issues

Spencer Retail નો ૭૯.૫૩ કરોડનો રાઈટ ઈસ્યુઓ માર્કેટમાંથી વિદાય લઈ ચુક્યો છે. આ સપ્તાહે Satin Creditcare નો ઈસ્યુ હજી ચાલુ છે જ્યારે Minda Industries ના રાઈટ ઈસ્યુનું તા. ૨૫ મી ઓગસ્ટના રોજ માર્કેટમાં આગમન થઈ રહ્યું છે.

Satin Creditcare

તા. ૧૨ ઓગસ્ટના રોજ ખુલેલ ૧,૯૯,૮૨,૬૬૭ ઈક્વિટી શેર્સનો રૂ. ૬૦ ના ફિક્સ્ડભાવના આ ઈસ્યુમાં રૂ. ૧૧૯.૨૯ કરોડ એકત્ર કરવાની યોજના છે. આ ઈસ્યુ તા. ૨૬ ઓગસ્ટના રોજ બંધ થઈ રહ્યો છે. ગત સપ્તાહે આ રાઈટ્સ ઈસ્યુનું એનાલીસીસ આ કોલમમાં પ્રસિધ્ધ થઈ ચુકેલ છે તે મુજબ આ ઈસ્યુમાં વર્તમાન શેરધારકો માટે આકર્ષક ઓફર છે અને તેઓને એલોટ થયેલ રાઈટ્સ શેર્સ કરતા વધુ શેરની અરજી કરી, શક્ય હોય તેટલા વધુ શેર મેળવવા પ્રયાસ કરવો.

Minda Industries નો રાઈટ્સ ઈસ્યુ ભરાય ?
CMP Rs. 340.00 : Right Offer price Rs. 250
Face Value Rs. 2.00 ; BSE Code : 532539

સપ્ટેમ્બર ૧૯૯૫માં સ્થપાયેલ આ કંપની UNO Minda ની ફ્લેગશીપ કંપની છે. આ કંપની ઓરીજીનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચર્સ ઓઈએમ માટે ઓટોમોટીવ પ્રોડક્ટસ દ્વારા વર્ટિકલ ઓટો કોમ્પોનન્ટસ સપ્લાય કરે છે. કંપનીએ હાલમાં ફોર વ્હીલર્સ સ્વીચીસ પ્રોવાઈડ કરવા અનેક કંપનીઓ સાથે કરાર કર્યા છે. હાલમાં કંપની CNG / LPG કીટ્સ, PV એલોય વ્હીલ્સ, LED લેન્સ ટુ વ્હીલર્સ માટે બનાવે છે. આ ઉપરાંત ઓટો હોર્ન્સમાં ગ્લોબલ પ્લેયર બની રહી છે. હાલમાં કંપની ૨૪ સબ્સીડીયરીઝ ધરાવે છે.

કંપની રૂ. ૨ ની ફેઈસવેલ્યુના ૯૭૧૧૭૩૯ ઈક્વિટી શેર્સના રાઈટ્સ પ્રતિ શેર રૂ. ૨૫૦ ના ફિક્સ્ડ ભાવે ઓફર કરી રૂ. ૨૪૨.૭૯ કરોડનું ભંડોળ એકત્ર કરવાની યોજના ધરાવે છે. કંપનીએ શેરધારકોને ૧:૨૭ ના પ્રમાણમાં પ્રત્યેક ૨૭ શેર સામે ૧ શેર રાઈટ્સ ઓફર કરેલ છે. ઈસ્યુ તા. ૨૫-૮-૨૦૨૦ ના રોજ ખુલી ૫-૯-૨૦૨૦ ના રોજ બંધ થશે. પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૦.૭૯ ટકા છે. કંપની આ ઈસ્યુ નો ઉદ્દેશ લોનના રીપેમેન્ટ - પ્રિ પેમેન્ટ Toyoda-Gosei ના જોઈન્ટ વેન્ચરમાં રોકાણ માટેનો છે. શેરનું લિસ્ટીંગ BSE / NSE ખાતે થશે. હાલમાં કંપનીની ઈક્વિટી ૫૨.૪૪ કરોડ છે જે ઈસ્યુ બાદ વધીને ૫૪.૩૯ કરોડ થશે.

નાણાંકીય કામગીરી :- કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮ના અંતે ૪૫૮૧.૬૪ કરોડની આવક ઉપર રૂ. ૩૩૦.૮૬ કરોડનો નેટ પ્રોફિટ, ૨૦૧૯માં ૫૯૩૫.૧૨ કરોડની આવક ઉપર રૂ. ૩૩૯.૪૮ કરોડનો નેટ પ્રોફિટ અને નાણાંકીય વર્ષ ૨૦૨૦માં ૫૫૦૪.૩૯ કરોડની આવક ઉપર રૂ. ૧૮૭.૯૧ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે.

કંપનીની ૩૧ માર્ચ ૨૦૨૦ ના અંતે ૬૯.૨૪ ની બુકવેલ્યુ સામે P/BV ૩.૬૧ થવા જાય છે.

ભલામણ :- ઓટો એન્સિલરીઝ ક્ષેત્રે કાર્યરત આ કંપનીના નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના પરિણામો એકંદરે નબળા રહ્યા છે અને હરીફ કંપનીઓની તુલનામાં પીઈ ઉંચો છે. આ શેર છેલ્લાં ત્રણ મહિનામાં ૨૩ ટકા અને છેલ્લાં એક સપ્તાહમાં ૧૯.૩૧ ટકા ઉછળી ચુક્યો છે. બાવન સપ્તાહનો ઉંચો ભાવ રૂ. ૪૨૩ અને નીચો ભાવ રૂ. ૨૦૫ છે. માર્કેટકેપ ૯૨૬૩ કરોડનું છે. આમ છત્તાં લોકડાઉન પછી ઓટો ક્ષેત્રે ઉત્પાદન, વોલ્યુમ અને વેચાણમાં વૃધ્ધિનો લાભ કંપનીને મળશે ઉપરાંત પ્રમોટર્સનું ઉંચુ હોલ્ડિંગ તેમજ રાઈટ્સ શેર્સની ઓફર વર્તમાન બજારભાવની તુલનામાં ૨૬ ટકા ડિસ્કાઉન્ટને ધ્યાનમાં લેતા મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકાય.

Trekkingtoes.Com

Allotment & Listing Process

Trekkingtoes.Com

Issue Closed	20-8-2020
Finalization of Basis of Allotment	25-8-2020
Initiation of Refunds	26-8-2020
Credit of Equity Shares	27-8-2020
Listing	28-8-2020

Happy Cabs ના નામથી ઓળખાતી આ કંપનીનો રૂ. ૧૦ ની ફેસવેલ્યુનો ૪,૩૩,૨૦૦ ઈક્વિટી શેર્સનો ઈસ્યુ તા. ૧૮ ઓગસ્ટના રોજ ખુલી ૨૦ ઓગસ્ટના રોજ બંધ થઈ ચુક્યો છે. કંપનીની પ્રતિશેર રૂ. ૧૦૫ ના ફિક્સ્ડ ભાવે એકંદરે રૂ. ૪.૫૪ કરોડ એકત્ર કરવાની યોજના હતી. આ ઈસ્યુ તા. ૨૦ ઓગસ્ટે અંતિમ દિવસે ૧.૫૫ ગણો ભરાઈ જતા માર્કેટમાંથી પાર ઉતરવામાં સફળ રહ્યો છે. આ BSE SME IPO નું એલોટમેન્ટ તા. ૨૫ ઓગસ્ટે, રિફંડ તા. ૨૬ ઓગસ્ટે અને ઈક્વિટી શેર્સ ડિમેટ ખાતામાં તા. ૨૭ ઓગસ્ટના રોજ જમા આવશે. શેરનું લિસ્ટીંગ તા. ૨૮ ઓગસ્ટના રોજ થશે જેના પર બજારની નજર રહેશે.

PSU Disinvestment

કેન્દ્ર સરકારે બજેટમાં વર્ષ ૨૦૨૦-૨૧ માટે ડિસઈન્વેસ્ટમેન્ટનો રૂ. ૨.૧૦ લાખ કરોડનો લક્ષ્યાંક રાખ્યો હતો પરંતુ Department of Investment and Public Asset Management (DIPAM) કે ૨.૧૦ લાખ કરોડના ટાર્ગેટ સાથે ચાલુ વર્ષે લગભગ પાંચ મહિના પુરા થવા આવ્યા છે છત્તાં ડિસઈન્વેસ્ટમેન્ટનું ખાતુ ખોલવામાં નિષ્ફળ રહેલ છે. જો કે, શેર વેચાણની પ્રક્રિયા નિષ્ફળ રહેવા પાછળ સરકારી અધિકારીઓ કોરોના વાઈરસ અને લોકડાઉનનું કારણ આગળ ધરી રહ્યા છે.

એક તરફ કોરોના મહામારીને કારણે સરકાર તરફથી જાહેર થઈ રહેલ સ્ટિમ્યુલસ પેકેજ પાછળ થઈ રહેલ જંગી ખર્ચને કવર કરવા ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયાને વેગ આપવા સિવાય છુટકો નથી. ગત મહિના દરમ્યાન BPCL અને Air India ના સ્ટ્રેટેજીક સેલની મુદ્દત લંબાઈ રહી છે. આ સંજોગોમાં આગામી સાત મહિનના સમયમાં ટાર્ગેટ પુરો કરવો મુશ્કેલ જણાય છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ. ૧ લાખ કરોડના ડિસઈન્વેસ્ટમેન્ટના ટાર્ગેટ સાથે સરકારે ૧,૦૦,૦૫૭ કરોડ એકત્ર કરી લક્ષ્યાંક હાંસલ કરવામાં સફળ રહી હતી ત્યારબાદ ૨૦૧૯-૨૦ ના વર્ષમાં સરકારના રૂ. ૮૦,૦૦૦ કરોડના ટાર્ગેટ સાથે રૂ. ૮૪૯૭૨ કરોડ હાંસલ કરી વધુ એક લક્ષ્યાંક સિધ્ધ કરવામાં સફળ રહેલ. ઉલ્લેખનીય છે કે, નવેમ્બર ૨૦૧૮માં માર્કેટમાં પ્રવેશેલ CPSE ETF ના FoFના ડિસઈન્વેસ્ટમેન્ટના ટ્રાન્ઝેક્શન થકી રૂ. ૧૭૦૦૦ કરોડની જંગી રકમ એકત્ર થઈ હતી.

LIC નો IPO

પ્રાપ્ત અહેવાલો અનુસાર દેશની સૌથી મોટી નાણાંકીય સંસ્થા LIC નો IPO લાવવાની તૈયારીઓ થઈ ચુકી છે અને એમ મનાય ચે કે, હાલમાં રૂ. ૯ થી ૧૦ લાખ કરોડનું વેલ્યુએશન ધરાવતી આ કંપની માટે સરકારે Pre-IPO Transaction Advisors (TAs) તરીકે SBI Caps and Deloitte ની નિમણુંક પણ થઈ ચુકી છે. આ TAsની નિમણુંક માટે પાંચ પ્લેયર્સને આમંત્રિત કરાયેલ જેમાં Deloitte, Citi, Credit Suisse, SBI Capital and Edelweiss Financial Services નો સમાવેશ થયો હતો જો કે, Edelweiss એ શોર્ટલિસ્ટીંગની પ્રોસેસમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. સૌથી જૂની તેમજ સૌથી મોટી ઈન્સ્યુરન્સ કંપની તરીકે ખ્યાતનામ સંસ્થાની એસેટ્સ રૂ. ૩૧ લાખ કરોડથી વધુ છે. સરકાર આ કંપનીમાં ૧૦૦ ટકા હિસ્સો ધરાવે છે. જેમાંથી ૮ થી ૯ ટકા હિસ્સાનું વેચાણ કરે તો પણ ઈસ્યુનું કદ રૂ. ૮૦,૦૦૦ થી ૯૦,૦૦૦ કરોડ થવા જાય છે, જે ભારતમાં નવો ઈતિહાસ સર્જશે. આ ઈસ્યુની વધુ વિગત અલગ બોક્સમાં દર્શાવેલ છે.

IRCTCનો ઓફર ફોર સેલ ઈસ્યુ આવશે

સરકારે હાલમાં Indian Railway Catering & Tourism Corporation (IRCTC) માં વધુ હિસ્સો વેચવા નિર્ણય કર્યો છે. આ અંગે DIPAM દ્વારા મર્ચન્ટ બેન્કર્સ પાસે બીડ મંગાવામાં આવી છે અને તેઓને ૧૦ સપ્ટેમ્બર સુધીમાં આ બીડ રજુ કરવામાં જણાવવામાં આવ્યું છે. સરકાર હાલમાં આ કંપનીમાં ૮૭.૪૦ ટકા હિસ્સો ધરાવે છે. સેબીના નિયમ અનુસાર સરાકરે પબ્લિક હોલ્ડિંગ ૨૫ ટકા કરવા તેનો હિસ્સો ઘટાડી ૭૫ ટકા કરવો જરૂરી છે. આ ઓફર ફોર સેલ ઈસ્યુ સપ્ટેમ્બર મહિનાના મધ્યમાં માર્કેટમાં પ્રવેશે તેવી સંભાવના છે.

LICનો મહાકાય IPO પ્રાયમરીમાર્કેટમાં ધમાલ મચાવશે
ઈસ્યુના આગમન પહેલાં ૨૦ લાખ નવા ડિમેટ એકાઉન્ટ ખુલવા વકી
કર્મચારીઓ અને યુનિટ હોલ્ડર્સને ડિસ્કાઉન્ટથી શેર ઓફર થશે

દેશની સૌથી મોટી જીવન વીમા કંપની LICના IPOના આગમનના ભણકારા વાગી રહ્યા છે. આ IPO દેશનો સૌથી મોટો જ નહીં બલ્કે નવો ઈતિહાસ રચવા સજ્જ બન્યો છે. જો કે, આગામી સમયમાં Reliance Jio તથા Reliance Retail નવો રેકર્ડ સ્થાપિત કરે તો અલગ બાબત છે.

ઉલ્લેખનીય છે કે, LICના એજન્ટોની સંખ્યા મોરેશિયસની વસતી બરાબર છે એટલુ જ નહીં, દેશના મ્યુચ્યુઅલ ફંડોમાં ૪૫ કંપનીઓનું જેટલુ AUM છે તેટલુ જ LICનું રોકાણ છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધીનું નેટવર્ક ધરાવતી આ કંપનીનું પ્રિમિયમ રૂ. ૩,૭૯,૪૦૦ કરોડ રહ્યું છે. કેનેડાના પુરા જીવન વીમા સેક્ટરનું પ્રિમિયમ ૩.૭૦ લાખ કરોડનું છે. હાલમાં ભારતમાં કુલ પ્રાઈવેટ કંપનીઓએ જારી કરેલ પોલિસીની સંખ્યા ૭૦ લાખ છે જ્યારે LIC દ્વારા જારી કરવામાં આવેલ પોલિસીની સંખ્યા ૨.૧૯ કરોડ છે. LICના એજન્ટોની સંખ્યા ૧૨ લાખની છે અને મોરેશિયની વસતી પણ ૧૨ લાખની છે.

LICનું કુલ વેચાણ ૨૯,૧૯,૪૭૮ કરોડ છે જ્યારે દેશના કુલ ૪૫ મ્યુચ્યુઅલ ફંડનું AUM તેનાથી ઓછુ એટલે કે, ૨૭.૨૮ લાખ કરોડ છે. LICની શાખાઓની સંખ્યા ૬,૫૦૦ની છે જ્યારે ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેન્ક HDFCની શાખાઓની સંખ્યા ૫૪૧૬ છે. સરકાર LICમાં ૧૦ ટકા હિસ્સો વેચવા માંગે છે જેના વેચાણ થકી રૂ. ૯૦,૦૦૦ કરોડ પ્રાપ્ત થઈ શકે છે.

એમ મનાય છે કે, કંપની તેના યુનિટધારકો, કર્મચારીઓને ડિસ્કાઉન્ટ ભાવે શેર ઓફર કરી શકે છે. કંપની હાલમાં ૧.૨૫ લાખ કર્મચારીઓ ધરાવે છે. આ IPOનું લિસ્ટીંગ માત્ર દેશમાં જ નહીં, બલ્કે વિદેશમાં પણ મોટી અસર થશે.

એક અંદાજ મુજબ આ LICના IPOના આગમન પહેલાં દેશમાં ૨૦ લાખ નવા ડિમેટ એકાઉન્ટ ખુલવાની શકયતા છે. અત્યાર સુધીમાં સૌથી મોટો IPO - Coal India નો રૂ. ૧૫૦૦૦ કરોડનો હતો અને તે ૨.૧ ગણો છલકાયો હતો જ્યારે આ ઈસ્યુમાં રિટેલ ઈન્વેસ્ટરોનો હિસ્સો ૩૫ ટકા લેખે ૨૮ હજાર કરોડનો હોઈ શકે છે. હાલમાં બજારમાં પોલિસીની બાબતમાં ૭૫ ટકા હિસ્સો ધરાવતી ફર્સ્ટ યર પ્રિમિયમમાં ૬૬ ટકા હિસ્સેદારી છે. લિસ્ટીંગ બાદ આ કંપની દેશની સૌથી મૂલ્યવાન કંપની બની રહેશે.

History of LIC



The Parliament of India Passed the Life Insurance Corporation Act on the 19th Of June 1956 and the Life insurance Corporation of India was created on 1st September, 1956, with the objective of spreading Life Insurance much more widely and in particular to the rural areas with a view to reach all insurable person in the country, providing them adequate financial cover at a reasonable cost.

સ્માર્ટ બેસ્ટ બાય

S. N. Zaveri

એસબીઆઈ લાઈફ : નિફટી-૫૦માં સમાવેશથી સ્ટોકમાં કરંટ જોવાય

જર્મન ટેલિકોમ કંપની ટેલીફોનિકાએ ૫જી માટે ટેક મહિન્દ્રાની પસંદગી કરી

યુફ્લેક્સનો નફો બમણો થયો, સ્ટોક માર્ચના તળીયેથી ૩ ગણો ઊછળ્યો

રામકો સિમેન્ટ : ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સરકારના ફોકસને પગલે ફાયદો થશે

હીરો મોટોકોર્પ : શેર ટોપ ગીયરમાં, બાવન સપ્તાહની વધુ એક નવી ટોચ પર

SBI Life Insurance (Rs. 861.00) (Code : 540719)

એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીનો સપ્ટેમ્બર ૨૫થી નિફટી ૫૦ માં સમાવેશ થશે. એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સના સમાવેશથી ઈન્ડેક્સમાં સમાવેશ થનારી બીજી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની બનશે. અગાઉ એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સનો તેમાં સમાવેશ થયો હતો ઈન્ડાઈસીસની અર્ધ-વાર્ષિક સમિક્ષાના ભાગરૂપે નિફટી ૫૦માં ફેરફાર અપેક્ષિત હતો. એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ એસબીઆઈ અને પીએનબી પારિબાસ વચ્ચેનું એક સંયુક્ત સાહસ છે, જેની રચના ૨૦૦૧માં થઈ હતી. કંપની પરંપરાગત અને યુનિટ લિંક પ્લાન્સ સહિત વ્યક્તિગત અને ગ્રૂપ વીમા યોજનાઓની ઓફર કરે છે. તેના ઉત્પાદનો જીવન, સ્વાસ્થ્ય,એન્યુઈટી, પેન્શન અને વિવિધ વીમાઓને આવરી લે છે. રીન્યુઅલ પ્રીમિયમની પૃષ્ઠભૂમિ પર નાણાકીય વર્ષ ૨૦ના પ્રથમ ક્વાર્ટરમાં કંપનીનું ગ્રોસ રીટર્ન પ્રીમિયમ (જીડબલ્યુપી) વાર્ષિક ધોરણે ૧૪.૨ ટકા વધ્યું હતું. જોકે, ન્યૂ બિઝનેસ પ્રીમિયમ (એનબીપી) વાર્ષિક ધોરણે ૨.૯ ટકા ઘટ્યું હતું. વ્યક્તિગત (વાર્ષિક ધોરણે -૨૮.૪ ટકા) અને પ્રોટેક્શન બિઝનેસ (વાર્ષિક ધોરણે -૩૪.૧ ટકા) મોરચે પ્રીમિયમ્સ ઘટ્યા હતા. એન્યુઅલાઈઝ્ડ પ્રીમિયમ ઈક્વિવેલન્ટ (એપીઈ)માં પણ ઘટાડો જોવા મળ્યો હતો. તેમાં એકંદર ધોરણે વાર્ષિક ૩૨.૧ ટકાનો ઘટાડો થયો હતો. રોકાણ આવક (વાર્ષિક ધોરણે +૧૮૮.૩ ટકા)માં વધારા અને કુલ ખર્ચ (વાર્ષિક ધોરણે -૧૦.૬ ટકા)માં ઘટાડાના પગલે પીએટી વાર્ષિક ધોરણે ૫.૧ ટકા વધ્યું હતું. સ્ટોક એકત્ર કરવો મૂલ્યવાન છે.

Tech Mahindra (Rs. 732.00) (Code : 532755)

જર્મન ટેલિકોમ કંપની ટેલિફોનિકા ડ્યુસલેન્ડે ગયા બુધવારે જાહેરાત કરી હતી કે તેણે તેના નેટવર્ક સર્વિસ ઓપરેશન્સ, ૫જી વિકસાવવા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ યુઝ માટે એન્ટરપ્રાઈઝ સર્વિસ પ્રોવાઈડર ટેક મહિન્દ્રાની પસંદગી કરી છે. ટેલિકોમ ક્ષેત્રમાં કંપનીની વ્યાપક ક્ષમતા, એન્ટરપ્રાઈઝ બિઝનેસમાં ક્ષમતામાં સુધારો અને વધુ સારી બજાર વ્યૂહરચના કંપનીને આવક પેદા કરવામાં મદદરૂપ થશે. ટેક મહિન્દ્રાએ સફળતાપૂર્વક પોતાને એક ટેલિકોમ સેન્ટ્રીક કંપનીમાંથી એન્ટરપ્રાઈઝ સેગ્મેન્ટમાં વિવિધ ઓફર્સના વ્યાપક પોર્ટફોલિયો સાથેની કંપનીમાં પરિવર્તિત કરી છે. સબકોન્ટ્રાક્ટિંગ ખર્ચમાં ઘટાડો, ઊંચા ઓફશોર મિક્સ, હસ્તગત કરેલા એકમોની વધુ સારી નફાકારકતા અને નફો નહીં કરતાં ઓપરેશન્સમાંથી વિજાય કંપનીને માર્જિન્સમાં સુધારો કરવામાં મદદરૂપ થશે. જૂન ૩૦, ૨૦૨૦ સુધીમાં કંપનીમાં પ્રમોટર્સનો હિસ્સો ૩૫.૮ ટકા હતો જ્યારે એફઆઈઆઈનો હિસ્સો ૩૯.૬ ટકા, ડીઆઈઆઈનો હિસ્સો ૧૩.૨ ટકા અને પબ્લિક તથા અન્યોનો હિસ્સો ૧૧.૩ ટકા હતો. રોકાણ કરો.

U-Flex (Rs. 366.00) (Code : 500148)

ભારતની સૌથી મોટી મલ્ટીનેશનલ ફ્લેક્સિબલ પેકેજિંગ કંપની યુફ્લેક્સ લિ.એ નાણાકીય વર્ષ ૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૧૯૬.૫૪ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરની સરખામણીમાં ૧૧૬.૧૯ ટકાની વૃદ્ધિ

Cont...

દર્શાવે છે. કંપનીનું કોન્સોલિડેટેડ નેટ વેચાણ રૂ. ૧૯૯૨.૬૮ કરોડ હતું, જે નાણાકીય વર્ષ ૨૦ના પહેલા ક્વાર્ટરમાં રૂ. ૧૯૭૮.૨૭ કરોડની સરખામણીમાં વાર્ષિક ધોરણે ૦.૭૩ ટકાનો ઊછાળો દર્શાવે છે. નેટ પ્રોફિટ માર્જિન ૫.૨૬ ટકા વધીને ૯.૮૬ ટકા રહ્યું હતું. સમાન સમયમાં કંપનીનો ઈબીઆઈટીડીએ ૫૨.૧૪ ટકા વધીને રૂ. ૪૧૬.૨૫ કરોડ રહ્યો હતો. ઈબીઆઈટીડીએ માર્જિન ૭ ટકા વધીને ૨૦.૮૯ ટકા થયું હતું. દરમિયાન યુફ્લેક્સ રૂ. ૨,૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના બનાવી રહી છે. કંપની બે તબક્કામાં રોકાણ કરશે અને ૨,૦૦૦ લોકોની ભરતી કરશે. કંપનીને એક યુનિટ સ્થાપવા ૫૫ એકર જમીનનીજરૂર છે. તેથી કંપની કોરોના કટોકટી છતાં આક્રમક્તાથી આગળ વધી રહી છે. તાજેતરના મહિનાઓમાં સ્ટોકમાં તીવ્ર ઊછાળો આવ્યો છે. સ્ટોક માર્ચમાં રૂ. ૧૧૯ના તળીયેથી ત્રણ ગણો ઊછળ્યો છે અને હવે રૂ. ૩૭૦ના સ્તરે ટ્રેડિંગ થઈ રહ્યો છે. તેના વેલ્યુએશન્સ હજી પણ આકર્ષક દેખાય છે. તબક્કાવાર ખરીદો.

The Ramco Cement (Rs. 731.00) (Code : 500260)

રામકો સીમેન્ટ : રામકો સીમેન્ટ દેશમાં ૧૬.૬૯ મેટ્રિક ટન (દક્ષિણ - ૧૨.૪૯ એમટી અને પૂર્વ - ૪.૨ એમટી)ની કુલ ઉત્પાદન ક્ષમતા સાથે પાંચમા ક્રમની મોટી કંપની છે. રામકો સીમેન્ટ હાલમાં દક્ષિણ (૨ એમટી) અને પૂર્વ (૨ એમટી) બંનેમાં તેની ઉત્પાદન ક્ષમતા વિસ્તારીને નાણાકીય વર્ષ ૨૧ સુધીમાં કુલ ક્ષમતા ૨૦.૮ એમટી (કેપેક્સ રૂ. ૩૫૩૦ કરોડ) કરી રહી છે. રામકો સિમેન્ટ્સનું પ્રતિ ટન રિયલાઈઝેશન અને ઈબીઆઈટીડીએ તેની સમકક્ષ અન્ય કંપનીઓની સરખામણીમાં સૌથી વધુ છે. પોતાની કેપ્ટિવ વીન્ડમિલ્સ અને દરિયાઈ માર્ગે પરિવહનને કારણે કંપનીના પ્રીમિયમ ઉત્પાદનો અને સ્પર્ધાત્મક બાબતમાં કંપની આગળ છે. ઈંધણના ભાવોમાં નરમાઈ માર્જિન વધારશે. અર્થતંત્રને ફરીથી બેઠું કરવાની સરકારની કટીબદ્ધતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ખર્ચને પ્રોત્સાહન સીમેન્ટની માગમાં વૃદ્ધિ માટે પ્રોત્સાહક પરિબળ છે. દેશમાં ભારે વરસાદ પણ ખરીફ વાવેતર માટે લાભદાયક પૂરવાર થઈ રહ્યો છે, જેથી ગ્રામીણ વિસ્તારોમાં માગ ફરીથી સજીવન થઈ શકે છે. હાલમાં આ શેર રૂ.૭૩૧ના ભાવે શુક્રવારે બંધ આવ્યો છે. સિમેન્ટ શેરોમાં તે વેલ્યૂએશનની દૃષ્ટિએ ખરીદવા લાયક છે. ખરીદો.

Hero Moto Corp. (Rs. 3035.00) (Code : 500182)

હીરો મોટોકોર્પ : હીરો મોટોકોર્પનો શૅર ગયા સપ્તાહે શુક્રવારે રૂ.૩૦૪૯ની બાવન સપ્તાહની નવી ટોચે પહોંચ્યો હતો અને તેની નજીક રૂ.૩૦૩૫ પર બંધ આવ્યો છે. માર્ચથી આ શેર ટોપ ગીયરમાં સતત આગેકૂચ કરતો રહ્યો છે. વર્તમાન ભાવે પણ તે વેલ્યૂએશનની દૃષ્ટિએ આકર્ષક છે. આથી તેમાં આગેકૂચ ચાલુ રહેવાની શક્યતા વધારે છે. ગ્રામીણ બજારમાં વપરાશમાં મજબૂત રિકવરીના પગલે કંપની પર કોરોનાની બહુ ઓછી અસર થઈ છે. ચોમાસું ખૂબ સારી રીતે આગળ ધપીરહ્યું છે જેને પગલે ગ્રામીણ માંગ વધશે તેવી વધુ શક્યતા છે. જંગી રવી પાક અને તહેવારોની આગામી મોસમ સહિત અનેક પરીબળોના સંયોજનના કારણે આગામી કેટલાક મહિનામાં તેજીનું વલણ જળવાઈ રહેશે. હીરો મોટોકોર્પે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં મોટરસાઈકલ અને સ્કૂટર મળીને કુલ ૫,૬૩,૪૨૬ વાહનોનું વેચાણ કર્યું હતું. મુશ્કેલ વાતાવરણમાં પણ માર્જિન જળવાઈ રહ્યું છે. આ શેરમાં દરેક ઘટાડે ખરીદી કરો.

દલાલ સ્ટ્રીટની ગપસપ

Dilip K. Shah

GMM Pfaudler (રૂ. ૬૦૦૩.૦૦) (કોડ : ૫૦૫૨૫૫) :- હેવી એન્જીનીયરીંગ ક્ષેત્રે કાર્યરત આ કંપનીનોશેર છેલ્લાં એક મહિનામાં ૫૦ ટકા અને ૬ મહિનામાં ૮૨ ટકા અને એક જ વર્ષમાં ૩૩૦ ટકા, બે વર્ષમાં ૪૫૦ ટકા ઉછળી ચુક્યો છે. આ MNC કંપનીએ યુ.કે.ની PFAUDLER ગ્રુપનો ગ્લોબલ બિઝનેસમાં ૫૪ ટકા મેજોરેટી સ્ટેક ખરીદવાનો કરાર કરતા સ્ટોક અપર સર્કિટ સાથે નવી ટોચ બનાવી રહ્યો છે.

Divis Labs. (રૂ. ૩૨૪૭.૦૦) (કોડ : ૫૩૨૪૮૮) :- ફાર્મા સેક્ટરની આ કંપનીને ૨૫ સપ્ટેમ્બરે NSEએ તેના નિફટી-૫૦ માં સામેલ કરતા આગામી દિવસોમાં સ્ટોકમાં મોટી હલચલ જોવાય.

Aarti Drugs (રૂ. ૩૧૨૨.૦૦) (કોડ : ૫૨૪૩૪૮) :- તારાપુર Sarigam ખાતે ઉત્પાદન યુનિટ ધરાવતી આ કંપની તાજેતરમાં મળેલ બોર્ડ મીટીંગમાં ૩:૧ ના પ્રમાણમાં એક શેર ત્રણ શેર બોનસ તરીકે જાહેરાત કરતા શેર ૧૦ ટકાની અપર સર્કિટમાં જોવાયો છે. છેલ્લાં સેશનમાં ૪૮ ટકાનો જંગી ઉછાળો જોવાયો છે.

SBI Life Insurance (રૂ. ૮૬૨.૦૦) (કોડ : ૫૪૦૭૧૯) :- ૨૫ સપ્ટેમ્બરથી એનએસઈ તાજેતરમાં એસબીઆઈ લાઈફ તેમજ ડિવિસ લેબ્સને નિફટી-૫૦ માં સામેલ કર્યા છે જ્યારે તેની સામે ભારતી ઈન્ફ્રાટેલ, ઝી ટેલી ને નિફટી-૫૦ માંથી બહાર કર્યા છે.

Triveni Engineering (રૂ. ૭૮.૦૦) (કોડ : ૫૩૨૩૫૬) :- સુગરના ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત તેમજ એન્જી. બિઝનેસની સાથે ડાયવર્સિફાઈડ ઉત્પાદક કંપનીની ૧૭ ઓગસ્ટે મળેલ બોર્ડ મીટીંગમાં કંપનીએ ૬૧૯૦૦૦૦ ઈક્વિટી શેર્સ પ્રતિ શેર રૂ. ૧૦૫ ના ભાવે બાયબેક કરવાની જાહેરાત કરતા શેરમાં હલચલ વધી છે. લગભગ ૨૫ ટકાનું અંતર હોવાથી શેર ફોકસમાં જોવાય.

V-Guard (રૂ. ૧૭૩.૦૦) (કોડ : ૫૩૨૯૫૩) :- ઈલેક્ટ્રીક એપ્લાયન્સીસ ઉત્પાદન કરતી આ કંપનીના કાઉન્ટર ઉપર એસબીઆઈ મ્યુ. ફંડે ઓપન માર્કેટમાંથી ૫૪૯૬૭૧૯ શેર્સ એટલે કે ૨.૨ ટકા સ્ટેક ખરીદતા આ શેરમાં કરંટ જોવાય.

Tata Power (રૂ. ૬૨.૦૦) (કોડ : ૫૦૦૪૦૦) :- છેલ્લાં એક સપ્તાહથી આ શેર લાઈમલાઈટમાં જોવાઈ રહ્યો છે. કંપનીની ગાઈડલાઈન અનુસાર આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫ સુધીમાં આવક બે ગણી અને નેટ પ્રોફિટ ત્રણ ગણો વધવાની સંભાવના છે. મોર્ગન સ્ટેન્લીએ આ શેરનું ઓવરવેટ રેટીંગ આપ્યું છે.

Jindal Stainless (રૂ. ૫૧.૦૦) (કોડ : ૫૩૨૫૦૮) :- આ કંપની માટે ઈન્ડિયા રેટીંગ લોંગટર્મ ઈસ્યુનું રેટીંગ અપગ્રેડ કરતા શેર બાવન સપ્તાહની નવી ટોચ બનાવી રહ્યો છે.

IOB (રૂ. ૧૧.૭૦) (કોડ : ૫૩૨૩૮૮) :- જાહેર ક્ષેત્રની આ બેન્કમાં ૯૫.૮૪ ટકા હોલ્ડિંગ ધરાવે છે. આ કંપનીએ તાજેતરમાં જાહેર કરેલા જુન ક્વાર્ટરના પરિણામો સંગીન રહેતા શેર નાના ઈન્વેસ્ટરોના રડાર ઉપર જોવાયો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૦ના પ્રથમ ક્વાર્ટરમાં ૧૨૦.૬૯ કરોડનો નેટ પ્રોફિટ નોંધાવ્યો છે જેની સામે ગત વર્ષે ૩૪૨.૦૮ કરોડની ખોટ નોંધાવી હતી. બેન્કની ગ્રોસ એનપીએ નેટ એનપીએમાં ઘટાડો નોંધાવ્યો છે.

Supreme Ind. (રૂ. ૧૩૬૪.૦૦) (કોડ : ૫૦૯૯૩૦) :- પ્લાસ્ટીક પ્રોડકટસનું ઉત્પાદન કરતી આ કંપની માટે jefferies એ બાય રેટીંગ જાળવવા સાથે ટાર્ગેટભાવ રૂ. ૧૪૧૦થી વધારીને રૂ. ૧૪૮૦ કર્યો છે.

Petronet LNG (રૂ. ૨૪૯.૦૦) (કોડ : ૫૩૨૫૨૨) :- ઓઈલ માર્કેટીંગ ડિસ્ટ્રીબ્યુશન ક્ષેત્રે કાર્યરત આ કંપનીએ જુન ક્વાર્ટરમાં કોન્સોલીડેટ નેટ પ્રોફિટ અને વેચાણમાં ઘટાડો નોંધાવ્યો હોવા છત્તાં કંપનીના પરિણામો અપેક્ષા કરતા સારા રહેતા મોર્ગન સ્ટેન્લીએ ઓવરવેઈટ રેટીંગ જાળવી રાખ્યું છે. એનાલીસ્ટોના મતે આગામી સમયમાં નીચા એલએનજીના ભાવ તેમજ વોલ્યુમમાં રીકવરી, લોંગટર્મ કોન્ટ્રાક્ટમાં ઉત્પાદન ક્ષમતામાં વધારો, ક્વાર્ટર ટુ ક્વાર્ટર PBTમાં ૩૫ ટકા ઉછાળાથી બુલીશ છે.

NTPC (રૂ. ૧૦૫.૦૦) (કોડ : ૫૩૨૫૫૫) :- જાહેર ક્ષેત્રની આ કંપનીએ જુન ક્વાર્ટરમાં નેટ નફામાં ૫.૯ ટકા, આવકમાં ૨.૭ ટકા ઘટાડો નોંધાવ્યો હોવા છત્તાંયે પરિણામો અપેક્ષા કરતા સારા રહેતા મોર્ગન સ્ટેન્લી ઓવરવેઈટ રેટીંગ સાથે ૧૩૮, સીએલએસએ બાય રેટીંગ સાથે ૧૪૦નો ભાવ, દોલત એ બાય રેટીંગ સાતે ૧૪૭ નો ભાવ આપ્યો છે. L&T સાથે Methanol કરાર કરતા શેરમાં હલચલ વધશે.

Cont.....

Voltas (રૂ. ૬૫૯.૦૦) (કોડ : ૫૦૦૫૭૫) :- કન્સ્ટ્રકશન ઈલે. ક્ષેત્રે કાર્યરત આ કંપનીના ક્વાર્ટર-૧ ના પરિણામો બાદ બ્રોકરેજીસ બાય રેટીંગ જાળવી રાખ્યું છે. સીટીએ ટાર્ગેટભાવ રૂ. ૬૪૦ થી વધારીને રૂ. ૭૨૦ કર્યો છે. સીએલએસએ ૫૬૦ થી વધારી ૬૭૦ ટાર્ગેટભાવ કર્યો છે. દોલત કેપીટલે ૭૩૦ નો ટાર્ગેટભાવ આપેલ છે.

CG Power (રૂ. ૧૭.૦૦) (કોડ : ૫૦૦૦૯૩) :- ત્રણ મહિના દરમ્યાન શેરના ભાવમાં ૧૩૭ ટકાનો ઉછાળો જોવાયોછે. હાલમાં આ કાઉન્ટર ઉપર સેલર્સની ગેરહાજરીમાં માત્ર બાયર્સ ઉભા છે તાજેતરમાં Singularity Holdings એ ૩૫ લાખ શેર્સ પ્રતિ શેર રૂ. ૧૩.૯૫ ના ભાવે બ્લુ ડાયમંડ પ્રોપર્ટીસે રૂ. ૧૩.૯૭ ના ભાવે લગભગ ૪,૧૨,૭૭૮ શેર્સની ખરીદી કરી હતી.

Birla Soft (રૂ. ૧૭૩.૦૦) (કોડ : ૫૩૨૪૦૦) :- આઈ.ટી. કન્સલ્ટીંગ સોફ્ટવેર ક્ષેત્રે કાર્યરત આ કંપનીએ હાલમાં Cloud - LED Digital Transformation માટે માઈક્રોસોફ્ટ સાથે કોલોબ્રેશન કરતા શેરમાં સતત ભાવ વૃધ્ધિ જોવાય.

Elgi Equipment (રૂ. ૨૨૬.૦૦) (કોડ : ૫૨૨૦૭૪) :- આ કંપનીની તાજેતરમાં મળેલી બોર્ડ મીટીંગમાં ૧:૧ ના પ્રમાણમાં બોનસ શેરની જાહેરાત કરતા શેરમાં ૨૦ ટકાની સર્કીટ જોવાઈ છે.

Aarti Industries (રૂ. ૧૧૭૧.૦૦) (કોડ : ૫૨૪૨૦૮) :- સ્પે. કેમીકલ્સ ક્ષેત્રે કાર્યરત આ કંપની ૧૨ ઓગસ્ટના રોજ જાહેર કરેલ પરિણામોમાં કંપનીની કામગીરી મિશ્ર રહી હોવા છત્તાં શેરના ભાવમાં ૧૨ ટકા જેટલો ઉછાળો જોવાયો છે. કોવિડ-૧૯ ને કારણે પડકારરૂપ દેખાવ છત્તાં કંપનીની ઉત્પાદન ક્ષમતામાં થઈ રહેલ વૃધ્ધિ વધુ સારૂ પ્રોડક્ટ મીક્ષ તેમજ આગામી વર્ષોમાં ૧૫ થી ૨૦ ટકાના આવકના ગ્રોથની સંભાવનાએ એનાલીસ્ટો આ શેર માટે બુલીશ છે.

Britannia (રૂ. ૩૮૮૨.૦૦) (કોડ : ૫૦૦૮૨૫) :- એફએમસીજી ક્ષેત્રે કાર્યરત આ કંપનીએ ચાલુ નાણાંકીય વર્ષમાં પ્રતિ શેર રૂ. ૮૩ નું ઈન્ટ્રીમ ડિવિડંડ જાહેર કર્યું હતું. તા. ૧૭ મી ઓગસ્ટના રોજ મળેલ બોર્ડ મીટીંગમાં કંપનીએ આ સાથે નોન કન્વર્ટીબલ રીડીમેબલ ફુલ્લી પેઈડ ડિબેન્ચરના ઈસ્યુને મંજુરી આપી છે. આ કોમર્શિયલ પેપર મારફતે કંપની રૂ. ૧૦૦૦ કરોડ એકત્ર કરશે.

IIFL Wealth (રૂ. ૧૧૧૯.૦૦) (કોડ : ૫૪૨૭૭૨) :- પ્રાઈવેટ વેલ્થ મેનેજમેન્ટ સાથે સંકળાયેલી આ કંપનીની બોર્ડ મીટીંગ પ્રતિ શેર રૂ. ૪૦ નું ઈન્ટ્રીમ ડિવિડંડની જાહેરાત કરી હતી ઉપરાંત કંપનીનો નેટ પ્રોફિટ ૬૧.૫૫ કરોડથી વધીને ૮૨.૩ કરોડ થયો હતો. આવક સાધારણ ઘટીને ૩૫૦ કરોડ જોવાઈ હતી.

Sterlite Techno (રૂ. ૧૪૮.૦૦) (કોડ : ૫૩૨૩૭૪) :- તાજેતરમાં ૭૪માં ઈન્ડીપેન્ડન્ટ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી ૧૦૦૦ દિવસોમાં ૬ લાખ ગામોને ઓપ્ટીકલ ફાઈબરથી જોડવાની જાહેરાત કરી છે. આમ આ નેટવર્કનો સૌથી વધુ લાભ સ્ટર્લાઈટ ટેકનો, અક્સ ઓપ્ટીફાઈબર, એચએફસીએલ, ફિનોલેક્સ કેબલ, બિરલા કેબલ વિગેરેને મળતો જોવાશે.

Glenmark Pharma (રૂ. ૪૯૨.૦૦) (કોડ : ૫૩૨૨૯૬) :- આ કંપનીએ ૧૭ ઓગસ્ટના રોજ જુન ક્વાર્ટરના અફલાતુન પરિણામો જાહેર કરતા શેર લાઈમલાઈટમાં જોવાયોછે. કોન્સોલીડેટ નેટ નફો બે ગણો ઉછળીને ૨૫૪ કરોડ જ્યારે આવક સાધારણ વધીને ૨૩૪૫ કરોડ થઈ છે. નોમુરાએ આ સ્ટોક માટે બાય રેટીંગ સાથે ૬૬૩ નો ટાર્ગેટભાવ આપ્યો છે.

SUN TV (રૂ. ૪૭૪.૦૦) (કોડ : ૫૩૨૭૩૩) :- બ્રોડકાસ્ટીંગ કેબલ ક્ષેત્રે કાર્યરત આ કંપનીએ જાહેર કરેલ ક્વાર્ટલી પરિણામોમાં નેટ પ્રોફિટમાં ૩૩ ટકાનું ગાબડુ પડવા છતાંયે રીસર્ચ ફર્મ સીએલએસએ આ શેર માટે બાય રેટીંગ જાળવી રાખી ૪૯૦ નો ટાર્ગેટભાવ આપતા શેરમાં હલચલ વધતી જોવાય.

Gillette India (રૂ. ૫૩૪૬.૦૦) (કોડ : ૫૦૭૮૧૫) :- આ કંપની પેકેજડ એફએમસીજી તેમજ ઓરલકેર બિઝનેસમાં કાર્યરત છે. તાજેતરમાં એલઆઈસીએ આ કંપનીના કાઉન્ટર ઉપર ૧૭૦૦૦ ઈક્વિટી શેર ૦.૫૨ ટકા સ્ટેક ખરીદતા સ્ટોક લાઈમલાઈટમાં રહેતો જોવાય.

Yes Bank (રૂ. ૧૫.૫૭) (કોડ : ૫૩૨૬૪૮) :- ગત મહિનાઓ દરમ્યાન રૂ. ૧૫૦૦૦ કરોડના એફપીઓ સાથે માર્કેટમાં પ્રવેશેલ આ કંપનીનો શેર તેના ઓફરભાવ નજીક ૧૨.૩૦ ના ભાવે લિસ્ટેડ થયો હતો. આ બેન્કે તાજેતરમાં તેની રૂ. ૫૦,૦૦૦ કરોડની સ્પેશ્યલ લિક્વિડીટી ફેસીલીટી SLFની સામે રૂ. ૩૫૦૦૦ કરોડનું રીપેમેન્ટ કરતા શેરમાં ઉછાળો જોવાય.



Investor's Third Eye

Smt. Dr. Hemavathy / Padmanaban (Chennai)
E-mail : investorsthirdeye@gmail.com

Astrological planetary predictions FOR STOCK MARKET INVESTMENTS (AUG 24TH TO AUG 30TH 2020)

નવા સપ્તાહમાં શુક્ર અને રાહુ બંન્ને બુધ અને મિથુન રાશિમાં સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે. સુર્યના ઘરમાં બુધનો સંયોગ તથા મેષ રાશિમાં સિંહ અને મંગળ, શનિ પોતાના ઘરમાં જ સ્થાન ગ્રહણ કરી રહ્યો છે, ધનુ રાશિમાં મકર, ગુરુ અને કેતુની હાજરી, તુલા, વૃશ્ચિક અને ધનુ રાશિમાં ચંદ્રની મજબૂત ઉપસ્થિતિ જોવા મળી રહી છે. ૨૪ અને ૨૫ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ મંગળ પોતાના ઘરમાં સ્થાન ગ્રહણ કરી રહ્યો છે. મેષ રાશિ સુર્ય તરફ પાંચમું સ્થાન ગ્રહણ કરી રહી છે, સિંહ રાશિમાં બુધ તેમજ તુલા રાશિમાં ચંદ્રનું સાતમું સ્થાન ગ્રહણ કરવાથી ઘણા અંશે માર્કેટને ટેકો મળવાની શક્યતા છે. ૨૬ અને ૨૭ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ શુક્ર અને રાહુ બંન્ને ગુરુમાં સાતમું સ્થાન ગ્રહણ કરી રહ્યાં છે તથા ધનુ રાશિમાં કેતુ અને મિથુન રાશિ તરફ ચંદ્ર છઠ્ઠું સ્થાન ગ્રહણ કરતો હોવાથી શેરબજારમાં વોલેટાલિટીની સંભાવના રહી શકે છે. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ ચંદ્ર, ગુરુ અને કેતુનું ધનુ રાશિમાં સંયોજન તેમજ કેતુમાં ચંદ્ર સુર્ય અને બુધની દિશામાં નવમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે. સિંહ રાશિમાં બુધની હાજરીથી શેરબજારમાં વોલેટાલિટી જળવાઇ રહેવાની સંભાવના છે. સરકારની માલીકીની કંપનીઓ, સંરક્ષણ, ઉડ્ડયન, રસાયણ, બાયોટેકનોલોજી, ફાર્માસ્યુટિકલ્સ, બિયારણનું ઉત્પાદન કરતી કંપનીઓ, ટ્રેક્ટર અને એગ્રો મશીનરીનું ઉત્પાદન કરતી કંપનીઓ, હેલ્થ સેક્ટર, ખાતર, રેલવે માટે કાર્યરત કંપનીઓના શેર્સમાં ઉત્કૃષ્ટ કામગીરીની અપેક્ષા છે. નાથ બાયો જેન્સ, જેકે એગ્રી જિનેટિક્સ, ગ્લોબસ સ્પિરિટ્સ, કાવેરી સીડ્સ, ઔરો લેબ, પેનાસોનિક એનર્જી, હેસ્ટર બાયો સાયન્સિસ, ભારત ડાયનામિક્સ, એચએએલ જેવી કંપનીઓના શેર્સમાં સારી કામગીરી જોવા મળી શકે છે.

Astrological planetary predictions for GOLD PRICE MOVEMENTS (AUG 24TH 2020 TO AUG 30TH 2020)

૨૪ અને ૨૫ ઓગસ્ટ, ૨૦૨૦ : તુલા રાશિના ઘરમાં ચંદ્ર શુક્ર તરફ પાંચમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે તેમજ મિથુન રાશિમાં રાહુ સંપત્તિના સ્વામી ગુરુની દિશામાં અગિયારમું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે. ધનુ રાશિમાં કેતુની ઉપસ્થિતિ સાથે સોનાના ભાવમાં સકારાત્મક કામગીરની અપેક્ષા છે.

૨૬ અને ૨૭ ઓગસ્ટ, ૨૦૨૦ : વૃશ્ચિક રાશિના ઘરમાં ચંદ્ર સોનાના સ્વામી ગુરુની દિશામાં ૧૨મું સ્થાન ગ્રહણ કરી રહ્યો છે તેમજ ધનુ રાશિ સાથે કેતુને કારણે સોનાના ભાવમાં વોલેટાલિટીની સંભાવના રહી શકે છે.

૨૮ ઓગસ્ટ, ૨૦૨૦ : ગુરુ રાશિમાં ચંદ્ર અને કેતુની ઉપસ્થિતિ સાથે ધનુ રાશિને કારણે સોનાના ભાવમાં વોલેટાલિટીની સંભાવના છે.





Senior Astrologer
Dharmesh Joshi
Mob. : 9909941816
E-mail :
stockmarket@ganeshaspeaks.com

Sensex Predictions : Dt. 24th August 2020 to 28th August 2020

દરેક ફળકથનમાં દસ મિનીટનો ગાળો પ્લસ-માઇનસ સમજીને પ્રિડીક્શન સમજવું ફળકથનને આગળના વાક્ય અને સમયની સરખામણીમાં સમજવું.

૨૪-૦૮-૨૦૨૦ સોમવાર

બેંક નિફ્ટી આવનાર ૫ દિવસ થોડી વધારે પડતી જ વોલેટીલીટી બતાવશે માટે બેંક નિફ્ટી માં ડેઇલી પોઝિશન બનાવશો. ૯.૧૫થી ૧૦.૪૫ દરમ્યાન નિફ્ટી અપ સાઇડ રહે. ૧૦.૪૫થી ૧૪.૨૫ દરમ્યાન નિફ્ટી માં સોફ્ટ સાઇડ જોબીંગ કરો. ૧૪.૨૫ પછી નિફ્ટી માં બાઇંગ આવી શકે છે.

૨૫-૦૮-૨૦૨૦ મંગળવાર

આજથી શુક્રવાર સુધી ક્લોઝિંગ થોડી સોફ્ટ હશે તેની તૈયારી સાથે આગળ વધશો. આજે પ્રોફિટ એન્ડ લોસ બંનેની તૈયારી સાથે સ્પેક્યુલેશનની તૈયારી રાખશો. ૧૦.૪૪ની આસપાસ નિફ્ટી સેલ કરો અને ૨ રૂપિયા મળતા નીકળી જાવ. ૧૩.૦૦ વાગ્યાની આસપાસ નિફ્ટી સેલ કરો અને ૨ રૂપિયા મળતા નીકળી જાવ. ૧૪.૧૪ ની આસપાસ નિફ્ટી બાય કરો અને ૧ રૂપિયા મળતા નીકળી જાવ.

૨૬-૦૮-૨૦૨૦ બુધવાર

ગઈકાલ જેવી પેટર્ન આજે પણ બનશે, ફક્ત જોવાનું છે કે ઓપનિંગ ક્યાંથી થાય છે. આજે લોકલ અને ગ્લોબલ બંનેની બેલેન્સ કરીને ઓબ્ઝર્વ કરીને ડિસીઝન લેશો. ૯.૧૫થી ૯.૩૦ દરમ્યાન ઓબ્ઝર્વ કરો. ૯.૩૦થી ૧૦.૪૫ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૦.૪૫થી ૧૨.૩૦દરમ્યાન નિફ્ટી ટા ઈમ પાસ કરે. ૧૨.૩૦થી ૧૩.૦૦ દરમ્યાન ટેકનિકલ બાઉન્સ આવે. ૧૩.૦૦થી ૧૪.૧૫ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. ૧૪.૧૫થી ૧૫.૧૫ દરમ્યાન નિફ્ટી અપ રહે. લાસ્ટ ૧૫ મિનીટ સ્લાઇટ પ્રોફિટ બુકિંગ આવે.

૨૭-૦૮-૨૦૨૦ ગુરુવાર

ચંદ્ર વૃશ્ચિક રાશિમાં હશે, સવારે ઓપનિંગમાં અને ૧૨.૩૭.૦૦ એ ધનુ રાશિમાં પ્રવેશ કરશે. આજે માર્કેટમાં ચંદ્રની પોઝિશન એટલી શુભ નથી, માટે બહુ વોલેટી લી ટી જોવા મળશે. ૯.૧૫થી ૧૨.૩૦ ના બે પાર્ટ કરો, જેમાં પાર્ટ-૧ માં અપ અને પાર્ટ-૨ માં ડાઉન રહે. ૧૨.૩૦ થી ૧૩.૦૦ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૩.૦૦થી ૧૩.૩૦ દરમ્યાન "No Position Zone" કહી શકાય. ૧૩.૩૦થી ૧૪.૩૦ દરમ્યાન નિફ્ટી ડાઉન રહે. ૧૪.૩૦થી ૧૫.૩૦ દરમ્યાન ઓવરઓલ અપ રહે, લાસ્ટ થોડી મિનીટો એવોઇડ કરો.

૨૮-૦૮-૨૦૨૦ શુક્રવાર

ચંદ્ર-કેતુ-ગુરૂનું કો મ્બીનેશન બને છે, જેથી પર્સનલ કુંડળી માં બહુ મજા નથી આવતી. તેથી આજે તમે મોટા ડિસીઝન એવોઇડ કરો. ઓપનિંગનો પહેલો ૧.૩૦ કલાક નિફ્ટી અપ રહે. ત્યાર બાદ ૧૦.૪૫ થી ૧૩.૪૫ દરમ્યાન નિફ્ટી નો કો ઈ ભરોસો નથી, દર ૧૫ મિનીટે ટ્રેન્ડ ચેન્જ થયા કરશે, માટે પોઝિશન વારંવાર ચેન્જ કરતા રહેશો. ૧૩.૪૫ થી ૧૪.૪૫ દરમ્યાન નિફ્ટી અપ રહે. ૧૪.૪૫ થી ૧૫.૩૦ દરમ્યાન બિલકુલ અનઈવન / બોરીંગ / પ્રોફિટ નહી મળે તેવો ટાઈમ સ્લોટ છે.

અદાણી ગ્રુપનો મલ્ટીબેગર શેર "અદાણી ગ્રીન એનર્જી"

એક જ વર્ષમાં અદાણી ગ્રીનમાં 741% નું માતબર રિર્ટન





BSE Code	541450
52 Week High (Rs.)	486.60
52 Week Low (Rs.)	42.55
M.Cap (Full) (Rs. Cr.)	59354.34
M.Cap. (FF) (Rs. Cr.)	14839.59
Face Value	Rs. 10

ગૌતમ અદાણીની કંપની અદાણી ગ્રીન એનર્જીનો શેર છેલ્લાં એક વર્ષમાં ૭૪૧ ટકાનું માતબર રિર્ટન આપ્યું છે. આ રિન્યુએબલ એનર્જી કંપનીને સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એસઈસીઆઈ) નો ૮ ગીગાવોટ વાળો પ્રોજેક્ટ ડેવલપ કરવા અંગે મેન્યુફેકચરિંગ લિકન્ડ સોલરનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. આ કરાર ૮ જુને રૂ. ૪૫૦૦૦ કરોડનો છે. આ ઓર્ડરની જાહેરાતે ૮ જુન પછી અત્યાર સુધીમાં અદાણી ગ્રીન એનર્જીના શેર ૨૪ ટકા વધી ૩૬૯ની ટોચે સ્પર્શી ગયો હતો.

અદાણી ગ્રીનનો શેર જુન ૨૦૧૮માં લિસ્ટેડ થયો હતો ત્યારથી આજ સુધીમાં શેર રૂ. ૨૯ થી ઉછળીને રૂ. ૩૬૯ ના લેવલે પહોંચી ગયો છે. બાવન સપ્તાહનો સૌથી ઉંચો ભાવ રૂ. ૪૮૬.૭૫ અને નીચો ભાવ રૂ. ૪૨.૫૦ નોંધાયો છે. શેરનું માર્કેટકેપ ૫૭૯૪૭ કરોડનું છે તાજેતરમાં કંપનીને રૂ. ૨૫૦૦ કરોડનું ભંડોળ એકત્ર કરવા શેરહોલ્ડરોની મંજુરી મળી રહી છે.

ચાલુ વર્ષે એપ્રિલમાં ફ્રાંસની એનર્જી કંપની Total SA એ કંપનીમાં ૫૦ ટકા ભાગીદારી માટે ૩૭૦૭ કરોડનું રોકાણ કર્યું હતું. આ ભાગીદારી દ્વારા દેશના ૧૧ રાજ્યોમાં ૨૧૪૮ ગીગાવોટના ઓપરેટિંગ સોલર પાવર પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવશે. હાલમાં કંપનીના પ્રમોટર્સ હોલ્ડિંગ ૭૫ ટકા અને ૨૫ ટકા પબ્લિકનું હોલ્ડિંગ છે.

શું ચાઈનીઝ શોર્ટ વીડિયો App. Tik-Tok ની ઘરવાપસી થશે ?

Tik-Tok ની પેરેન્ટ કંપની ByteDance એ Relianceનો સંપર્ક કર્યો



ByteDance is the developer of the video-sharing social networking service Douyin (TikTok). On November 9, 2017,

ચાઈનીઝ વીડિયો શેરીંગ એપ ટિકટોક (Tik-Tok) ની ઉપર ભારતમાં પ્રતિબંધ મુકાયા બાદ હવે તે ભારતમાં આવવા માટે સજ્જ બની છે. ટિકટોકની પેરેન્ટ કંપની ByteDance મુકેશ અંબાણીની માલિકીની રિલાયન્સ ઈન્ડ. ના સંપર્કમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બન્ને કંપનીઓ વચ્ચે જુલાઈ મહિનાના અંતમાં ચર્ચા - વિચારણા થઈ હોવાની બજારમાં હવા છે. જો કે, રિલાયન્સ એ ટિકટોક ખરીદવાની અટકળોને અફવા હોવાનું જણાવી રહ્યા છે.

પ્રાપ્ત અહેવાલો અનુસાર રિલાયન્સ ગ્રુપ ટિકટોકમાં રોકાણની શકયતા પર વિચારણા કરી રહી છે અને આ રોકાણથી કેટલો લાભ કે નુકશાન થશે તેનું એનાલીસીસ કરી રહી છે. બજારમાં એવી ચર્ચા છે કે, ટિકટોકના સીઈઓ કેવિન મેયરનો રિલાયન્સના અધિકારીઓનો સંપર્ક કર્યો છે. ટિકટોકની આ ઓફર બાદ રિલાયન્સની ટેલિકોમ યુનિટ રિલાયન્સ જિયોની ટીમ પણ આ ઓફર પર વિચાર કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, યુ.એસ. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટિકટોકને ૧૫ સપ્ટેમ્બર સુધીની મુદત આપી છે. આથી ટિકટોક હવે તેના અમેરિકન ઓપરેશન્સ માઈક્રોસોફ્ટને વેચવા માટે તે કંપની સાથે વાટાઘાટો કરી રહી છે. એક અંદાજ મુજબ ટિકટોકના બિઝનેસની ભારતમાં વેલ્યુ ૩ બિલિયન ડોલર અને યુ.એસ.માં વેલ્યુ ૩૦ બિલિયન ડોલર આંકવામાં આવી રહી છે. અત્રે નોંધનીય છે કે, ગલવાન ઘાટીમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થતા ભારતે ચાઈનાની ૫૯ ચીની એપ્સ પર બાન મુક્યો હતો.



Apple માં ૧૦ વર્ષ પહેલા ૧૦૦૦ ડોલરનું વર્તમાન મુલ્ય ૧૨૯૦૦ ડોલર
૧૨ ડિસેમ્બર ૧૯૮૦ના દિવસે ૨૨ ડોલરથી લિસ્ટેડ થયેલ






કંપનીએ તેના કર્મચારીઓને કંપનીના નામ રાખવા અંગે સુચનો તેમજ નામ મંગાવ્યા. કર્મચારીઓ ત્રણ મહીના દરમ્યાન અનેક નામો લાવ્યા પરંતુ કંપનીના પ્રમોટરને તે નામો ગમ્યા નહીં ! એક દિવસ કંપનીના મુખ્ય પ્રમોટર બપોરનું ભોજન લીધા બાદ તેમનું પ્રિય ફ્રુટ Apple થોડુ ખાઈને ટેબલ ઉપર મુક્યું ત્યારે તેમને એ Apple જોઈને વિચાર આવ્યો કે મારી કંપનીનો લોગો હું અડધુ ખાધેલુ Apple જેવો અને કંપનીનું નામ પણ Apple જ રાખુ તો ! અન્ય પ્રમોટરો અને કર્મચારીઓ સંમત થતા કંપનીનું નામ Apple રાખવામાં આવ્યું.

Apple તે પ્રથમ US બેઝડ કંપની છે જેનું માર્કેટકેપ ૨ ટ્રિલિયન ડોલરને સ્પર્શી ગયું છે અને માત્ર બે જ વર્ષમાં કંપનીનું વેલ્યુએશન બે ગણું થઈ ચુક્યું છે. આ શેરનું લિસ્ટીંગ ૧૯૮૦માં શેરદીઠ ૨૨ ડોલરના ભાવે થયું હતું. ત્યારબાદ ઈન્વેસ્ટરોને માતબર રીર્ટન આપી મલ્ટીબેગર સ્ટોક બની ચુક્યો છે. મહત્વની બાબત એ છે કે, આ કંપનીની વેલ્યુ બ્રાઝીલ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, રશિયા, સાઉથ કોરિયા, સ્પેન, મેક્સિકોના વિગેરેના GDP કરતા પણ વધુ છે. હાલમાં વૈશ્વિક બજારોમાં વોલેટીલીટીમાં ભારે વધારો થતા ભારતીય ઈન્વેસ્ટરો માટે વિદેશી બજારોમાં રોકાણ કરવાની નવી તક ઉભી થઈ છે. ICICI Sec., Axis Sec. અને Master Trust વિગેરે બ્રોકરેજીસે યુ.એસ. સ્ટોક માર્કેટમાં રોકાણ કરવા માટે નવું પ્લેટફોર્મ લોંચ કર્યું છે.

અમેરિકાનાં કેલિફોર્નિયામાં હાઈટેક હેડક્વાર્ટર ધરાવતી એપલનો શેરએ આ વર્ષમાં ૬૦ ટકા જેટલું રિટર્ન આપ્યું છે, કંપનીની સ્થાપના ૧૯૭૬માં થઇ હતી, કંપનીનું માર્કેટ કેપ S&P ૫૦૦ની ૨૦૦ જેટલી નાની કંપનીઓનાં કુલ વેલ્યુએશન જેટલું થવા જાય છે.

Apple ૧૨ ડિસેમ્બર ૧૯૮૦નાં દિવસે શેરબજારમાં લિસ્ટ થઇ હતી, ૧ ટ્રિલિયન ડોલર માર્કેટ કેપની કંપની બનતા એપલને ૪૦ વર્ષ લાગ્ય, અને આ સમયગાળા દરમિયાન કંપનીનો શેર ૪ વખત સ્પ્લિટ થયો છે.

Appleના શેરમાં ૧૦ વર્ષ અગાઉ જે ઈન્વેસ્ટરે ૧૦૦૦ ડોલરનું રોકાણ કર્યું હોય તેઓને ૧૨૯૦૦ ડોલરનું મુલ્ય હાલમાં મળી રહ્યું છે. એપલ આઈ-ફોન હાલમાં કંપની માટે કેશ - જનરેશન મશીન બની ચુક્યો છે. એપલની આવક ૨૦ ટકાથી વધુ પ્રોફીટ માર્જીન ૨૭૦ બિલિયન ડોલરને પાર કરી ગઈ છે. જેમાં એપલની સ્ટાર પ્રોડકટ આઈ-ફોન કુલ આવકમાં ૫૦ ટકા હિસ્સો છે અને સર્વિસ બિઝનેસનો ૨૨ ટકા, એસેસરીઝનો ૧૦ ટકા અને આઈ-પેડનો ૮ ટકા હિસ્સો છે. હાલમાં એપલનો સ્માર્ટ ફોન લોકો માટે સ્ટેટસ સીમ્બોલ બની ચુક્યો છે. કેટલાક યંગસ્ટર્સ આ મોંઘા ફોનને ખરીદવાની શક્તિ નથી ધરાવતા તેઓ લોન લઈને પણ બેંગવેગનમાં જોડાઈ રહ્યા છે.

એપલનું માર્કેટકેપ ભારતની તમામ BSE કંપનીઓના માર્કેટકેપ કરતા તેમજ અનેક દેશોના જીડીપી કરતા ઉંચુ છે


ગાગરમાં...સાગર...


કોરોના મહામારીને કારણે અમલમાં આવેલ લોકડાઉન છત્તા....
શેરબજારમાં દર મહિને ૫ લાખ નવા ડિમેટ ખાતા ખુલ્યા ?
મહાનગરોના ૩૦ ટકા નવા રોકાણકારો શેરબજાર સાથે જોડાયા

કોરોના સમયગાળા દરમિયાન, મોટા શહેરો અને મહાનગરોના યુવાનોમાં માર્કેટ શેરનું ઘણું વધ્યું, ખાસ કરીને દિલ્હી, મુંબઈ અને બેંગ્લોરથી લગભગ ૩૦ ટકા નવા રોકાણકારો બજાર સાથે જોડાયા. આ ઉપરાંત અમદાવાદ, ચેન્નઈ, કોલકાતા જેવા મહાનગરોનાં યુવાનો પણ શેરબજારમાં જોડાયા હતા. શરૂઆત તો ટ્રેડિંગથી થઇ પરંતું હવે યુવા રોકાણકારો માર્કેટમાં નાણાં લગાવતા પહેલા ઘણું સંશોધન કરી રહ્યા છે.

કોરોના સંકટ દરમિયાન, મોટી સંખ્યામાં નવા રોકાણકારો શેર બજાર સાથે જોડાયા છે. લોકડાઉનમાં, ખાસ કરીને યુવાનોએ શેર બજારને વધારાની આવકનું સાધન બનાવ્યું છે, કારણ કે પગારમાં કાપ અને છટણીને કારણે ઘણા લોકોની કમાણી આ સમયગાળા દરમિયાન ઘટી ગઇ છે. સેબીના મતે, કોરોના સંકટમાં દર મહિને સરેરાશ ૫ લાખ નવા ડીમેટ ખાતા ખુલ્યા છે.

કોરોના સંકટથી લોકોને માત્ર ઘરમાં જ લોક કરવામાં આવ્યા ન હતા પરંતું મોટી સંખ્યામાં નોકરી-ધંધા કરાતા લોકોનો પગાર કાપ અને છટણી પણ સહન કરવી પડી છે, એવામાં નિકસાનની ભરપાઇ કરવા માટે લોકોએ શેર બજારમાં ઝંપલાવ્યું, માર્કેટ રેગ્યુલેટર સેબીના જણાવ્યા અનુસાર, દર મહિને સરેરાશ ૫ લાખ નવા ડીમેટ ખાતા ખુલ્યા છે. આમાંથી લગભગ ૬૫ ટકા નવા યુવા રોકાણકારો છે, જેમની ઉંમર ૨૧ થી ૩૫ વર્ષની વચ્ચે છે.

સેબીના ડેટા અનુસાર ૧ એપ્રિલથી ૩૦ જૂન સુધીમાં લગભગ ૨૪ લાખ ડીમેટ ખાતા ખોલવામાં આવ્યા. જ્યારે જૂનમાં, ૧૦ લાખથી વધુ ડીમેટ ખાતા ખુલ્યા. અત્યાર સુધીમાં, ડીમેટ ખાતાઓની કુલ સંખ્યા લગભગ ૪.૫ કરોડ સુધી પહોંચી ગઈ છે. નિષ્ણાતોનાં જણાવ્યા અનુસાર શેર માર્કેટ ૨૩ માર્ચની આસપાસ સૌથી નીચા સ્તરે હતું. આવી સ્થિતિમાં નવા રોકાણકારો માટે બજારમાં પ્રવેશવાની સુવર્ણ તક હતી.

ઘોડા નાસી ગયા પછી તબેલાંને તાળા
રૂચિ સોયાના શેરમાં રિ-લિસ્ટીંગ પછી ૮૭૬૪%નો જંગી ઉછાળા પછી સેબીની ઉંઘ ઉડી
૨૭ જાન્યુ. રિ-લિસ્ટીંગ સમયે ભાવ રૂ. ૧૭ હતો જે ૨૬ જુને ૧૫૧૯ કેવી રીતે થયો ?
સેબી હવે ઈન્સોલ્વન્સી પ્રક્રિયામાંથી બહાર આવેલી કંપનીઓ માટે ચિંતિત બની

ઈન્સોલ્વન્સી પ્રક્રિયા પછી માર્કેટમાં ફરી લિસ્ટેડ થયેલી રૂચિ સોયાના શેરમાં ૮૭૬૪ ટકાનો જંગી ઉછાળો જોવાયા બાદ માર્કેટ રેગ્યુલેટર સેબી સતર્ક બની છે અને રિલિસ્ટ સંબંધિત નિયમોમાં ફેરફાર કરવા કવાયત હાથ ધરવામાં આવેલ છે. સેબી ઈન્સોલ્વન્સી પ્રક્રિયામાંથી બહાર આવેલી કંપનીઓ અંગે કડક નિયમો બનાવા જઈ રહી છે. જેમાં પબ્લિક શેર હોલ્ડિંગ્સ ઘણું ઓછું છે. હાલમાં, ઈનસોલ્વન્સી પ્રક્રિયામાંથી બહાર આવતી કંપનીઓએ રિલિસ્ટ થયા બાદ ૧૮ મહિનાની અંદર પોતાની ફ્રી ફ્લોટર એટલે કે, જાહેર શેરહોલ્ડિંગમાં ઓછામાં ઓછા ૧૦ ટકા વધારો કરવો પડશે.

સેબી હવે આ સમયગાળામાં ઘટાડો કરી ૪ મહિના કરવા માંગે છે. માર્કેટ રેગ્યુલેટર દ્વારા આ દરખાસ્ત અંગે હિતધારકો પાસે ભલામણો મંગાવી છે. સેબીના પરામર્શ પત્ર મુજબ રૂચિ શોયા ઈન્ડસ્ટ્રીઝ લી. અને ચાર અન્ય કંપનીઓ જે સપ્ટેમ્બર ૨૦૧૮ અને ફેબ્રુઆરી દરમ્યાન લિસ્ટેડ થઈ છે તેમાં કેટલાક અણધાર્યા વલણો જોવા મળ્યા છે. ઈન્સોલ્વન્સી પ્રક્રિયા પછી, કેટલીક કંપનીઓમાં જાહેર શેરહોલ્ડિંગ ઘટીને ૦.૯૭ ટકા અને શેરના ભાવ ૮૭૬૪ ટકા વધ્યા છે.

રૂચિ સોયા ઈન્સલવન્સી પ્રક્રિયા અંતર્ગત યોગગુરૂ બાબા રામદેવના પતંજલિ આયુર્વેદની આગેવાની હેઠળના કન્સોર્ટિયમ દ્વારા હસ્તગત કરવામાં આવી હતી. ૩૧ માર્ચ સુધીમાં કંપનીના કો-ફાઉન્ડરનો હિસ્સો ૯૯.૩ ટકા હ૮તો. પબ્લિક શેરહોલ્ડિંગમાં વધારો ન થતા ૨૭ જાન્યુઆરીએ ફરીથી લિસ્ટીગ સમયે રૂચિ સોયાના શેરોની કિંમત રૂ. ૧૭ હતી જે ૨૬ જુને વધીને ૧૫૧૯ થઈ છે. કંપનીની વેલ્યુ ૬૦૦ કરોડ ડોલરની ટોચે પહોંચી હતી આ પ્રકારનું ઓછુ પબ્લિક શેરહોલ્ડિંગ વિવિધ ચિંતાઓ જન્મ આપે છે.


ગાગરમાં...સાગર...


સેબીના નવા માર્જિન ધોરણે રોકાણકારો અને બ્રોકરો માટે પીડાદાયક

૧ સપ્ટે. થી બ્રોકરોએ ગ્રાહકોના એકત્ર અપફ્રન્ટ માર્જીનનો રીપોર્ટ આપવો પડશે

સેબી દ્વારા નવેમ્બર ૨૦૧૯માં દાખલ કરાયેલા કેશ સેગ્મેન્ટમાં માર્જિન એક્ત્રિકરણના ફ્રેમવર્કમાં સિક્યુરિટીઝ-શેરોની ખરીદી કર્યાના બે દિવસમાં જ શેરબ્રોકરને ચૂકવણી કરવાની રહેશે. નવેમ્બર ૨૦૧૯ સુધી ગ્રાહકો પાસેથી માર્જિન એક્ત્રિકરણ માત્ર ફયુચર્સ એન્ડ ઓપ્શન્સ(એફ એન્ડ ઓ)માં જ ફરજીયાત હતી.



૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી શેરબ્રોકરોએ તેમના ગ્રાહકો પાસેથી બન્ને ખરીદી અને વેચાણના સોદા માટે એકત્ર કરાતું અને ઉપલબ્ધ અપફ્રન્ટ માર્જિનનો રીપોર્ટ આપવાનો રહેશે, જેમાં નિષ્ફળ રહેનારને પેનલ્ટી લાગશે. જે શેરો રોકાણકારોના ડિમેટ એકાઉન્ટમાં પડયા હોય એને સમકક્ષ માર્જિન અત્યાર સુધી ઉપલબ્ધ હતું, જેના સ્થાને હવે આ શેરો બ્રોકરને ગીરો મૂકવામાં આવશે.

જે ધોરણો એ સ્પષ્ટ કરે છે કે નવા ધોરણોથી તમામ રોકાણકારોએ તેમના શેરો વેચવા માટે અથવા ખરીદવા માટે અપફ્રન્ટ માર્જિન આપવું પડશે. જેથી ગ્રાહકે સોદો-ટ્રેડ કરતાં પહેલા અપફ્રન્ટ માર્જિન ચૂકવણીને આધીન જ શેરો વેચી શકશે. જે મુજબ જે શેરો અત્યાર સુધી ગ્રાહકના ડિમેટ એકાઉન્ટમાં પડયા હોય એ માર્જિનની ઉપલબ્ધિ માટે પર્યાપ્ત ગણાશે નહીં. આ શેરોની એ જ દિવસે ડિલિવરી આપવાની રહેશે, નહી તો પેનલ્ટી લાગશે.

અત્યારે એક્સચેન્જો દ્વારા ટી પ્લસ ટુ સેટલમેન્ટ એટલે કે ટ્રેડીંગ દિવસ અને બે દિવસનું સેટમેન્ટ સાઈકલ છે. જેમાં રોકાણકાર સિક્યુરિટીઝ-શેરો ટી પ્લસ ટુ સુધીમાં ડિલિવરી આપી શકે છે. અત્યારે સોદો કર્યાના દિવસે જ ડિલિવરી આપવામાં સમસ્યા રહેલી છે.

સામાન્ય રીતે રોકાણકારો ચોક્કસ કંપનીના શેર વેચીને એ વેચાણની રકમથી અન્ય કંપનીના શેર ખરીદી કરતાં હોય છે. એ શેરના વેચાણના માર્જિન્સથી એ જ દિવસે અન્ય કંપનીના શેરોની લેવાતી ડિલિવરી કવર થઈ જતાં હોય છે, પરંતુ હવે બી શેરની ખરીદી કરવા માટે રોકાણકારે નવું માર્જિન જમા કરવું પડશે. જે અન્ય શેરો બ્રોકરને ગીરવે મૂકી અથવા પેમેન્ટ કરીને કરવાનું રહેશે.

આ સાથે અત્યાર સુધી શેરબ્રોકરો ગ્રાહકના કોલેટરલ તરીકે પાવર ઓફ એટર્ની(પીઓએ)ના ધોરણે ગ્રાહકોના ડિમેટ એકાઉન્ટમાંથી શેરો મેળવી લેતાંહતા. આ સિસ્ટમ ટાઈટલ ટ્રાન્સફર(ટીટી) તરીકે ઓળખાય છે.

તેમની પાસે કોલટરલ્સના ધોરણે શેરબ્રોકર ડેરિવેટીઝ અથવા કેશ સેગ્મેન્ટમાં તેમના ગ્રાહક માટે સોદા-ટ્રેડ્સ કરે છે. કેટલાક બ્રોકરો દ્વારા દુરૂપયોગના કારણે સેબીએ હવે ટીટી અને પીઓએની સિસ્ટમ ચાલુ રાખવાની મંજૂરી નહી આપવાનું નક્કી કર્યું છે.


ગાગરમાં...સાગર...


રિલાયન્સ રિટેલ વેન્ચર્સે રૂ. ૬૨૦ કરોડમાં નેટમેડ્સનો હિસ્સો ખરીદ્યો

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની પેટાકંપની રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડે વિટાલિક હેલ્થ પ્રાઈવેટ લિમિટેડનો અને તેની પેટાકંપનીમાં બહુમતી ઈક્વિટી હિસ્સો હાંસલ કર્યો છે, જેનું રોકડ મૂલ્ય સરેરાશ રૂ. ૬૨૦ કરોડ થવા જાય છે. આ મૂડીરોકાણથી વિટાલિકમાં ૬૦ ટકા ઈક્વિટી હિસ્સો હાંસલ કરવામાં આવ્યો છે જ્યારે તેની પેટાકંપનીઓ ટ્રેસરા હેલ્થ પ્રાઈવેટ લિમિટેડ, નેટમેડ્સ માર્કેટ પ્લેસ લિમિટેડ અને દધા ફાર્મા ડિસ્ટ્રિબ્યૂશન પ્રાઈવેટ લિમિટેડની ૧૦૦ ટકા ઈક્વિટી માલિકી મેળવવામાં આવી છે.

વર્ષ ૨૦૧૫માં સ્થપાયેલી વિટાલિક અને તેની પેટાકંપનીઓ ફાર્મા ડિસ્ટ્રિબ્યૂશન, સેલ્સ અને બિઝનેસ સપોર્ટ સર્વિસિઝમાં કાર્યરત છે. તેની પેટાકંપની ઓનલાઈન ફાર્મસી પ્લેટફોર્મ-નેટમેડ્સ-ગ્રાહકો તથા ફાર્માસિસ્ટ વચ્ચે સેતૂ બની કામ કરે છે અને તેના દ્વારા કંપની દવાઓ, ન્યુટ્રિશનલ હેલ્થ અને વેલનેસ ઉત્પાદનોની ગ્રાહકોના ઘર સુધી ડિલિવરી કરવામાં કાર્યરત છે. નેટમેડ્સનો ઉમેરો થવાથી સારી ગુણવત્તાની અને પોસાય તેવા સ્વાસ્થ્ય સંભાળ ઉત્પાદનો અને સેવાઓ પૂરા પાડવાની રિલાયન્સ રિટેલની ક્ષમતાઓમાં વધારો થશે. એ સાથે ગ્રાહકોની રોજિંદી જરૂરિયાતોને ડિજિટલ કોમર્સના ક્ષેત્રમાં પરિપૂર્ણ કરવાનો દાયરો વિસ્તરશે.

કોરોનાના કહેરથી Q1FY21 માં દેશની અગ્રણી કંપનીઓના પરિણામો એક દાયકામાં સૌથી ખરાબ રહ્યા

કોરોના વાયરસને પગલે નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમા દેશની દિગ્ગજ કંપનોના પરિણામો એક દાયકામાં સૌથી ખરાબ રહ્યા છે. પરંતુ તેમ છતાં ૨/૩ કંપનીઓના પ્રદર્શન અપેક્ષા કરતાં સારા રહ્યા છે. કંપનીઓ પોતાનો ખર્ચ ઘટાડવામાં સફળ રહી છે. એનએસઈ નિફટી૫૦ ઈન્ડેક્સની ૪૭ કંપનીઓમાંથી ૪૦ કંપનીઓની જૂન મહિનામાં પૂરા થયેલા ક્વાર્ટરમાં આવક ૪૦ ટકા ઘટી છે. તેમ છતાં, આમાંની બે તૃતીયાંશ કંપનીઓએ પ્રોફિટ વિશ્લેષકોના અંદાજ કરતાં વધુ તેમજ સારા પરિણામો મેળવ્યા છે.

આઈઆઈએફએલના રિસર્ચ હેડ અભિમન્યુ સોફતે જણાવ્યું હતું કે, વાસ્તવમાં અમે આ ક્વાર્ટરને રાઈટ ઓફ કરી હતી. પરંતુ નિફટીની મોટાભાગની કંપનીઓએ ધારણા કરતા સારા પરિણામ આપ્યા છે.

બ્લૂમબર્ગના એક અહેવાલ મુજબ, ભારતીય કંપનીઓનું પ્રદર્શન એટલું ખરાબ નથી જેટલું અપેક્ષિત હતું. ટેક્નોલોજીની વધતી માંગ વચ્ચે પાંચ સૌથી મોટી ટેક્નોલોજી કંપનીઓમાંથી ચાર કંપનીની આવક વધવાની અપેક્ષા છે. ૨૦૧૩ બાદનો આ સેક્ટર માટે સૌથી મોટો ઉછાળો છે. તેવી જ રીતે ફૂડ કંપનીઓ, બેંકો, ટેલિકોમ અને ઓટો કંપનીઓએ પણ આવકથી આશ્ચર્યચકિત કર્યા છે.

આગામી વર્ષે કંપનીઓની આવકમાં સંભવિત વૃદ્ધિને પગલે માર્કેટ એડજસ્ટ થઈ ચૂક્યાં, જો આ નાણા વર્ષના બીજા ભાગમાં પણ પરિસ્થિતિમાં સુધારો નોંધાશે, તો પણ નફો પાછલા નાણાકીય વર્ષને સમકક્ષ રહેશે. કેટલાક રાજ્યોમાં ચાલી રહેલા લોકડાઉનને કારણે આ કંપનીઓનો નફા ગતવર્ષ કરતાં ઘટ્યો છે. બજારમાં ટૂંકાગાળાની અનિશ્ચિતતાને જોતા, કેટલાક બ્રોકર્સે બે વર્ષની ટાર્ગેટ પ્રાઈસ આપવાનું શરૂ કર્યું છે. કેટલાક બ્રોકર્સ અનુસાર, આગામી એપ્રિલથી શરૂ થનારા નાણા વર્ષમાં કંપનીઓની કમાણીમાં રિકવરી થવાના આશાવાદ સાથે શેરના ભાવો એડજસ્ટ થઈ ચૂક્યા છે.

માર્કેટ ટિટ્બિટ્સ Het Zaveri

159 કંપનીઓનું DBITDA માર્ચ ક્વાર્ટરમાં રૂ. ૨૨૫૦૦ કરોડ ઘટ્યું

BSE પર લિસ્ટેડ ૧૫૯ કંપનીઓના એબિટા (EBITDA)માં માર્ચના ક્વાર્ટરમાં ૨૨૨,૫૩૮ કરોડનો ઘટાડો થયો હતો. EBITDA એટલે અર્નિંગ્સ બિફોર ઈન્ટરેસ્ટ, ટેક્સ, ડેપ્રિશિએશન એન્ડ એમોર્ટાઈઝેશન. કન્સલ્ટન્સી ફર્મ અર્ન્સ્ટ એન્ડ યંગ (EY) ઈન્ડિયાએ બીએસઈ લિસ્ટેડ ટોચની ૩૦૦ કંપનીઓનું એનાલિસીસ કર્યું હતું, અને ૧૧૫ ગ્લોબલ કંપનીઓનું એનાલિસીસ કર્યું હતું અને કોરોનાને કારણે તેમની કામગીરી પર કેવી અસર થઈ તેનો રિપોર્ટ તૈયાર કર્યો હતો. રિપોર્ટ અનુસાર ૧૫૯ કંપનીઓના એબિટામાં ડિસેમ્બર ક્વાર્ટરની સરખામણીમાં ૨૨૨,૫૩૮ કરોડનો ઘટાડો થયો હતો. આમ, માર્ચ ક્વાર્ટરથી જ કોરોનાની અસર કંપનીઓ પર પડવાનું શરૂ થઈ ગયું હતું.

બેન્કીંગ, ફાઈનાન્શિયલ સર્વિસીઝ, ઈન્સ્યોરન્સ, એવિએશન, ઓટોમોટિવ, પાવર, ઓઈલ-ગેસ, ટ્રાવેલ સેક્ટર પર કોરોનાની નેગેટિવ અસર જોવા મળી હતી. રિપોર્ટ અનુસાર ફાર્માસ્યુટિકલ, હેલ્થકેર અને ટેલિકોમ સેક્ટર (AGRની અસર બાદ કરતા)માં પોઝિટિવ ગ્રોથ જોવા મળ્યો હતો. ક્રેડિટ નુકસાન, ઈન્વેન્ટરી રાઈટ-ડાઉન, કોરોનાની વધારાની અસર, વગેરે કારણોસર એબિટા અને નફાકારકતા ઘટ્યા હતા.

બેન્કિંગ, ફાઈનાન્શિયલ સર્વિસીઝ, વીમા સેક્ટરે કુલ ૨૧૭,૦૦૦ કરોડની ક્રેડિટ લોસ જોગવાઈ કરી હતી. પાવર, માઈનિંગ, મેટલ સેક્ટર દ્વારા ઈમ્પેરમેન્ટ જોગવાઈ ૨૨૦૦૦ કરોડની થઈ હતી. ઓઈલ-ગેસ સેક્ટરે ૨૫૫૦૦ કરોડની ઈન્વેન્ટરી રાઈટ-ડાઉન કરી હતી. ૧૫૯ લિસ્ટેડ કંપનીઓના આ ડેટા છે. બીજી તરફ ૧૧૫ ગ્લોબલ ફર્મ્સની કુલ જોગવાઈ ૨૨,૫૨,૦૦૦ કરોડ માલૂમ પડી છે. સેબીએ પરિણામ જાહેર કરવાની તારીખ લંબાવતા ઘણી કંપનીઓએ ત્રિમાસિક પરિણામો મોકૂફ રાખ્યા હતા. બીએસઈ-૩૦૦ પૈકી ૧૪૧ કંપનીઓએ ૫ જૂન સુધી પરિણામ જાહેર કર્યા ન હતા.

પરદે કે પીછે.... Siddharth Shah

<1>

અગાઉ આ ફર્મે Infosys સામે કેસ કર્યો હતો અને ઈન્ફીને ક્લીનચિટ મળી હતી

અમેરિકન રોસેન લો ફર્મ HDFC Bank સામે કેસ કર્યો

ઓટો લેન્ડિંગ બિઝનેસ મામલે રોકાણકારોને ગેરમાર્ગે દોરવાનો આરોપ

અમેરિકા સ્થિત રોસેન લો ફર્મે HDFC બેન્ક સામે રોકાણકારોને ગેરમાર્ગે દોરવા અંગે કેસ દાખલ કરવા વિચારી રહી છે. HDFC બેંકે કહ્યું છે કે તે તેને આવા કોઈ ઘટનાક્રમ અંગે ખબર નથી અને તેમાં કોઈ વજૂદ હોય તેવું લાગતું નથી કારણ કે બેંક ડિસ્ક્લોઝર મામલે પારદર્શક રહી છે. રોસેન લો ફર્મની વેબસાઈટ પર મુકાયેલા નિવેદનમાં કહેવાયું છે કે તે એચડીએફસી બેંકના શેરધારકો વતી કેસ દાખલ કરવા વિચારી રહી છે. બેંકની કથિત અયોગ્ય બિઝનેસ પ્રેક્ટિસ અંગેના કેટલાક ન્યૂઝ રિપોર્ટને ટાંકીને રોસેન લો ફર્મે કહ્યું છે કે તે લોસ્યૂટની તૈયારી કરી રહી છે. તેણે એમ પણ નકહ્યું હતું કે એચડીએફસી બેંકે જૂનના ક્વાર્ટરનો નફો પણ અંદાજ મુજબ નથી આપ્યો.

રોસેન ના જણાવ્યા અનુસાર એચડીએફસી બેંકે રોકાણકારોને ગેરમાર્ગે દોરે તેવી માહિતી આપી હોવાના આક્ષેપો અંગે તે ચકાસણી કરી રહી છે. ઉલ્લેખનીય છે કે આ એક જ રોસેન લો ફર્મ છે, જેણે ગયા વર્ષે ઈન્ફોસીસમાં વ્હીસલબ્લોઅરના આક્ષેપને પગલે અનૈતિક પ્રેક્ટિસના મામલે કેસ કરવાની વાત કરી હતી. મે ૨૦૨૦માં એ સ્યૂટ ડિસમિસ કરી દેવાયો હતો અને ઈન્ફોસીસને ક્લીનચિટ આપી દેવાઈ હતી.

ઉલ્લેખનીય છે કે એચડીએફસી બેન્કે જૂનના ક્વાર્ટરમાં રૂ. ૬૯૨૭ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ દર્શાવ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં પ્રોફિટ કરતાં ૨૨ ટકાનો વધારો દર્શાવે છે.

૨૦૧૯-૨૦ ના અંતે NPA રૂ. ૭૩૪૭૮.૭૬ કરોડ

૧૭૦૦ વિલફુલ ડિફોલ્ટર્સે PNBને રૂ. ૩૭૦૨૦ કરોડનો ચૂનો લગાવ્યો

ચાલુ નાણાંકીય વર્ષના પહેલા ક્વાર્ટરના અંતે વિન્સમ ડાયમંડ, ગીતાંજલી જેમ્સ, એબીજી શિપયાર્ડ સહિત ૧૭૮૭ જેટલા વિલફુલ ડિફોલ્ટર્સ દ્વારા પંજાબ નેશનલ બેન્કને લોન પેટે રૂ. ૩૭૦૨૦.૨૭ કરોડની રકમની પરત ચુકવણી કરવાની બાકી છે. પીએનબી દ્વારા રૂ. ૨૫ લાખ કે તેથી વધુ રકમની લોન નહીં ચૂકવનાર વિલફુલ ડિફોલ્ટર્સની યાદી જાહેર કરાઈ હતી જેમાં અનેક કંપનીઓએ બેન્કની લોનનાં કોરોડો રૂપિયા ચૂકવ્યા નહીં હોવાનું જણાઈ આવ્યું હતું. આવા કુલ ૧૭૮૭ વિલફુલ ડિફોલ્ટર્સ દ્વારા પીએનબી પાસેથી સિન્ડીકેટ ધિરાણનાં ભાગરૂપે કરોડોની લોન લેવામાં આવ્યા પચી આ રકમ પાછી ચૂકવવામાં આવી ન હતી. માર્ચ ૨૦૨૦ ના અંતે બેન્કની કુલ એનપીએ ઘટીને કુલ ધિરાણનાં ૧૪.૨૧ ટકા થઈ હતી જે માર્ચ ૨૦૧૯માં ૧૫.૫૦ ટકા હતી. બેન્કની નેટ એનપીએ ૬.૫૬ ટકા ઘટીને ૫.૭૮ ટકા થઈ હતી.

ટોચના વિલફુલ ડિફોલ્ટર્સ

Mehul Chokshi - Gitanjali Gems	5064.84 Cr.
Gili India	1477.00 Cr.
Nakshtra Brand	1109.00 Cr.
Jatin Mehta - Winsome Diamond	1036.85 Cr.
ABG Shipyard	1193.37 Cr.
Kudos Chemical - Chandigarh	1418.00 Cr.
King Fisher - Vijay Malya	522.48 Cr.
Zoom Developers	702.00 Cr.
Jush Infra & Powr	453.96 Cr.
Global Oil Resource	755.00 Cr.

પરદે કે પીછે.... Siddharth Shah

<2>

LIC, SBI, BOB, UTI એ Mutual Fund માં હિસ્સો ન ઘટાડતા સેબીએ દંડ ફટકાર્યો

ત્રણેય PSU Cos. એ માર્ચ ૨૦૧૯ સુધીમાં તેમનો હિસ્સો ઘટાડી 10%થી ઓછો કરવાનો હતો

સેબીએ LIC, State Bank of India, Bank of Baroda ને UTI મ્યુચ્યુઅલ ફંડમાંથી તેમનો હિસ્સો ઘટાડીને ૧૦ ટકાથી ઓછો ન કરવા બદલ દંડ ફટકાર્યો છે. સેબીના મ્યુચ્યુઅલ ફંડ રેગ્યૂલેશન્સની કલમ ૭બી હેઠળ કોઈપણ મ્યુચ્યુઅલ ફંડ સ્પોન્સરને અન્ય કોઈ મ્યુચ્યુઅલ ફંડ કે ટ્રસ્ટી ફર્મમાં ૧૦ ટકાથી વધુ હિસ્સો રાખવાની મંજૂરી નથી. આ નિયમ હેઠળ સેબીએ ઉપરોક્ત ત્રણેય પીએસયુ સામે અલગ આદેશ જાહેર કર્યો હતો.

UTI મ્યુચ્યુઅલ ફંડમાં કોનો - કેટલો હિસ્સો ?

LIC	18.24 %
SBI	18.24 %
BoB	18.24 %
PNB	18.24 %
T. Rowe	26 %

LIC, SBI અને BoB એ ત્રણેય અનુક્રમે એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ, એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ અને બેંક ઓફ બરોડા મ્યુચ્યુઅલ ફંડના સ્પોન્સર છે. આ ઉપરાંત આ ત્રણેય યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ અને યુટીઆઈ ટ્રસ્ટી કંપની બન્નેમાં ૧૮ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આદેશ અનુસાર આ ત્રણેયે યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડમાંથી તેમનો હિસ્સો માર્ચ ૨૦૧૯ સુધીમાં જ ઘટાડીને ૧૦ ટકાથી ઓછો કરી દેવાનો હતો.

સેબીએ તેના આદેશમાં કહ્યું હતું કે આદેશનું પાલન ન થવા બદલ આ ત્રણેયને દંડ થવો જોઈએ. ત્રણેયે એવું કારણ આપ્યું હતું કે હિસ્સો વેચવા માટે જરૂરી પ્રક્રિયા નિયત સમયમાં પૂરી થઈ શકે તેમ ન હોવાથી હિસ્સો વેચી શકાયો ન હતો. સરકાર પાસેથી મંજૂરી લેવાની, કેટલો હિસ્સો વેચવો તે અંગે સર્વસંમતિ સાધવી, વગેરે મામલે સમય લાગે તેમ હતો. તેમણે કહ્યું છે કે યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડનો આઈપીઓ સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં આવશે. આ આઈપીઓ મારફતે તેઓ તેમનું હોલ્ડિંગ ઘટાડીને ૧૦ ટકા નીચે લાવી દેશે.

સેબીએ જૂનમાં યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડના આઈપીઓને મંજૂરી આપી હતી. આમ તો ઓગસ્ટના ચાલુ મહિનામાં જ આઈપીઓ આવવાનો હતો, પરંતુ કોરોનાને કારણે રોડશો યોજવામાં મુશ્કેલીને કારણે સપ્ટેમ્બરમાં આ આઈપીઓ આવશે તેવી શક્યતા છે. રસપ્રદ બાબત એ છે કે સેબીના હોલટાઈમ મેમ્બરે ગત ડિસેમ્બર ૨૦૧૯માં આ જ મામલે આદેશ આપ્યો હતો જે અંતર્ગત આ ત્રણેય પીએસયુને હિસ્સો ઘટાડવા માટે ડિસેમ્બર ૨૦૨૦ સુધીનો સમય અપાયો હતો. જોકે સેબીએ સ્પષ્ટ કર્યું હતું કે એ આદેશ અને શુક્રવારનો તેનો આ આદેશ બન્ને અલગ-અલગ પ્રક્રિયા આધારીત આદેશ છે અને તેમને પરસ્પર કોઈ અસર નહી થાય.

મ્યુચ્યુઅલ ફંડ અપડેટ

મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીઝે જુલાઈમાં ૫.૬ લાખ ફોલિયોનો ઉમેરો કર્યો

ડેટ ફંડ્સમાં ફોલિયોમાં વધારો થયો જ્યારે ઈક્વિટી ફોલિયોની સંખ્યા ઘટી

મ્યુચ્યુઅલ ફંડ ઈન્ડસ્ટ્રીએ જુલાઈ મહિનામાં ૫.૬ લાખ ફોલિયોનો ઉમેરો કર્યો છે. આ સાથે જ કુલ ફોલિયોની સંખ્યા ૯.૨ કરોડ થઈ ગઈ છે. ડેટ સ્કીમનું તેમાં સારું યોગદાન રહ્યુંહતું. જૂન મહિનામાં ૫ લાખ ફોલિયોનો ઉમેરો થયો હતો. એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના આંકડા અનુસાર ૪૫ ફંડ હાઉસીસના કુલ ફોલિયોની સંખ્યા જુલાઈના અંતે વધીને ૯,૨૧,૦૫,૭૩૭ થઈ હતી, જે જૂનના અંતે ૯,૧૫,૪૨,૦૯૨ હતી. આમ, તેમાં ૫.૬૩ લાખનો વધારો થયો હતો. આ પૈકી ૪ લાખથી વધુ ફોલિયો ડેટ ફંડ્સમાં જ વધ્યા હતા.

મ્યુચ્યુઅલ ફંડ્સમાં મે મહિનામાં ૬.૧૩ લાખ, એપ્રિલમાં ૬.૮૨ લાખ, માર્ચમાં ૯.૧ લાખ ફોલિયનો ઉમેરો થયો હતો. માર્ચ મહિનામાં માર્કેટમાં કડાકો બોલી ગયો હતો, જેનો લાભ લઈને તે મહિનામાં અને ત્યાર પછીથી ઈક્વિટી માર્કેટમાં ખાસ્સા રોકાણકારો વધ્યા છે. બજારમાં સતત આગેકૂચ પાછળનું એક કારણ આ નવા રોકાણકારો પણ છે.

જુલાઈમાં ઈક્વિટી અને ઈક્વિટી લિંક્ડ સેવિંગ સ્કીમ (ELSS) હેઠળ ફોલિયોની સંખ્યા સાધારણ ઘટી હતી. ફોલિયોની સંખ્યા ૩૬૮ ઘટીને ૬.૩૭ કરોડ થઈ હતી. ડેટ ઓરિએન્ટેડ સ્કીમમાં ફોલિયો ૪.૨૫ લાખ વધીને ૬૮.૮૫ લાખ થયો હતો. ઓવરનાઈટ ફંડ્સ સિવાય ડેટ ફંડ્સમાં તમામ કેટેગરીમાં ફોલિયોમાં વધારો થયો હતો. કોર્પોરેટ બોન્ડ ફંડ્સમાં જુલાઈમાં ૬૦,૨૬૯ ફોલિયોનો વધારો થયો હતો. લિક્વિડ ફંડ્સમાં ૫૮,૩૭૯નો વધારો, શોર્ટ ડ્યૂરેશન ફંડ્સમાં ૫૪,૦૦૨નો વધારો અને બેન્કિંગ તથા પીએસયુ ફંડ્સમાં ૫૧,૬૨૬નો વધારો થયો હતો.

મ્યુચ્યુઅલ ફંડોનો NFO તરફ વધેલો પ્રવાહ

મહિન્દ્રા મ્યુચ્યુઅલ ફંડનો આર્બિટ્રેજ FPO ભરાય ?

આર્બિટ્રેજ યોજના હેઠળ ફંડો રોકડ અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાંથી આર્બિટ્રેજનો લાભ મેળવતી હોય છે. આમાં ક્રેડિટ-બેટ્સ લેવાનું નહીં હોવાથી તે વધુ સુરક્ષીત પૂરવાર થાય છે. આ યોજના હેઠળ ઈક્વિટી અને તેને સંબધિત અન્ય સાધનોમાં ૬૫-૧૦૦ ટકાનું રોકાણ કરવામાં આવે છે જ્યારે ૩૫ ટકા રોકાણ ડેટ્ સાધનોમાં કરાય છે. ૧૦ ટકાનું રોકાણ રિટ અથવા ઇનવિટ જેવા સાધનોમાં થાય છે. જે રોકાણકારો આર્બિટ્રેજ યોજનાઓમાં રોકાણ કરવા ઈચ્છતી હોય તેઓ માટે મહિન્દ્રા મૈનુલાઈફ ફંડનો એનએફઓ ખુલ્લો છે જે ૧૯મીએ બંધ થશે.

ફંડના એમડી આશુતોષ બિશ્નોઈના જણાવ્યા અનુસાર, આર્બિટ્રેજ માર્કેટમાં રોકાણકારોનો રસ જોતાં તેમાં મોટી તક ઉપલબ્ધ હોવાનું પૂરવાર થાય છે. શેરબજારમાં અસ્થિરતાને કારણે આઈપીઓ માર્કેટમાં ઠંડુ વલણ છે ત્યારે ફંડોની સક્રિયતા વધી છે અને એક પછી એક મોટા ફંડોના જેવા કે આઈપ્રૂ, મિરાઈ એસેટ એનએફઓ લાવ્યા હતા. આગામી મહિનાઓમાં અન્ય વધુ ફંડો એનએફઓ કરશે એમ સૂત્રોનું કહેવું હતું. દરમિયાન મહિન્દ્રા મ્યુચ્યુઅલ ફંડ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્સિયલ સર્વિસ લિ.ની પેટા કંપની છે. આ એનએફઓ ઈક્વિટી, ડેરિવેટિવ્ઝ અને ડેટ્ માર્કેટમાં રોકાણ કરતી આર્બિટ્રેજ યોજના ઓપન એન્ડેડ યોજના છે. આ યોજના એવા લોકો માટે છે નીચું જોખમ, વેરા લાભ અને બજારની અસ્થિરતાથી દૂર રહેવા માગતા હોય તેમના માટે છે.

News Track



કોસ્મો ફિલ્મ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૪૭ કરોડનો વેરા પછીનો નફો નોંધાવ્યો

પેકેજિંગ, લેબલિંગ, લેમિનેશન અને સિન્થેટિક પેપર માટેની ફિલ્મ્સ બનાવતી વૈશ્વિક સ્તરે અગ્રણી કંપની, કોસ્મો ફિલ્મ્સ લિમિટેડે જૂન ૨૦૨૦માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના તેના નાણાકીય પરિણામો આજે જાહેર કર્યા છે.

કંપનીએ સ્પેશ્યાલિટી વેચાણમાં થયેલો વધારો (૨૦%નો વધારો) અને ઓપરેટિંગ માર્જિન્સમાં થયેલા સુધારાના પગલે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ ક્વાર્ટર દરમિયાન રૂ. ૯૩ કરોડનું EBITDA નોંધાવ્યું છે. અગાઉના ક્વાર્ટરથી આગળ વધેલી માંગ અને તબક્કાવાર પૂરવઠો મળી રહેવાના કારણે માંગ અને પૂરવઠાની પરિસ્થિતિ અનુકૂળ બનવાના પગલે માર્જિન્સમાં સુધારો આવ્યો હતો.

આ ત્રિમાસિક ગાળા દરમિયાન કોવિડ-૧૯ની મહામારીની સાધારણ અસર પડી હતી. કંપની અપેક્ષા રાખે છે કે અનપેક્ષિત પરિસ્થિતિને બાદ કરતા કોવિડ-૧૯ની અસર પછીના ક્વાર્ટર્સમાં પણ અનુકૂળ રહી શકે છે.

કંપનીનું ચોખ્ખું દેવું હવે EBITDAના બેગણાથી નીચે આવી ગયું છે અને સ્પેશ્યાલિટી ફિલ્મ્સમાં કંપનીનો હિસ્સો વધુ મજબૂત બનાવવા માટે નવી ક્ષમતાઓમાં રોકાણનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે.

કંપની BOPP અને CPP સહિતની ફિલ્મ્સ પૂરી પાડે છે. કંપની આજે ભારતમાંથી BOPP ફિલ્મ્સની સૌથી મોટી નિકાસકાર છે અને વિશ્વની થર્મલ લેમિનેશન ફિલ્મ્સ બનાવતી વિશ્વની સૌથી મોટી ઉત્પાદક છે. ભારત, કોરિયા અને જાપાનમાં ઉત્પાદન એકમો સાથે તેના ગ્રાહકોની સંખ્યા ૧૦૦થી વધુ દેશોમાં ફેલાયેલી છે.

News Track


VIKAS ECOTECH LTD.

વિકાસ ઇકોટેક લિ. નું

USAમાં ઓર્ગેનોટિન પીવીસી સ્ટેબિલાઇઝર્સનું એક્સપોર્ટ પુરજોશમાં

BSE અને NSE લિસ્ટેડ વિકાસ ઈકોટેક દ્વારા તાજેતરમાં જાહેરાત કરાઈ છે કે હાલ COVID-19 મહામારી હોવા છતાંકંપનીએ તેની મુખ્ય પ્રોડક્ટઈકો ફ્રેન્ડલી 'ઓર્ગેનોટિન પીવીસી સ્ટેબિલાઈઝર્સ' નું યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા (વિશ્વના સૌથી મોટા ઓર્ગેનોટિન માર્કેટ) માં અવિરતપણે એક્સપોર્ટ ચાલુ રાખ્યું છે.

કંપનીએ યુએસએના સૌથી મોટા સ્પેશિયાલિટી કેમિકલ/ઓર્ગેનોટિન સ્ટેબિલાઈઝર ડિસ્ટ્રિબ્યુટર સાથે ટાઈ-અપ કર્યું છે, જેમાં દેશ-ભરમાં વેલ-એસ્ટાબ્લીશ્ડ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક છે. ઓંજી કંપનીએ ૨૦૨૦ માટે કંપની સાથેના તેમના અગાઉના એગ્રીમેન્ટ મુજબ તેના ઓર્ડર આપવાનું ચાલુ રાખ્યું છેઅને લોંગ-ટર્મ એસોશીએશન પર નજર છે.

ઓર્ગેનોટિન સ્ટેબિલાઈઝર એ USFDA દ્વારા માન્ય પ્રોડક્ટ છે અને આરોગ્ય માટેના હઝાર્ડસ લીડ-બેઝ્ PYC સ્ટેબિલાઈઝર્સના સબસ્ટીટ્યુટ તરીકે સૌથી વધુ માંગ છે. પીવાલાયક પાણીની પાઈપો અને ફિટિંગ માટે મોટાભાગના આંતરરાષ્ટ્રીય કાયદાઓ પ્રમાણે ઓર્ગેનોટિન્સની ભલામણ કરવામાં આવે છે અને ફૂડ કોન્ટેક્ટએપ્લીકેશન્સ માટે ગ્લોબલ સર્ટીફીકેટ અને મંજૂરીઓ મળી છે. USA એ એર્ગોટિન સ્ટેબિલાઈઝર્સનો વિશ્વનો સૌથી મોટો ગ્રાહક છે-૧૯૮૦ ના દાયકાના મધ્યમાં લીડ અને અન્ય હાનિકારક રાસાયણિક આધારિત પીવીસી સ્ટેબિલાઈઝર્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. FY૨૦૧૯-૨૦ દરમિયાન USAમાં કંપનીનુંએક્સપોર્ટ લગભગ ૧,૦૦૦ MTએટલે કે રૂ.૫૦૦ મિલિયન જેટલું થયું હતું.

ભારતમાં પણNGT (નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ) ના આદેશ બાદ પીવીસી પાઈપોમાં લીડ આધારિત સ્ટેબિલાઈઝર્સના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો અને તેનેસિસ્ટમેટીક ફેઝઆઉટકર્યા પછી ઓર્ગેનોટિન સ્ટેબિલાઈઝર્સની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. COVID-19 લોકડાઉન પછીબીઝનેસ ની શરૂઆતમાં તાજેતરમાં કંપનીHIL લિમિટેડ (CK બિરલા ગ્રુપ કંપની) પાસેથી ઓર્ડર મળ્યો છે. કંપની અપેક્ષા રાખે છે કે લોકડાઉન પછી ડોમેસ્ટિક સેલ્સ નોંધપાત્ર રીતે વધશે કારણ કે ગ્રાઉન્ડ લેવલે મોટાભાગની ઈન્વેન્ટરી નીચે જઈ રહી છે અને સપ્લાય પાઈપલાઈન તેને ભરવા માટે સખત દબાણ કરી રહી છે.

વિકાસ ઈકોટેક એ ભારતમાં એક માત્ર ઓર્ગેનોટિન ઉત્પાદક છે જેમાં ઈન હાઉસR&D ફેસીલીટીઝ છે અને તે વિશ્વભરના સિંગલ ડીજીટ મેન્યુફેકચરરમાંથી એક છે જેની પાસે ટીન મેટલ સ્ટેજથી ફાઈનલ પ્રોડક્ટ સુધીનામેન્યુફેક્ચરિંગ માટે ટેકનોલોજી અને એક્સપર્ટીઝ છે.

એગ્રીકલ્ચરથી માંડીને ઓટોમોટિવ્સ, કેબલ્સથી ઈલેક્ટ્રિકલ્સ સુધી, હાઈજીનથીહેલ્થકેર સુધી, પોલિમરથી પેકેજિંગ સુધી, ટેક્સટાઈલથી ફૂટવેર સુધી, ફઈન્નીપ્રોડક્ટ્સગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝ નીવિવિધ જરૂરિયાતોને પૂરી પાડે છે. આ ક્ષેત્રના નીષ્ણાતોના અભિપ્રાય મુજબ કંપનીનો હાલનો વિકાસ અને ઉદ્દેશ તરફ નજર કરતાં આ કંપનીમાં લાંબા ગાળા માટે રોકાણ કરવું હિતાવહ રહેશે.

News Track

વિકાસ મલ્ટીકોર્પ નો FMCG સેગમેન્ટમાં પ્રવેશ રૂ.૧૦૦ કરોડથી વધુના ઇન્વેસ્ટમેન્ટની યોજના



BSE અને NSE લિસ્ટેડ સ્પેશિયાલિટી કેમિકલ્સ ફર્મ વિકાસ મલ્ટિકોર્પ લિમિટેડે તાજેતરમાં જાહેરાત કરી હતી કે તે FMCGઇન્ડસ્ટ્રીના ફૂડ પ્રોટેક્શન એન્ડ પર્સનલ હાઇજીન સેગમેન્ટમાં પ્રવેશ કરશે જેમાં બે વર્ષમાં આશરે રૂ.૧૦૦ કરોડનું રોકાણ થશે.

વિકાસ મલ્ટિકોર્પએ રેગ્યુલેટરી ફાઇલિંગમાં જણાવ્યું હતું કે, કંપનીએ પોપ્યુલર અને વેલ એસ્ટાબ્લીશ્ડનેશનલ બ્રાન્ડ્સના ટ્રેડમાર્ક્સના પોર્ટફોલિયોના સંપાદન માટેના ડેફીનીટીવએગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે.

બ્રાન્ડ પોર્ટફોલિયોના સંપાદન સાથે, કંપની આ વસ્તુઓના ઉત્પાદન માટેના હાલના પેટન્ટને આઈડેંટીફાઈ અને એક્વાયર કરવાની પ્રોસેસ શરૂ કરી રહી છે. વચગાળા દરમિયાન થર્ડ પાર્ટી કોન્ટ્રાક્ટ મેન્યુફેક્ચરિંગ દ્વારા આ પ્રોડક્ટ્સના ઉત્પાદન માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ભારતમાં એલ્યુમિનિયમ ફોઈલ અને ટીશ્યુ પેપર પ્રોડક્ટ્સની માંગ ઝડપી ગતિએ વધી રહી છે અને હાલના માથાદીઠ વપરાશ ઓછો છે જે વધવા ધારણા છે. ભારતમાં હાલના એલ્યુમિનિયમ ફોઈલ માર્કેટનું કદ વાર્ષિક આશરે ૨૦૦,૦૦૦MT છે, આશરે રૂ.૭,૦૦૦ કરોડ છે. ભારતીય માર્કેટમાં આ બ્રાન્ડનો માર્કેટ શેર લગભગ ૬% છે.

ભારતમાં ટિશ્યુ પેપર માર્કેટ આશરે રૂ.૫,૦૦૦ કરોડ છે, જેમાંથી બ્રાન્ડેડ ટીશ્યુનું માર્કેટ આશરે રૂ.૨૦૦૦ કરોડ છે. બ્રાંડેડ ટીશ્યુની કેટેગરીમાં મિસ્ટીક બ્રાન્ડનો લગભગ ૧૦% હિસ્સો છે.

આ બ્રાન્ડ્સ ત્રણ દાયકાના સમયગાળા દરમિયાન વિકસિત થઈ છે અને સ્થાનિક બજારમાં સારુ નામ છે, ઉપરાંત તાજ ગ્રુપઓફહોટેલ્સ, મેરિડીયન, મૌર્ય શેરેટોન, ઓબેરોય, ઈન્ટર-કોન્ટીનેન્ટલ, હયાત, મેરીયોટ અને અન્ય મોટી હોટલો, એપોલો, એસ્કોર્ટ્સ, મેક્સ, ગંગારામ, વિમ્હંસ,ફોર્ટિસ, મૂળચંદ વગેરે જેવી બધી મોટી હોસ્પિટલો, એર ઇન્ડિયા, જેટ એરવેઝ જેવી એરલાઇન્સ., જેટ લાઇટ, એલાયન્સ એર વગેરે, કેન્ટિન સ્ટોર્સ ડીપાર્ટમેન્ટ (CSD), અને રેલ્વે એન્ડ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા જેવા પ્રતિષ્ઠિત ઇન્સ્ટીટ્યુશનલ ગ્રાહકોને સામાન વેચીને દેશભરમાં ૧૦ લાખથી વધુ રિટેલ કાઉન્ટર પર બજારમાં ખૂબ જ દશ્યમાન અને અગ્રણી હાજરીનો આનંદ માણી રહ્યા છે.

કંપની ફૂડ પ્રોટેક્શન માટેના સોલ્યુશન્સઆપવા અને વન સ્ટોપ શોપ પર ભારતીય હાઉસહોલ્ડની પેકેજિંગ પર્સનલ હાઈજીનની જરૂરિયાતોને પૂર્ણ કરવાની યોજના બનાવી રહી છે.

કંપની ગ્રોઇંગ ડિસ્પોઝેબલ ઇક્મ પર વધુ આગળ વધી રહી છે, જે ભારતીય વસ્તીને હાયજેનીક અને એસ્થેટીક સોલ્યુશન્સનો નિયમિત ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે, જે એક સમયે મોંઘા અને ખાસ પ્રસંગોમાંઉપયોગ માટે માનવામાં આવતા હતા, હવેતે વધતીજતીનોકરીયાત વસ્તી, શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાના પરિણામે કાર્યસ્થળ અને પર્સનલ હાઈજીન પ્રોડક્ટ્સ પર પેક્ડ હોમ કૂકડફૂડની આવશ્યકતાઓ.પણ વધારો થઈ રહ્યો છે.

કંપનીએ વધુમાં જણાવ્યું કે, "બદલાતી જીવનશૈલી સાથે શહેરીકરણ અને ફૂડ પેકેજીંગની વધતી જતી જરૂરિયાત અનેવધતી જતી માંગને ટકાવી રાખવા માટેના મુખ્ય પરિબળો હશે. ગ્રાહક વર્તણૂકમાં COVID-19 પછીના કેટલાક પરિવર્તનની અપેક્ષા છે જે આગતિને આગળ વધારશે".આ ક્ષેત્રના નીષ્ણાતોના અભિપ્રાય મુજબ કંપનીનો હાલનો વિકાસ અને ઉદ્દેશ તરફ નજર કરતાં આ કંપનીમાં લાંબા ગાળા માટે રોકાણ કરવું હિતાવહ રહેશે.

News Track



રતન ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (RTNIFRA) બોર્ડ નવા બિઝનેસ એવન્યુઝની એક્સ્પ્લોર કરવાનું વિચારી રહી છે

BSE અને NSE લીસ્ટેડ રતનઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (RTNIFRA) ની જે પાવર જનરેશન અને ફાઈનાન્સમાં રસ ધરાવતા બીઝનેસકન્ગ્લોમોરેટ રતનઈન્ડિયા ગ્રુપનો ભાગ છે, અને તેમની કમિટીએ નહીવત ડેબ્ટ ધરાવતા સનરાઈઝ બીઝનેસ સેક્ટર્સ એજવા નવાબીઝ્નેસ એવન્યુદાખલ અને એક્સ્પ્લોર કરવાની ભલામણ સંબંધિત એક્સચેંજને નોટિફાય કર્યું છે. અને તેઓએ ન્યુ એજ ટેકનોલોજીસમાં બીઝનેસ ઓપર્ચ્યુનીટીઝનું અન્વેષણ કરવાની ભલામણ પણ કરી છે જેમાં Fin-Techsનો પણસમાવેશ થાય છે.

ફાઈનાન્શિયલ ટેકનોલોજી (Fintech) એ એક નવી ટેકનોલોજી છે જે ડિલિવરી અને ફાઈનાન્શિયલ સર્વિસીસનો ઉપયોગ સુધારવા અને ઓટોમેટ કરવા માગે છે. ઊંડાણમાં, ફ્રીન્ટેકનો ઉપયોગ કંપનીઓ, બીઝનેસ ઓનર્સ અને ગ્રાહકોને તેમના ફાઈનાન્શિયલ ઓપરેશન્સ, પ્રોસેસીસ અને જીવનને વધુ સારી રીતે સંચાલિત કરવા માટેસ્પેશ્યલાઇઝસોફ્ટવેર અને એલ્ગોરિધમ્સનો ઉપયોગ કરીને કરવામાં આવે છે જેનો ઉપયોગ કમ્પ્યુટર અને ખાસ કરીને સ્માર્ટફોન માં થાય છે. Fintech શબ્દ "Financial technology" નું સંયોજન છે.

આઈટી અને ડેટા મેનેજમેન્ટ સર્વિસિસમાં કંપનીની વૃદ્ધિ સાથે, આવક અને નફામાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે.

કંપની ક્રાઉડફંડિંગ પ્લેટફોર્મ્સ ની Fintech ઓપર્ચ્યુનીટીઝમાં જોડાવા વિચારી રહી છે, આ પ્લેટફોર્મ એન્ટરપ્રેન્યોર અને અર્લી-સ્ટેજ બીઝનેસને વિશ્વભરમાંથી ફંડમેળવવા અને આંતરરાષ્ટ્રીય માર્કેટ્સ અને ઈન્વેસ્ટર્સ, મોબાઈલ પેમેન્ટ્સ, મોબાઈલ પેમેન્ટ એપ્લિકેશન અને ગેટવે, ઓનલાઇન ઈન્વેસ્ટમેન્ટસર્વિસીસ પ્રદાન કરતી રોબો-એડવાઇઝરી સુધી પહોચે છે. ઈન્શ્યોરન્સ મોડેલની ટેકનોલોજીધરાવતીઈન્શ્યોરટેકજે કંપનીઓને અનુરૂપ ઈન્શ્યોરન્સ સર્વિસીસ અને ડેટા સીક્યોરીટીઆપવાનીમંજૂરી આપે છે. ઈન્શ્યોરટેક વીમા પ્રોસેસને ઓનલાઈન ક્લેઈમ ફાઈલિંગ અને પોલિસી મેનેજમેન્ટ દ્વારા સુવ્યવસ્થિત કરવામાં મદદ કરે છે.

આ ક્ષેત્રના નીષ્ણાતોના અભિપ્રાય મુજબ કંપનીનો હાલનો વિકાસ અને ઉદ્દેશ તરફ નજર કરતાં આ કંપનીમાં લાંબા ગાળા માટે રોકાણ કરવું હિતાવહ રહેશે.

REVIEW OF "SMART PLUS NEWS LETTER"

Amazing 44% RETURN
SMART GAIN FOR SMART INVESTORS

Company	Reccom. 17-8-2020	Weekly High	Ch. (%)
Amber Enterprise	1736	1840	5.99
Blue Star	541.15	557	2.93
Titan	1102	1148	4.17
Voltas	615	669	8.78
Tech Mahindra	697	726	4.16
Amaraja Batt.	742	766	3.23
Bajaj Finance	3331	3419	2.64
Siemens	1211	1242	2.56
Britannia	3801	3912	2.92
Asian Paints	1801	1885	4.66
Polycab	874	907	3.78
Ramco Cement	702	718	2.28
Godrej Consumer	685	710	3.65
D-Mart	2207	2286	3.58
GM Breweries	410	427	4.15
Teamleas	2115	2232	5.53
Bajaj Ele.	457	484	5.91
Motherson Sumi	119	127	6.72
Cummins India	448	461	2.9
Exide Ind.	163	169	3.68
Coal India	130	138	6.15
JSW Steel	265	282	6.42
Mishra Dhatu	209	213	1.91
M&M Fin.	133	137	3.01
Kalpataru Power	241	270	12.03
KEC Intl.	307	314	2.28
Shakthi Pump	177	190	7.34

Company	Reccom. 17-8-2020	Weekly High	Ch. (%)
Glenmark Pharma	475	490	3.16
SBI	196	201	2.55
NMDC	93	97	4.3
ACC	1384	1432	3.47
Dishman Carbogen	183	194	6.01
Canara Bank	101	105	3.96
Novartis	652	666	2.15
Man Industries	61.4	65	5.86
First Source	52.3	56	7.07
Meghmani Org.	69	78	13.04
IDFC First Bank	30.3	31	2.31
Vivimed	16	20	25
Usha Martin	22	25	13.64
Shangar Decor	61	88	44.26
Roto PUmp	94	119	26.6
ACE	61	72	18.03
Vinyl Chem.	93	108	16.13
Apollo Tyres	129.95	131	0.81
Arvind Fashion	132	146	10.61
Tata Motors	126	131	3.97
Aditya Birla Fashion	130	142	9.23
Quick Heal	126	131	3.97
Water Base	109	111	1.83
Redington	109	128	17.43
Jubilant Ind.	163	178	9.2
Advanced Enzyme	216	238	10.19
Lincoln Pharma	214	237	10.75

SMART INVESTMENT

Editor : Dilip K. Shah

ARCHI PUBLICATIONS

311 to 313, Nalanda Enclave, Pritamnagar 1st Dhal, Ellisbridge, Ahmedabad-6. GUJARAT, INDIA

Phone : 079 - 2657 66 39, Fax : 079 - 2657 99 96 • Mob. : 0982500 6980

E-mail :
smartinvest25@yahoo.in / smartinvest25@gmail.com / info@smartinvestment.in

web : www.smartinvestment.in

સ્માર્ટ ઈન્વેસ્ટમેન્ટ

Subscription Chart

D(en)O(f)W(ealth) / Dow Scheme

		1 Year	2 Years	3 Years
1.	Den Of Wealth	5000	10000	15000

E-mail Edition (Soft Copy) (Every Sunday Morning)

	Smart Investment Weekly	1 Year	2 Years	3 Years
1.	Gujarati Edition	1800	3200	4500
2.	English Edition	1100	1850	2650

E-mail Edition (Soft Copy) of Smart Plus News Letter (Every Sunday Night) * For Private Circulation only

		1 Year	2 Years	3 Years
1.	Smart Plus	1400	2500	3300

Combined Package for Weekly & News Letter

Guj. & English Weekly E-Copy (Every Sunday Morning)
With Smart Plus News Letter (Every Sunday Night)

		1 Year	2 Years	3 Years
1.	Gujarati + Smart Plus	2700	5000	7400
2.	English + Smart Plus	2100	3900	5400

Contact : 079-26576639 (M) 9825006980
smartinvest25@gmail.com , smartinvest25@yaoo.in

: : : Bank Details : : :

HDFC Bank : Current A/c No. : 00062560008858
Beneficiary Name : Archi Publications
RTGS / NEFT IFSC : HDFC0000006
Navrangpura Branch, Ahmedabad-380009.

-: Warning :-

Your soft Copy (E-mail Edition)
is for your exclusive use only.
Any attempt to share your copy
or
forwarding your copy
to a non-subscriber
will disqualify your membership
&
We will be compelled to stop
your supply
and
forfeit your subscription
thereafter without
any
refund to you.